શત્રુંજય તીર્થદર્શન

: પ્રયોજક :

ફુલચંદ હરિચંદ દોશી

'મહુવાકર'

નિયામક : શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ

પાલીતાણા

વીર સંવત	સંવત	ઈ. સ.
૨૪૭૭	૨૦૦૭	૧૯૫૧
આવૃત્તિ પાંચમી	સર્વહક્ક સ્વાધીન	૨૦૦૦ નકલ

: પ્રકાશક :

ચંદ્રકાન્ત ફુલચંદ દોશી

પાલીતાણા

મૂલ્ય ૧-૧૨-૦

પ્રીતમ પ્રીન્ટરી—ભાવનગર

શત્રુંજય તીર્થદર્શન

: પ્રયોજક :

કુલચંદ હરિચંદ દોશી

'મહુવાકર'

નિયામક : શ્રી યશોવિજયજી જૈન ગુરુકુલ

પાલીતાણા

વીર સંવત	વિક્રમ સંવત	ઈ. સ.
૨૪૭૭	૨૦૦૭	૧૯૫૧
આવૃત્તિ પાંચમી	સર્વહક્ક સ્વાધીન	૨૦૦૦ નકલ

: પ્રકાશક :

ચંદ્રકાન્ત કુલચંદ દોશી

પાલીતાણા

મૂલ્ય ૧-૧૨-૦

ગૌતમ પ્રીન્ટરી—ભાવનગર

"આપણાં તીર્થધામોમાં ઉપાસકોએ કુદરતની આકર્ષકતામાં કલાની મનોહરતા ઉમેરી છે, પણ તીર્થનું તીર્થત્વ–પુણ્યત્વ મુનિવાસમાં–આત્મજ્ઞાનીના વાસમાં અને તે યાત્રાળુને આ આકર્ષકતા અને મનોહરતામાં આત્મજ્ઞાનીનો માનસિક સહવાસ આપે છે. તેમાં તેની વિશેષતા છે, તેમાં તેની કૃતાર્થતા છે.

ભારતીય સંસ્કૃતિનાં તીર્થો આ પ્રેરણાથી ઉદ્ભવ્યાં છે અને સ્થાન પામ્યાં છે.

શત્રુંજય જૈનોનું ગરવું તીર્થ છે. પંચમહાતીર્થમાંનું એક અને સૌથી પ્રાચીન નહિ તો પણ યાત્રીઓમાં વધારે લોકપ્રિય. આ પંચમ કાળમાં પણ એ તીર્થ યાત્રાળુને એક જુદી અને આહ્લાદક દુનિયામાં મૂકી દે છે. શિખર ઉપરનાં મંદિરો અને મૂર્તિઓના વનમાં મનોહર ગુલાબ અને મોગરાની ભરચક સુવાસમાં ભમતા ઇંદ્રિયો અંજાઈ જાય છે. જાણે કોઈ નવા લોકમાં આવી ગયા હોઈએ એવો ચમત્કાર કરે છે. આજે પણ શત્રુંજય જૈનોનું ચમત્કારી તીર્થ છે.

(આમુખમાંથી) રસિકલાલ છોટાભાઈ પરીખ

અદ્ભુત કલાદર્શન

તીર્થાધિરાજ શત્રુંજય

કોટિ કોટિ વંદન

ગરવા ગિરિવર ! તારી શીતળ છાંયડીમાં કરોડો આ માઓને ચિરંતન શાંતિ મળે છે

તારા મઘમઘતા પવિત્ર વાતાવરણ અને પવિત્ર રજકણો જીવા મુગ્ધ કરે છે !

ગિરિરાજ ! તુ જગતના માનવીઓને દૂર–સુદૂર પ્રદેશોમાંથી આકર્ષી રહ્યો છે દેવો ને દેવગનાઓ તારા દર્શન માટે તલસે છે

ગિરિવિહાર ! તુ સૌ જીવાત્માને પવિત્રતા શુદ્ધતા, શાંતિ ને આત્મપ્રકાશના દર્શન ભગવી જીવનનુ દર્શન કરાવે છે.

તીર્થાધિરાજ ! તુ ભવ્યતા મહત્તા, સયમ, તપશ્ચર્યા ને આત્મદર્શનના સદેશ આપી રહ્યા છે.

તારા ભવ્ય મનોહર ગિરિશિખરો, ગિરિકદરાઓ, અનુપમ મતિઓ સૌને તેજસ્વી, પ્રદીપ્ત અને સુશીલ બનાવે છે

તારે કાકરે કાંકરે, પગલે પગલે, વિસામે વિસામે, કુડે કુડે, મદિર મદિરે, મૂર્તિએ મૂર્તિએ, ટૂકે ટૂકે તપશ્ચર્યા, તેજસ્વિતા, આત્મસમર્પણ, આત્મજ્યોતિ, ને આત્મશાંતિના કિરણો પ્રકાશે છે

આધ્યાત્મિકતાના ભડાર ગિરિરાજ ! તારે ચરણે તન, મન ધન, નાણું, ચાદી, હીરા, મોતી, માણેક અને રત્નો સમર્પણ થયા છે

પુત્ર, પુત્રી, માતા, પિતા, પતિ–પત્ની, કુટુંબીજનો, આત્મ ત્નો કરતા ગિરિરાજની ભક્તિ મહામૂલી છે

ધન્ય એ ભક્તિ ધન્ય એ શ્રદ્ધા, ધન્ય એ ભાવના, ધન્ય એ ધર્મપ્રેમ, ધન્ય એ સમર્પણ

કોટિ કોટિ વદન.

" મહુવાકર "

અનુક્રમ

ચિત્ર સૂચિ



બરછટ અને બટકણા

અમો દરેક જાતના ઔષધો બનાવીએ છીએ, છતાં અસંખ્યાબંધ કંપનીઓનાં હેર ઓઈલ મંગાવી અનુભવ કર્યો; પણ મારી નાની ઉમરમાંથી જ ખરી પડતા વાળને ફાયદો થયો જ નહિ તે તો બરછટ, બટકણા અને સફેદ થવા લાગ્યા. પરંતુ એક દિવસ અમારી ઓફીસોમાં આવતા કેટલાક પેપરોમાં રામતીર્થ યોગાશ્રમ, દાદર (જી. આઇ પી), મુંબઈ–૧૪ના રામતીર્થ બ્રાહ્મી તેલ (સ્પેશીયલ નં. ૧) રજીસ્ટર્ડ, મેડીકેટેડ માટેના લોકોના અભિપ્રાય મારા વાંચવામાં આવ્યા અને તેથી તેનો અનુભવ કરવા મારૂં મન લલચાયું.

મેં એક મોટી બાટલી ખરીદી. તેનાથી મગજને ઠંડક મળી વાળ ખરતા અટકી ગયા. વાળ સુંવાળા અને કાળા થયા, આ ચમત્કાર જોઇ મને આનંદ થયો અને રામતીર્થ બ્રાહ્મી તેલ (સ્પેશીયલ નં. ૧) ઉપર સંપૂર્ણ વિશ્વાસ આવી ગયો.

અમે ખુદ હેર ઓઇલ બનાવનાર હોવા છતાં બીજાની પ્રશંસા કરીએ છીએ. તેના ગુણોની પ્રશંસા ખરેખર સત્ય છે. રામતીર્થ બ્રાહ્મી તેલ (સ્પેશીયલ નં. ૧) સામે કોઇ પણ તેલ ટકી શકે તેમ નથી.

વેપારી બંધુઓને ભલામણ છે કે તેઓ રામતીર્થ બ્રાહ્મી તેલ (સ્પેશીયલ નં. ૧) વાપરે, વેચે તથા બીજાને વાપરવા આગ્રહ કરે. કોઇ વખતે મુંબઈ તરફ જઇશ ત્યારે તેમના કારખાનાની મુલાકાત લેવાની મારી ઘણી જ ઇચ્છા છે.

આવું ફાયદાકારક બ્રાહ્મી તેલ આટલી જુજ કિંમતે પ્રજાને પુરૂં પાડવા બદલ યોગાશ્રમના સંચાલકને ધન્યવાદ ઘટે છે.

(સહી) કાન્તીલાલ આશાભાઇ અમીન
આશાભાઈ એન્ડ સન્સના પ્રોપ્રાયટર તથા
વસુંધા સુગંધી સ્ટોરના ભાગીદાર.
Coty · (૮5) ભીલવાડા (રાજસ્થાન)

શત્રુંજય તીર્થદર્શન

પ્રાણપ્રેરક તીર્થભાવના

પ્રાતઃસ્મરણીય, પરમપૂજ્ય, ત્યાગી, તપસ્વી પુરૂષોના જન્મસ્થાનો, ક્રીડાસ્થાનો, તપશ્ચર્યાની ભૂમિઓ, સાધનાધામો, વિહારસ્થાનો, જ્ઞાનદર્શન ભૂમિકાઓ તેમજ નિર્વાણસ્થાનો ભક્તોને તીર્થરૂપ મનાય છે.

આવા પરમપવિત્ર પ્રદેશોમાં પ્રત્યેક યાત્રિકના આત્મામાં પ્રકાશ પ્રગટે છે, જીવનની ઉચ્ચ ભૂમિકા પ્રાપ્ત થાય છે, આત્મદર્શનની ઝાંખી થાય છે અને પૂર્વ–પુરુષોના જીવનદ્રશ્યો કોઈ તીર્થસલિલમાં સ્નાન કરતાં હોઈએ તેમ ખડા થાય છે. આત્મા તેજસ્વી અને પ્રફુલ્લિત બને છે.

જૈનતીર્થો સૃષ્ટિસૌંદર્ય અને શિલ્પકળાના ભંડાર તો છે જ પણ આત્માને ઉન્નત અને નિર્મળ બનાવવા શાંતિના ધામો અને આત્મકલ્યાણના જીવંત સ્મારકો છે

જૈનતીર્થોના ચરણમા નરેન્દ્રો, મહાઅમાત્યો, શ્રેષ્ઠીઓ અને પ્રજાજનોએ પોતાનુ સર્વસ્વ અર્પણ કર્યું છે સમગ્ર જૈનસઘની સપત્તિ અને ભક્તિ આ તીર્થોની શ્રદ્ધા પાછળ આપોઆપ રેલાયા છે

તીર્થધામોએ જૈનસઘને સગઠિત રાખ્યો છે જૈનસમાજ, જૈનધર્મ, જૈનસંસ્કૃતિ અને જૈનશાસ્ત્રને ટકાવી રાખવામા જૈનતીર્થોનો ફાળો સવિશેષ છે

દાચ નગરોનો નાશ થાય, નદીઓ ને સરોવરો સૂકાઈ જાય, લક્ષ્મી ચાલી જાય પણ જો તીર્થધામો બચી જાય તો ધર્મ અને ધર્મી બન્નેનો ઉદ્ધાર થઇ શકે

જૈનસઘની ઐક્યતા અને જૈનસઘનુ સગઠન જૈન તીર્થોને જ આભારી છે

તીર્થને વાચા નથી હોતી પણ એ તીર્થધામો ખડા ખડા મૌનદ્વારા હજારો ઉપદેશો જેવી જ પ્રાણપ્રેરક પ્રેરણા આપે છે જગતની જીવનકથા અને આત્માની અમરકથા એ તીર્થો સંભળાવે છે. એક એક તીર્થ જૈનસમાજની પ્રાચીન જાહો જલાલી, ભવ્ય ભૂતકાળ, જ્વલત ઇતિહાસ, મૂર્તિમત કળા અને અનુપમ ગૌરવગાથાના મહાન ગ્રથ છે.

સઘની પ્રણાલીએ તીર્થભક્તિના મૂળમા અમીના સિંચન કર્યા છે સાધુ–સાધ્વી, શ્રીમત ગરીબ, સૌને તીર્થયાત્રાનો મહાન લાભ આપવાની ઉદાર ભાવના જૈનસમાજમા ઉત્તમ ગણાય છે

અધ્યયાત્રાનો ઉદ્દેશ પુરાતન તીર્થભૂમિની સ્પર્શના, વિસ્મૃત તીર્થભૂમિની શોધ, જીર્ણ તીર્થભૂમિનો પુનરુદ્ધાર, યાત્રિકો, કુટુંબીજનો, નગરવાસીઓ કે સ્વામી ભાઈબહેનોની સેવા, તપશ્ચર્યા, સાધુસાધ્વીનો સંપર્ક, ગ્રામાનુગ્રામનો વિહાર અને દેશની પરિસ્થિતિનું જ્ઞાન, લોકસેવાના કાર્યો અને આત્મશુદ્ધિ, આત્મશાંતિ અને આત્મદર્શન એ આજે તો ભૂલાતો જાય છે.

તીર્થયાત્રા પ્રત્યેક માનવીને પ્રાણપ્રેરક બને તો જન્મ જન્માંતરના ફેરા ટળે જ ટળે.

તીર્થસંદેશ—

કવિ 'રેલે' તીર્થમહિમાનો રહસ્યપૂર્ણ સંદેશ આપે છે–

મને મારી શાન્તિરૂપી તર્પણી આપો,
પ્રવાસ કાજે શ્રદ્ધાનો દંડ આપો,
આનંદની ઝોળી આપો, અમરતાનું ભાથું આપો
સ્વતંત્રતાનું તુંબીપાત્ર આપો,
પ્રભાની કફની અને આશાની અમર વેલ આપો,
આમ હું મારી યાત્રાએ વિચરીશ,
જ્યાં અમૃતના ફુવારા ઊડે છે એવો
રૂપેરી પહાડો ઉપર પરમ સુખની પ્યાલીને ચુમીશ,
દૂધ જેવી ડુંગરીઓ પર શાશ્વત તૃપ્તિનું પાન કરીશ,
મારા આત્માને તો કયારનીએ પ્યાસ લાગી છે,
પણ પછી તે કદી તૃષાતુર નહિ રહે.

'રેલે'

સંઘયાત્રાઓ—

આજથી સો વર્ષ પહેલા આજના જેટલી વાહનની વિપુલતા નહોતી, રેલગાડી, મોટર અને એરોપ્લેનના જમાનાની કલ્પના પણ તે વખતે નહોતી દેશાવર જવાનું એક માત્ર સાધન વહાણો હતા અને વહાણોદ્વારા વેપારો ખેડાતા હતા તીર્થયાત્રાનો મહિમા તો હતો જ એટલું જ નહિ પણ, તીર્થયાત્રા એ જીવનનો એક મંગળમય પ્રસંગ મનાતો તીર્થયાત્રાથી જીવનની સાર્થકતા મનાતી એકલા કે કુટુંબ સહિત પણ દૂર દૂરના પ્રદેશોમા આવવું દુષ્કર હતું રસ્તા પણ ભયજનક હતા પૂર્વાચાર્યોએ તીર્થયાત્રા માટે સંઘની ઉત્તમ પ્રણાલી પ્રરૂપી અને દૂર દૂરના દેશોથી પગે ચાલીને છ'રી પાળતો સંઘ, હજારો યાત્રિકોને અનેક જાતની ખાવા પીવા, સૂવા, બેસવાની તેમજ ધર્મક્રિયા કરવા વગેરેની બધી અનુકૂળતા આપનો નીકળતો અને તેવો સંઘ કાઢી આવનારને તીર્થમાળ પહેરાવી સંઘવીનું બિરૂદ અપાતું.

એ સંઘોથી અનેક લાભો પણ થતા હજારો સાધારણ સ્થિતિના ભાઈ બહેનો આર્થિક દૃષ્ટિએ યાત્રા ન કરી શકનારને યાત્રાનો લાભ મળતો એકલા ન નીકળી શકનારને મોટા સમૂહનો સંગાથ રહેતો, સંઘવીને હજારો પોતાના સ્વામી ભાઈઓની ભક્તિનો લાભ મળતો રસ્તાના અનેક ગામોનો પરિચય થતો. ગામે ગામના મંદિરોની યાત્રા થતી ગામે ગામના લોકોની પરિસ્થિતિનો અભ્યાસ થતો રસ્તામા અનેક વાવ, કૂવા, તળાવ, મંદિર, ઉતારા, ઉપાશ્રય, ધર્મશાળા,

ગૌશાળા, પાઠશાળા વગેરે 'જરૂરી ધર્મસ્થાનોની યોજના થતી. સાથેના મુનિરાજોના ઉપદેશનો સતત લાભ મળતો. ખુલ્લી હવા, પગપાળા પ્રવાસ, ગામે ગામના હવા પાણીનો લાભ, સમૂહ જીવનનો આનંદ, નિવૃત્તિવિનોદ અને જીવનમા શાંતિ તથા સંયમ વગેરેનો લાભ આ સંઘવ્યવસ્થાથી જે રીતે મળતો તે આજે આપણે વર્ષમાં દસ વીસ યાત્રા કરવાથી પણ નથી મેળવી શકતા.

આવા સંઘોની પ્રણાલિકા જૈન સમાજમાં વિશિષ્ટ પ્રકારની અને સર્વોત્તમ છે આવા સંઘો હજારો હજારો યાત્રિક ભાઈઓ અને બહેનો, ગુરુમહારાજો, દેવસ્થાનો, વ્યવસ્થાપકો, ગાડી અને ઘોડાઓ, વાહનો અને રથો વગેરેથી શોભતા, ગામે ગામના દર્શન કરતા અને ધર્મનો ઉદ્યોત કરતા વારંવાર નીકળતા અને આજે પણ નીકળે છે.

મહાન મંત્રીશ્વર વસ્તુપાળ અને વીર સેનાપતિ તેજપાળ, જાવડશા, કરમાશા, બાહડ મંત્રી, પેથડશા અને તેમના પુત્ર ઝાંઝણશા આદિના સંઘો ઇતિહાસપ્રસિદ્ધ છે.

એ સંઘો જૈન સમાજની એક વિશિષ્ટતા છે. તીર્થસલિલનો સાચો લાભ તો એવા સંઘોથી જ મળે છે. આજે આપણે પ્રવૃત્તિમય બની ગયા. ઘડીની નવરાશ રહેતી નથી પૈદાશ તો હોય તે ખરી પણ આપણે તીર્થયાત્રાનો મૂળમંત્ર આત્મશુદ્ધિ, આત્મશાંતિ ન ભૂલીએ તો જીવન ધન્ય બની રહે

★



શત્રુંજયગિરિની સંસિદ્ધિ

સૂર્યસમ કાંતિવાન, ત્રિલોકના નાથ, પૃથ્વીને પાવન કરતા, ભવ્યજીવોરૂપ કમળોને વિકસિત કરતા શ્રી ઋષભદેવ ભગવાન શત્રુંજય ઉપર અનેક વાર પધાર્યા છે. શત્રુંજયની વનશ્રી સોળે કળાએ પ્રફુલ્લ અને પ્રચૂર ખીલેલી રહેતી. કલ્પવૃક્ષ, પારિજાત. સંતનક, હરિચંદન, લવિંગ, ચારોળી, આમ્રવૃક્ષ, આંબેલી અને અશોકવૃક્ષના લીલમ લીલાં ઝુંડવડે પર્વતોનો રાજા શત્રુંજય મનોહર અને અનુપમ સૌંદર્યરાશિ શોભતો હતો. શત્રુંજયની ગિરિમાળાઓ નાળીએરી, નાગરવેલ, કેળ, સલ્લકી, સોપારી અને શાળનાં વૃક્ષોથી હરીભરી દેખાતી હતી. શિખરોના સુવર્ણ કળશોના ઝગમગાટ મનોરંજક હતા, મંદિરોના નગરસમા ગિરિરાજની શોભા અંતરિક્ષને ચિત્રવિચિત્ર રંગોથી ભરી દેતી હતી. ઝરણાંઓ, સરિતાઓ, કુંડો, સરોવરો અને વાપીઓ સમૃદ્ધિના સ્વચ્છ નિર્મળ જળથી ગિરિરાજ અપૂર્વ આહ્‌લાદજનક દેખાતો હતો. જળાશયોના વિકસિત કમળોના હાસ્યથી સ્વર્ગની શોભાને એ પર્વતરાજ હસી

રહ્યો હતો. કિન્નર-કિન્નરીના યુગલો કલ્પવૃક્ષની મીઠી મધુરી છાયામાં આદીશ્વર ભગવાનના દર્શન કરી જન્મજન્માંતરને સફળ કરતા હતા.

દર્શનમાત્રથી જગતના તમામ જીવોને પવિત્ર કરનાર, સ્પર્શમાત્રથી પાપ-પુંજને બાળી દેનાર, પૂજન અર્ચનથી કર્મનાં દળો વિદારનાર, સ્તવનગાનથી આત્મશુદ્ધિ અર્પનાર અને તપશ્ચર્યા તેમજ ઉચ્ચ ભાવનાથી મોક્ષના ચિરંતન સુખો આપનાર એ ગિરિવર દિવ્ય અંજનરૂપ છે.

ગાંધર્વો, સિદ્ધિધરો, વિદ્યાધરો, દેવો, કિન્નરો, દાનવો, મનુષ્યો, પશુઓ અને પક્ષી વગેરે જીવાત્માઓ મોક્ષસુખની અભિલાષાથી શત્રુંજયનું સેવન કરે છે

સૌરાષ્ટ્રની પુણ્યભૂમિ, તીર્થભૂમિ, ધર્મભૂમિમાં સમુદ્રના રત્નોથી દેદીપ્યમાન, વૃક્ષરાજીથી સમૃદ્ધ, દિવ્ય ઔષધિઓથી ભરપૂર, દેવો અને કિન્નરોથી નિત્ય નિત્ય પૂજાતો અને મંદિરોના નગરથી દેદીપ્યમાન શ્રી શત્રુંજય જગતના તીર્થોમાં મહાન પ્રભાવક અને ચમત્કારથી યુક્ત પાદલિપ્તપુર નગરમાં આકાશના લાખ લાખ તારકોમાં ચંદ્ર શોભી રહે તેમ શોભી રહ્યો છે. તે ગિરિવરનું માહાત્મ્ય અપૂર્વ છે. પુણ્ય-પુંજનું તે ધામ છે. ભાવનાશાળી ભવી જીવ ક્ષણમાત્રમાં મોક્ષસુખ પ્રાપ્ત કરી શકે છે.

શત્રુંજયના દક્ષિણ ભાગમાં શત્રુંજયા નામની પવિત્ર નદી છે તે માહાત્મ્યવાળા જળથી ભરપૂર છે, તેનું પાણી તીર્થ-સલિલ હોવાથી સર્વ રોગોને હરનારું, સુગંધીદાર, ચમત્કારી,

દિવ્યાજન જેવું અમૃત તુલ્ય છે. ગંગા–જમના અને સિંધુ નદીના દેવતાઈ જળથી પણ વિશેષ ફળદાયી છે તે પવિત્ર જળમાં સ્નાન કરવાથી સઘળા પાપોનો નાશ થાય છે શત્રુંજયામાં કમળના પુષ્પો હોવાથી શત્રુંજયા તીર્થના મસ્તકની મનોહર વેણી હોય તેમ દેખાય છે ગંગાની જેમ પૂર્વ દિશામાં વહન થનારી છે અત્યંત પુણ્યની પૃથ્વીરૂપ, નાના પ્રકારના પગને લીધે માહાત્મ્યવાળી તથા કુતુહલ પ્રકટાવનારી છે શત્રુંજયા, જાન્હવી, પુંડરિકિણી, પાપકષા, તીર્થભૂમિ તથા હંસી એવા વિવિધ નામોથી તે પ્રસિદ્ધ છે. ગિરિરાજ શત્રુંજયની આસપાસ એક વખત શત્રુંજી, તાલધ્વજી, ઐન્દ્રી, નાગેન્દ્રી, કપર્દિકા (કેરી), યમલા, યક્ષાંકા, બ્રાહ્મી, માહેશ્વરી, ભદ્રા (ભાદર) અને સાભ્રમતી, શગલા, ચરતાયા તથા જયતિકા એ ચૌદ મોટી નદીઓ નિર્મળ જળ તરંગો ઉછાળતી વહી રહી હતી

સમુદ્રના તરંગો શત્રુંજય ગિરિરાજના ચરણો પખાળતા હતા.

શત્રુંજયાનું જળ તેજ તથા યશને પ્રાપ્ત કરાવનાર છે. તે જળના માહાત્મ્યથી ભૂત, પ્રેત તથા વાતપિત્તનો રોગ આદિ ટળે છે તે જળની ખૂબી એ છે કે તે જળમાં જંતુ ઉત્પન્ન થતા નથી

એટલે આ શત્રુંજય તીર્થ કામક્રોધાદિક અંતરંગ શત્રુઓનો નાશ કરનાર, સર્વ પાપ હણનાર અને મુક્તિનું રમણગૃહ છે તે કામકુંભ સરખા સર્વ કલ્યાણનું કારણ અને મોક્ષસુખનો દાતા છે


જ્યારે ચોવીશ તીર્થંકરો મોક્ષે જશે, અને ધર્મનો હ્રાસ થતો દેખાશે ત્યારે આ શત્રુંજય તીર્થ સર્વ જીવોના કલ્યાણને કરનારૂં થશે

જેઓ આ તીર્થનું દર્શન, સ્પર્શન, ચિંતન, કીર્તન, મનન અને ધ્યાન કરશે, તેઓ થોડાજ સમયમા કર્મદળોને વિદારી અજરામર થવારૂપ પુણ્યને ઉપાર્જન કરશે.

શત્રુંજય તીર્થમાં અનેક તીર્થંકરો પધારેલા છે એથી એ તીર્થ મહિમાવાન અને પવિત્ર છે. શત્રુંજયના તીર્થમાં અનેક તીર્થંકરો સિદ્ધિને પામ્યા છે, તેમ અસંખ્ય મુનિવરો પણ સિદ્ધિ પામ્યા છે, તેથી તે તીર્થ સિદ્ધભૂમિ ગણાય છે.

ભવ્ય જીવો ! તમારા હાથમાં ચિંતામણી રત્ન આવ્યું છે તો પછી દીનતા શા માટે? સૂર્યનો ઉદય થવાથી અંધકારનો ભય જ શાનો? મેઘની વૃષ્ટિમાં દાવાનળથી વન કેમ બળી શકે? અગ્નિ સમિપ હોય તો શીતનો ભય શા માટે? કેસરીસિંહ હોય ત્યાં હરિણથી ડરવાનું શાનું? ગરુડનું અવલંબન કરનારને સર્પ શું કરી શકે? આગણામાં કલ્પવૃક્ષ પછી કમીના શાની? તેમ તીર્થાધિરાજ શત્રુંજય સમીપ હોય તો દુઃખ, દર્દ, દારિદ્ર, દુર્ગતિ, શોક, રોગ અને પાપ આવે જ કેમ?





ગિરિનગરનું ભવ્ય દર્શન.

પર્વત ઉપર જતા બે ભાગ દેખાય છે બન્ને ૩૮૦ ગજ લાબા છે અને સર્વત્ર મંદિરમય દેખાય છે મંદિરોના જુદા સમૂહને ટૂંક કહે છે દરેક ટૂંકમા એક મુખ્ય અને બીજા અનેક નાના નાના મંદિરો હોય છે. તેની પ્રત્યેક ટૂંકને એક મજબૂત કોટ હોય છે અને એક એક કોટમા બે ચાર દરવાજા પણ હોય છે

પર્વતના કોઈપણ ભાગમાથી ઊભા રહીને તમે જુઓ તો હજારો મંદિરોનું બહુ જ સુદર, દિવ્ય અને આશ્ચર્યજનક દૃશ્ય દેખાય છે


આજે જગતમાં ભાગ્યે જ એવો કોઈ પર્વત હશે જેના ઉપર આવાં પાને પાસે અગણિત અને બહુમૂલ્ય મંદિરો આવી રહ્યા હોય આ મંદિરોનું નગર કહેવાય છે તે યથાસ્થિત છે. પર્વતના બહારના પ્રદેશોના દૂરદૂરના દૃશ્યો પણ રમણીય અને આનંદપ્રદ દેખાય છે.


નિર્મળ આકાશ અને પ્રકાશિત ચમકતા સૂર્યના અજવાળામા શત્રુંજય પર્વતના શિખર ઉપરથી પશ્ચિમ દિશા તરફ દૃષ્ટિ દોડાવતા શ્રી નેમિનાથ ભગવાનની તપોભૂમિ શ્રી ગિરનાર પર્વતના રમ્ય શ્યામવર્ણના આકાશ સાથે વાતો કરતા શિખરો દેખાય છે ઉત્તર દિશા તરફ નષ્ટ ભ્રષ્ટ થયેલા પ્રાચીન વલ્લભીના અવશેષો તરફ અંજલિ આપવા નજર દોડે છે અને શિહોરની આસપાસના પહાડો પાસે જ આવેલા દેખાય છે પાલીતાણા શહેરના સ્ટેશન સુધીના રમણીય મકાનો, સ્વચ્છ રસ્તાઓ અને વિવિધ રંગી પુષ્પોથી ખીલી ઉઠતા બગીચાઓ અને હવામહેલ, પાવર હાઉસ, દિગમ્બર ધર્મશાળા, ઓવન બ્રીજ, જૈન નગર અને આગમ મંદિર આદિ દર્શનીય સ્થાનો એવા તો નાના રૂડા અને રૂપાળા લાગે છે કે દૃષ્ટિને આનંદ અને આરામ મળે છે.

જરા દૃષ્ટિ ફેરવતા રૂપેરી જળપ્રવાહથી ભરી ભરી શત્રુંજયી નદી, તેનો વાંકોચૂંકો પ્રવાહ, વિશાળ પટ અને નાના મોટા ખેતરોના ખેતરો જોઈને હર્ષ થાય છે સામે જ તાલધ્વજગિરિના ધવલ મંદિરોની ઝુમતી અનુપમ તોરણમાળ રમણીય દૃશ્યો ખડા કરે છે સ્વચ્છ હવામાન હોય તો ગોપનાથ અને પ્રાચીન મધુમતી–મહુવાની ભૂમિને પખાળતી ઉછળતા સમુદ્રની લહેરો જોતા આંખો ધરાતી નથી

પર્વત પરના મોટા કોટમા પ્રવેશને માટે માત્ર બે જ મોટા દરવાજા બનેલા છે કોટમા પ્રવેશતા જ એક ચોકની

પછી બીજો અને બીજા પછી ત્રીજો એમ એક મદિર પછી બીજુ અને ચોક-મદિર મળેલા ચાલ્યા આવે છે મદિરોની કારીગીરી, તેનુ શિલ્પ, તેની સજાવટ, તેનો એક એક ગોખ અને એક એક સ્થભ બહુમૂલ્ય ગણાય છે એક શ્રદ્ધાળુ જ્યા જ્યા નજર દોડાવે છે ત્યા મુક્ત આત્માઓના પ્રતિબિંબ દેખાય છે થોડા સમયને માટે તો તે મુક્તિનગરીનો એક મુસાફર-પથિક હોય તેમ લાગ્યા કરે છે





પ્રાચીન મંદિરો ને ટૂંકો

આજે જે ટૂંકો, મંદિરો, મૂર્તિઓ, દેવકુલિકાઓ, વિસામા, કુંડો અને પવિત્ર સ્થાનો છે તે સિવાય બીજાં ઘણા સ્થાનો શત્રુંજય ગિરિરાજને શોભાવતાં હતાં. એ મંદિરો ઐતિહાસિક કળાના નમૂના હતાં પણ મુસલમાન રાજ્યમાં મંદિરોને લૂંટવા અને તોડવાનો જે સમય હતો તે વખતે ઘણાખરા મંદિરોનો ધ્વંસ થયો હશે તેમ લાગે છે. ઉપરાંત જીર્ણોદ્ધાર સમયે મૂર્તિઓ અને મંદિરોના નામો બદલાયાં હોય તેમ લાગે છે.

સં. ૧૬૬૯ માં પં. શ્રી દેવચંદ્રજીએ યાત્રા કરીને 'શ્રી શત્રુંજય તીર્થ પરિપાટી' લખેલ છે તેમાં આજના મંદિરો ને ટૂંકો સિવાય નીચે પ્રમાણે ઉલ્લેખો મળી આવે છે.

પાલીતાણા ગામ લલિતાસર નામના સરોવરને કિનારે વસેલું હતું. એ લલિતાસર છ માઈલ મોટું હતું. મંત્રીવર્ય વસ્તુપાળ-તેજપાળે તે બંધાવ્યું હતું. એવું જ

એક અનુપમા સરોવર પણ બંધાવ્યાનો ઉલ્લેખ છે આ સરોવરની તળાવની પાળે શ્રી વીરપ્રભુનું અને ગામમાં નેમિનાથનું મંદિર હતું. જામવાળીના દરવાજા બહાર ગોડીજીના પગલા છે તેમજ રણશી દેવરાજની ધર્મશાળા પાછળ આ સરોવરની ભેખડ તથા તેને કાંઠે પગલાં સાથે દેરી છે. ઉપરાંત કકુબાઈની ધર્મશાળા પાસે વિજયતળાટીનો ઓટલો પ્રભુની ચરણપાદુકા સાથે વિદ્યમાન છે.

નીચેના નામો ને મંદિરો આજે દેખાતા નથી, મોલ્હાવસહી, ટોટરવિહાર, નેમિનાથનું મંદિર, ગિરનાર રચના, જયમલ્લપ્રાસાદ, તેજપાળ મંદિર, તિલકાતોરણ, સ્વર્ગારોહણપ્રાસાદ, ધર્મસિંહવિહાર, લાધુવસહી, સિંહનાદપ્રાસાદ, નરસિંહવિહાર (પેથડશાના ભાઈનો બંધાવેલ), વેશ્યાવસહી, (આ આશ્ચર્યજનક નામ છે), ઇંદ્રમંડપ, (વસ્તુપાળ તેજપાળનો બંધાવેલ), શામ્બપ્રદ્યુમ્ન, અબ્બી, ઘોડા ચઉકી, ગઉખ મઠ, પેથડ દેઉલ, નંદીસર, પાવડી સમળીવિહાર, દેસલવિહાર, ખોખાવસહી, શોખલવસડી

આ સ્થાનો પુરાતત્ત્વના અભ્યાસી અને સ્થાપત્યના જાણકાર શોધી કાઢે તો અનેક ઇતિહાસના પૃષ્ઠો સોનેરી બની શકે.

આપણને જાણીને વિશેષ આનંદ થશે કે સુપ્રસિદ્ધ લોકકથા સદેવંતસાવળીંગા પાલીતાણામાં મર્યાદ છે.

પાલીતાણામાં દરબારગઢની પાછળના ભાગમાં સાવળીંગાની મોટી વાવ છે અને પાલીતાણામાં સાવળીંગાનો ગરબો

ગવાય છે. જે કાલિકામાતાના મંદિરમાં સાવલીંગા અને સદેવંતનું મિલન થયું હતુ તેના અવશેષ મળતા નથી પણ તે કાળબળની દૃષ્ટિએ ધ્વંસ થયું હોય તેમ લાગે છે. સાવળીંગા એક જૈન શ્રીમંતની પુત્રી હતી તે વાત પણ ઐતિહાસિક છે.. વિદ્વાન સુપ્રસિદ્ધ લેખક જેઈમ્સ ટોડના પ્રવાસવર્ણનમાં આ લોકકથાનો ઉલ્લેખ છે.

પર્વતો પણ ખસે છે

આશ્ચર્યજનક વાત છે કે પહાડો પણ પૃથ્વીના પડ ઉપર ખસવા લાગ્યા છે. હમણાં જ તા. ૧૯-૧૧-૪૫ ના રોજ નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ્ સાયન્સના અધ્યક્ષ ગી. ડી. એન વાડીયાએ એક ભાષણમાં જણાવ્યું કે પૃથ્વીના તળની મજબૂતાઇ અને નબળાઇના કારણે પર્વત ખસી રહ્યા છે.

તેઓએ જણાવ્યું કે પૃથ્વીનું પડ ૭૦ માઇલ જેટલું જાડું છે. હિમાલયનું વજન ઊંચકી શકે તેમ છે, પણ સતત દબાણને લીધે તે નમે છે. વળી પર્વતોની હારમાળા પોતાની ગતિએ ચાલે છે. પંજાબમાંના મીઠાના પહાડોએ મેદાન પર ૨૦ માઈલની મુસાફરી કરી છે.

જર્મન વિજ્ઞાની વેન્જરના શબ્દોમાં શ્રી વાડીયાએ જણાવ્યું કે અગાઉ તમામ ખંડો એક બીજા સાથે જોડાયેલા હતા અને આ ખંડો દર સો વર્ષે ૪૦ થી ૪૫ મીટર દૂર ખસી રહ્યા છે.

આ ઉપરથી એમ માનવાને કારણ છે કે શત્રુંજય પર્વત પણ વલ્લભીપુરથી ખસી ધીમે ધીમે આજના સ્થાને આવ્યો હોય તો તેમાં નવાઈ જેવું નથી

શત્રુંજયમાં ગુફાઓ

કહેવાય છે કે શત્રુંજયથી તાલધ્વજ સુધી તથા ઠેઠ ગિરનાર સુધીની ગુફાઓ હતી એ ગિરિગુફાઓ શાંતિ ને સાધનાના ધામ ગણાતી અને સાધુ, સંતો, યોગી પુરુષો આવા સ્થાનમાં રહી યોગની સાધના કરતા હતા.

શત્રુંજયના પાછળના ભાગની ખીણોમાં, સાણાના ભોંયરા તથા ગિરનારની ગુફાઓ અને ઓસમની પાંડવ ગુફાઓમા માઈલો સુધી ભોંયરાં છે. તેમાં રસ્તાઓ, અંજવાળી-અંધારી બારીઓ અને દેરીયો મળી આવે છે

ગિરિરાજની ગૌરવ ગાથા

હિંદુસ્તાનમાં ચારે તરફથો—સિન્ધુ નદીથી તે પવિત્ર ગંગા સુધી અને હિમાલયના હિમમય મુકુટધારી શિખરોથી તે કન્યાકુમારી સુધીમાં એક પણ નગર એવું નહિ હોય, જ્યાંથી એક અથવા બીજી વેળાએ પાલીતાણા તીર્થને વિરાજમાન કરનાર મંદિરોને ધનસમૃદ્ધિની ભેટ ન મળી હોય.

× × ×

શત્રુંજય ખરેખર પૂર્વ ભૂમિની અદ્‌ભૂત કથાના એક કલ્પિત ગિરિનગરની પરિત દીને ઉપમા આપી શકાય તેવો છે.

તેના રહેવાસીઓ જાણે એકાએક આરસની મૂર્તિઓ બની ગયા હોય અને અપ્સરાઓના હાથ સર્વ સ્વચ્છ અને ચક-ચકિત રાખતા હોય તેમજ સુગંધીવાળા પદાર્થોના ધૂપ કરતા હોય તેમજ તે અપ્સરાના સુસ્વરો દેવના ભક્તિભર્યા ગીત ગાઈને હવાને ભરી દેતા હોય એવો ભાસ થાય છે

× × ×

શત્રુંજય ઘણું જ પ્રાચીન અને જૈનધર્મનું અતિ પવિત્ર ધામ છે સર્વ તીર્થ કરતા એ અગ્રેસર ગણવામા આવ્યું છે નિરંતર શાન્તિ અને એકાગ્રતાદાયક સુખસ્થાન જણાય છે. મુમુક્ષુઓનુ મહામંદિર મનાય છે અને જૈનોના પવિત્ર અર્ચોનાની જેમ દુનિયાના નાશના સમયે પણ એ ગિરિવરનો નાશ થવો સરજ્યો નથી એમ કહેવાય છે.

ઓનરેબલ અલેકઝાન્ડર કીન્લોક ફાર્બસ.
(રાસમાળા)

યાત્રિકોની અનુકૂળતા—

જૈન તીર્થો યાત્રાળુઓની તમામ જાતની અનુકૂળતા માટે ઘણી જ સુંદર સગવડો રાખે છે તેમા ખાસ કરીને પાલીતાણામા સિદ્ધક્ષેત્રના દર્શને હજારો યાત્રિકો આવતા હોવાથી લગભગ બધી જાતની સગવડો રાખવામા આવી છે.

ધર્મશાળાઓ—ઉતારા માટે ૪૦ જેટલી નાની મોટી ધર્મશાળાઓમાં નાના મોટા કુટુંબોને ઉતરવાની સગવડ છે ગાદલા, ગોદડા અને વાસણો પણ હોય છે. જે યાત્રાળુઓને વાસણ, ગાદલાં, ગોદડાની સગવડ ન મળે તેઓ માટે શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી સુંદર વ્યવસ્થા છે.

ભોજનશાળાઓ—જે ગૃહસ્થોએ રસોઇ બનાવવી હોય તેઓને માટે ધર્મશાળાઓની આસપાસ મોદીખાનાની

દુકાનો છે અને ત્યાંથી બધો સરસામાન મળે છે. ભોજનશાળામાં જમવું હોય તો ભોજનશાળાઓમાં વ્યવસ્થા છે. પહેલેથી ખબર આપવાથી મિષ્ટ ભોજન માટે પણ વ્યવસ્થા થઈ શકે છે

વાહનો—સ્ટેશનેથી આવવા જવા માટે, તલાટીએ જવા આવવા માટે ઘોડાગાડીઓ બહુ વ્યાજબી ભાવે મળે છે. ગાડીના આઠ આના લગભગ બેસે છે અને ચાર જણ તેમાં બેસી શકે છે તલાજા, કદંબગિરિ કે મોખડકા જવા માટે પણ ઘોડાગાડીઓ મળી રહે છે. બળદગાડીઓ પણ મળી રહે છે.

યુગ—યુગાન્તરનાં દર્શન

[કવિસમ્રાટ ન્હાનાલાલનો મણિમહોત્સવ ચાલતો હતો તે વખતે તેઓશ્રી ભાવનગર આવ્યા હતા. મે. દિવાન સાહેબશ્રી મૂળરાજસિંહના સ્નેહભર્યા આગ્રહથી અને પાલીતાણાની પ્રજાની વિનંતિનો સ્વીકાર કરી કવિરાજ તારીખ ૧૪–૯–૩૬ ના દિવસે પાલીતાણા આવ્યા અને તેઓશ્રીની આર્ષવાણીમાં યુગયુગાન્તરના દર્શન કરાવ્યા તેને આજે આપણે ફરીથી યાદ કરી કવિના સ્વર્ગસ્થ આત્માને અંજલિ આપીએ.]

કનકસેનનો ચાવડાસંઘ વલ્લભીને ઘાટે ન્હોતો પહોંચ્યો, ચન્દ્રગુપ્તનું મૌર્યકુલ ગિરિનગરની તળેટીમાં ન્હોતું પથરાયું; એ પૂર્વના યુગનું કોક પ્રભાત ઊગ્યું છે, અને શત્રુંજયના પગિરિપગથારે દેવનાં તેજ ઢાળી રહ્યું છે ઉદય થઈ ગયો છે, પણ સહવારનો પ્રહર જામ્યો નથી, આગલી સન્ધ્યાએ તળેટીની એક વૃક્ષછાયામાં આ ભૂમિની મહેમાની માણેલો એક અતિથિ કીડીને વેગે પણ સિંહના આત્મનિષ્ઠ પગલે, આ ગિરિરાજની કેડીએ ચડે છેઃ જાણે ફૂંકી ફૂંકીને પગલાં ભરતો ન હોય. તેજની પાંખો જેવું એનું પીળું તેજસ્ વસ્ત્ર છે, પદ્મપાંખડી -સમા એના અડવાણા પાય છે, દેહના ને આત્માના આધાર

એમો એનો ધર્મદંડ છે, ધર્મના અંગીઆ સામે એનો મુખચન્દ્ર છે એનો દેહ આત્માનિધિ છે, આત્મા દેહનિધિ છે. ઊંચ ને ઊંચ એનો પ્રયાણમાર્ગ છે, જાણે આભને આરે જઈને ઊભશે કે શું ? કાલે સાંય કાળે આ તળેટીનો અતિથિ હતો આજ સંધ્યાએ એ શિખરનો મહેમાન થશે સિદ્ધાચળે ચડી, તપશ્ચર્યા કરી, પછી તો અનેક સિદ્ધો સિદ્ધિને પામેલા છે. આ સાધુ હતા સિદ્ધાચળે ચડનારા તપશ્ચર્યાથી પ્રથમસિદ્ધ એમની પગલી પગલીએ સિદ્ધાચળ પવિત્ર થતો કે સિદ્ધાચળને સ્પર્શે સ્પર્શે એ પાવન થતા એ પાપુત્વ કે તો ઊકલવાનો એક ધર્મકોયડો હતો

એ સાધુવર શાંત શોધતા હતા ગગનસ્પર્શને જવાને એગણે પાટલીપુત્રેથી પરિયાણ કીધા હતા વર્ધમાનપુરી વટાવી, વલ્લભીની ખાડીઓ ઓળંગી, વલ્લભીથી એ ગિરિનગરના વટેમાર્ગુ હતા માર્ગે સિદ્ધપુરનું ગિરિમંડળ વીંધીને તર-શિંગડાની છાયા ઝીલતા ઝીલતા, એ સિદ્ધાચળે આવ્યા હતા એમણે મહાકાય હિમાલયને દીઠો હતો, પણ લલાટ વચ્ચેના ચન્દ્રક જેવા મોગઠના ડુંગરાઓ નીરખી એ ઓર આનંદ અનુભવતા મહાસાગરની વાટના એ વટેમાર્ગુ હતા જીવનમાંથી ખોયેલું કંઈક પ્રકૃતિમાંથી એ શોધતા હતા બ્રહ્મસૂત્રોના પ્રથમ સૂત્ર સયાતો મહાજિજ્ઞાસા ના પ્રશ્નતેજ એમની કીકીઓમાં ઝળકતા હતા. યુગયુગાન્તરના એ દર્શન વાંછતા હતા

દિશાઓને શોધતા શોધતા તે રખડતા હતા. પર્વતની પ્રથમ ધારીએ ચડી બેઠા સામીના કુંભસ્થળ શી ખોળી


ઘાટી એનણે ચ્હડવા માડી મિદ્ધાચળને શિખરે ત્યકારે ન હતા મન્દિર કે મુગટ, ત્યકારે ન હતા ધૂપ કે કેસરચંદનના સુગન્ધ ગિરિરાજ સ્વય કુદરતનુ મકામ દિર હતુ, તરુવરો મુગટ હતા, ગિરિટૂલડા અને ગિરિઔષધિઓ ઢોળતા'તા ધૂપ કેસરના, સુગન્ધ એ ચ્હડતા જાય ને વાતાવરણ નિર્મળુ ને પારદર્શક થતુ જાય આદીશ્વર ભગવન્તનુ -ાજ મન્દિર છે એ શિખરની ધારે જઇને સાધુવર ઊભા પૂર્વમાથી પોતે પધાર્યા હતા, વ-નલીથી ગિરિનગર ભણી વિચરતા હતા પશ્ચિમની ક્ષિતિજપાળે યુગયુગાન્તરના દર્શન સાધુવર શોધતા હતા

આજે છે એટલો સાગર ત્યહાં આઘે ન હતો ગોપનાથની ભૂશિરને બદલે તળાજાના ડુગર ખભાતના અખાતના ને અરબ્બી સમુદ્રના ભીમાડા પાડતો એ હજાર પગલાની ઊચાઇએથી એ સાધુવરે પશ્ચિમની દિશામા દૃષ્ટિ પરોવી પ્રથમ તો એમણે દીઠી પગલા નીચે ઢોળાતી રૂપાની રેલ સમી, શત્રુન્જય ગિરિરાજની ભગિની શત્રુનજ્યી નદી ચોકની ડુગ ગીઓમાથી નીસરી તાલધ્વજ તળાજ્યા ડુગરની પ્રદક્ષિણાએ જતી હતી મેરકના વિશાળા ક્ષેત્રના મયદાનપટના આરા ત્યહા સાગરમા ઢળી જતા હતા. ઉપર આસમાનનો પત્થાર હતો એવો નીચે ધરતીનો સમધારણ પગથર પથ્થરનો સાધુવરે તળાજિયાના શિખરે જોયુ ત્યા એક ગરુડરાજ બેઠો હતો, તેણે આકાશ માપવાને ગગનમડળમા ઝપલાવ્યુ ધર તીની વાદળિયા કોર જેવી દરિયાની ઝાલર સાધુવરે દીઠી વર્ષો સમા છાટા અને મૈકાઓ સમી ઊર્મિમાળા ત્યહા ઉછળતી

પણ પેખાતી ન હતી દરિયો યે પહોળી ખાડી સમોવડ હતો
સાધુવરે હથેળીની છાજલી કીધી અને દૃષ્ટિ ઊંડી પરોવી.
દરિયાની પાર પાછળના પાણી એમણે જોયા, એ પાણીપગ
થારને ભીંત મહાપાણીપગથારમાં વહી જતા જોયો, અને
પછી સાથે સાથે, સાગરને ધરતીની જૂનો ગુ થાતી હતી ત્યહાં
એ સમસ્ત દરિયાવને આસમાનના અંતરમાં સમાઈ જતો
દીઠો. એમણે વીતેલા વર્ષોને જોયા, સૈકાઓને જોયા, યુગપલટા
જોયા યુગયુગાન્તરને જોયા મન્વન્તરને જોયા અને સૌની
પાછળ સૃજનપ્રલયની મહાલીલાને જોઈ સિદ્ધાચળને શિખરે
ઊભેલા એ સાધુવરની આંખડીમાં વિરાટ આવીને ઊભો અનંતા
મળ એમને અણુપરમાણુ થઈ રહ્યો જન્મમરણની ભવભુલ
ભૂલામણી એમને રાજમાર્ગ સમી ભાસી 'નિર્વાણ',
'મહાનિર્વાણ', પોકારતા સાધુવરે એ યુગયુગાન્તરના દર્શનને
દંડવત્ પ્રણામ કીધા આસના દરવાજા એમને ઉઘડી ગયા.

સજ્જનો! સિદ્ધાચળના એ પ્રથમ સિદ્ધદેવ ઋષભદેવજી

એમણે પ્રથમ દીઠું એ યુગયુગાન્તરનું દર્શન, તે પછી
સને સાધુવરોએ દીઠું છે, અને સિદ્ધાચળને શિખરે અનન્તા
સિદ્ધ-વો થઈ ગયા છે એ હતા યુગયુગાન્તરના પ્રથમ વટેમાર્ગુ
એમણે વાટ પાડી અને પુણ્યવન્તા પુણ્યશાળીઓ પળ્યા



મહારાજાઓની તીર્થભક્તિ

મહારાજા શ્રેણિક, ભગવાન મહાવીરના પરમ ભક્ત હતા તેમણે શ્રી શત્રુંજયના જુદા જુદા શિખરો ઉપર જિનાલયો બંધાવ્યા હતા આ પ્રમાણે મૌર્યવંશના મગધ મહારાજ્યના સમ્રાટ્ સંપ્રતિએ, આર્ય સુહસ્તિમહારાજના ઉપદેશથી ગિરનાર અને શત્રુંજયની યાત્રા કરીને શત્રુંજય ઉપર અને આસપાસના ગામોમા પણ જિનાલયો બંધાવ્યા હતા.

શ્રી શત્રુંજય ઉપર ચૌમુખજી તરફના ભાગને શ્રી મરુદેવા શિખર પણ કહે છે તેમા શ્રી શાંતિનાથ પ્રભુનું દહેરાસર તથા મરુદેવી માતાનું મંદિર, સંપ્રતિ રાજાનાં ગણાય છે. આજે જે મંદિરો છે તે જીર્ણોદ્ધાર થયેલા છે. ગિરનારમા સંપ્રતિ રાજાની ટૂક છે.

× × × ×

વલ્લભીપુર એક વખત સમૃદ્ધિશાળી મહાન નગર હતું કોડાધિપતિઓ અહીં વસતા હતા વલ્લભીપુરમાં ભવ્ય અને

મનોહર જિનાલયો અને સાત ભંડારો હતા. શ્રી શત્રુંજય તળાટીનુ સ્થાન પણ વલ્લભીપુર ગણાય. વલ્લભીપુરના શ્રીમંતોએ પણ શ્રી શત્રુંજય ઉપર મંદિરો બંધાવ્યા હશે.

ગ્રહસેન રાજાના વખતમાં શ્રી વલ્લભીપુરમાં શ્રીઋષભદેવ મંદિરની દેશદેશાતરોમાં એટલી બધી પ્રસિદ્ધિ હતી કે અસંખ્ય યાત્રાળુઓ તે ચમત્કારી પ્રતિમાના દર્શનાર્થે આવતા. આ મંદિર નકશીદાર હતુ અને બહુ જ વિશાળ હતુ. ભૂગર્ભમાં એક ગ્રંથાલય પણ હતું.

વખત જતા બૌદ્ધ લોકોએ વલ્લભીપુરનો કબજો લીધો. જૈનો નગર છોડી પંચાસર, આબુની ઉત્તરે મારવાડમાં જઈ રહ્યા. એક ભાગ ખંભાત અને ભરૂચ ગયો પણ અદ્વિતીય વિદ્વાન મલ્લવાદી આચાર્યશ્રીએ શિલાદિત્યની કચેરીમાં બૌદ્ધો સાથે વાદવિવાદમાં જીત મેળવી. શિલાદિત્યે જૈન સંઘને વલ્લભીપુર બોલાવ્યો, શત્રુંજય જૈનોને સ્વાધીન કર્યો એટલું જ નહિ પણ શિલાદિત્યે શત્રુંજયનો ઉદ્ધાર કરવામાં સહાયતા આપી અને તીર્થભક્તિનું દૃષ્ટાંત પૂરું પાડયું.

× × × ×

કનોજના આમ રાજા આચાર્યશ્રી બપ્પભટ્ટસૂરીશ્વરજીના ઉપદેશથી મોટા સંઘ સાથે યાત્રાર્થે નીકળ્યા. તીર્થશિરોમણિ શત્રુંજયના દર્શન કરી આનંદ અનુભવ્યો. જીર્ણ થયેલ ભાગોનો ઉદ્ધાર કરવા પ્રબંધ કર્યો.

× × × ×

મહારાજા સિદ્ધરાજ, સજ્જન મંત્રીની પ્રાર્થનાથી ગિરનારની યાત્રાએ ગયા હતા. સજ્જન મંત્રીએ ગિરનાર ઉપર સિદ્ધરાજના પિતાના નામથી ભવ્ય મંદિર બંધાવ્યું હતું. આ મંદિર અને સજ્જન મંત્રીની કાર્યદક્ષતાથી આનંદિત થઇને આ પ્રાસાદનો સઘળો ખર્ચ રાજ્ય તરફથી આપવા પ્રબંધ કર્યો.

અહીંથી સિદ્ધરાજ, સિદ્ધાચલ તરફ પધાર્યા. શિહોર મુકામ કરી, સિદ્ધાચલ આવ્યા. શત્રુંજય તીર્થની યાત્રા કરી. અહીં પણ તીર્થરક્ષણ અને પૂજન માટે બાર ગામની બક્ષીસ કરી. સિદ્ધરાજના મહામંત્રી આશુક જ્યારે સિદ્ધાચલની યાત્રાર્થે આવ્યા ત્યારે તલાટીમાં છાવણી નાખી હતી, ત્યાં એક વાવ તથા શ્રીનેમિનાથ ભગવાનનું ચૈત્ય બંધાવ્યું હતું. સં. ૧૧૭૬માં શત્રુંજયના ખર્ચ માટે બાર ગામનો પટો સિદ્ધરાજ મહારાજાએ કરી આપ્યાનો ઉલ્લેખ છે.

× × ×

બાહડમંત્રીએ, કુમારપાળના પિતા ત્રિભુવનપાળના સ્મરણાર્થે પાલીતાણાની તળેટીમાં ત્રિભુવનવિહાર બંધાવી, ત્યાં શ્રી સુપાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા કરાવી હતી. કુમારપાળ મહારાજાએ આ વાત જાણી ત્યારે એ ત્રિભુવનવિહાર જોવાની અને શત્રુંજય તીર્થના દર્શનની ભાવના થઇ, દેશદેશાવરના સંઘોને કંકોત્રી લખાણી.

સંઘમાં આચાર્યશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી પરિવાર સહ પધાર્યા હતા. સાધ્વીમંડળ, હજા

શ્રાવિકાઓ, ૭૨ સામંતો, ૨૪ મંત્રીઓ, ૧૮૦૦ શ્રીમંતો, મહારાણી ભોપળદેવી, રાજપુત્રી લીલુગા અને સર્વ સામંતોનો પરિવાર હતો. સંઘ સહિત આનંદપૂર્વક યાત્રા કરી, પોતાના પિતાના સ્મરણમાં બંધાવેલ પ્રાસાદ જોઈ અત્યંત હર્ષિત થયા. હીંગલાજના હડા પાસે કુમારકુંડ બંધાવ્યો, દાદાના મુખ્ય મંદિરે ધ્વજાદંડ, કળશાદિ ચડાવી પ્રભુપૂજાનો લ્હાવો લીધો. તીર્થયાત્રાની યાદમાં કુમારવિહાર નામનું મંદિર બંધાવ્યું, જે હાથીપોળની પાસે આજે પણ છે. આ ઉપરાંત તીર્થસેવા માટે ૨૪ ગામનો પટો કરી આપ્યો

× × × ×

વસ્તુપાળ-તેજપાળે એક વખત ખંભાતનું મંદિર ખીલવવાની દષ્ટિએ ખંભાતમાં સ્થિરતા કરી. બે ત્રણ વર્ષ પછી એક વખત સુલતાન મૌજુદીનનાં માતુશ્રી કુસીદા બેગમ મક્કાની હજ માટે ખંભાતથી વહાણમાં બેસવા માટે આવ્યા હતાં.

વસ્તુપાલની બુદ્ધિ અને દીર્ઘદષ્ટિએ આ તક ઝડપી લીધી. બેગમને પોતાને ઘેર ઉતાર્યાં એટલું જ નહિ પણ પોતાના તરફથી મક્કે બાંધવા માટે આરસનું તોરણ ભેટ મોકલ્યું. મુસાફરી માટે ઉત્તમ વહાણની સગવડ કરી આપી. આ રીતે કુસીદા બેગમ સાથે ઘનિષ્ટ સંબંધ કર્યો. પાછા આવતાં આઠ-દશ દિવસ આગ્રહપૂર્વક રોકયાં એટલું જ નહિ પણ તેમને દિલ્હી સુધી પહોંચાડવા સાથે ગયા.

દિલ્હી પહોંચતા જ સુલતાન ચાર ગાઉ સામે આવ્યો. માતાને યાત્રાના કુશળ સમાચાર પૂછયા. માતાએ કહ્યું:

'બેટા, દિલ્હીમા તુ અને ગુજરાતમાં તારા જેવો વસ્તુપાલ હતા મને તો જ્યા ગઈ ત્યા આનદ મંગળ હતાં'

માતાએ વસ્તુપાલની સેવા–ભક્તિનાં ખૂબ વખાણ કર્યાં અને તે મારી રક્ષા માટે અહી ખૂદ આવેલ છે તેમ જણાવી તેમને બોલાવવામા આવ્યા.

બન્ને મળ્યા, પરિચય વધ્યો પોતાની માતાના પ્રિય-પુત્ર જેવા વસ્તુપાલને મ્હેલે તેડાવી સન્માન કર્યું. પહેરામણી કરી અને ગમે તે માગી લેવા આગ્રહ કર્યો.

વસ્તુપાલને કયા સમૃદ્ધિની ભૂખ હતી? તેણે ત્રણ માગણીઓ રજૂ કરી ૧. અમારી અને તમારી વચ્ચ મીઠો સંબંધ જળવાઈ રહે તે માટે ગુજરાતના રાણા સાથે મૈત્રી રાખવી. ૨ હિન્દુ અને જૈન મંદિરોનો નાશ ન કરવો ૩. દિલ્હીમાં કે નજીકમા એક જિનમંદિર બાધવા મજૂરી આપવી.

આ ત્રણે નિઃસ્વાર્થ માંગણીઓ સ્વીકારવામા આવી. માનપૂર્વક તેમને વિદાય આપી.

સમરાશાએ સં. ૧૩૭૧ નાં શત્રુંજયનો ઉદ્ધાર કરાવ્યો તેમાં દિલ્હીના બાદશાહની સમ્પૂર્ણ સહાનુભૂતિ હતી.

× × × ×

સમરાશાના પિતા દેશલશા, વૃદ્ધાવસ્થા હોઇ પાટણમાં રહેતા. સં ૧૩૬૯ માં મ્લેચ્છ સેનાએ ડુંગર ઉપર લક્

લક્ષ્મી કે તે સાભળી ઉપર ચઢી ભાગફોડ કરી પણ પહેલેથી મૂર્તિઓ વગેરે બાછયે રન્નેથી પોન્ન બેટમા મોકલી દીધી હતી તેથી બીજુ નુકશાન ન થયુ

આ વાતના સમાચાર દેશલશાએ સમરશાને દિલ્હી મ્હેલરાવ્યા સમરાશા તે વખત દિલ્હીમા રહેતા અલાઉદ્દીનનો તેમના ઉપર સારા પ્રેમ હતો તે સમરશાને પોતાના સલાહ કાર માનતા

આ સમાચાર સાભળી, સમરાશા બાદશાહ પાસે ગયા અને "આપણી સેનાએ હિન્દુઓની હજ ભાગી નાખી છે અને આ સમાચારથી બાદશાહ જનાબ માટે દુનિયા નિરાશ થઇ જાય તેથી અત્યંત દુ ખ થાય છે"

સમરાશાના આ વચનોથી બાદશાહ ઉપર ઊ ડી અસર થઇ તેણે ભાગી નાખેલ હજ રાજ્ય તરફથી સમરાવી દઈ ફેરી તીર્થ માડવામા મદદ કરવા ફરમાન કર્યું

આ ફરમાન લઈ સમરાશા પાટણ આ યા શત્રુંજયનો તીર્થોદ્ધાર કરવા પોતે આદેશ માગ્યો અને કાર્યની શરૂઆત થઇ ગઇ ગુજરાતના સૂબેદાર અલપખાને સમરસિંહને બધી જાતની અનુકૂળતા આપી અને મોટા સઘ સાથે આવી સમરાશાએ પ્રતિષ્ઠા કરાવી

આ ઉદ્ધાર માટે સુદર મૂર્તિઓ કરાવવા આરાસણની ખાણનો પત્થર જોઇએ તેથી ત્રિસગપુરના રાજા મહીપાળ દેવને સમરાશા ભેટણું ધરીને મળ્યા અને ફૂલક-પત્થર માટે માગણી કરી.

મહીપાળ ધર્મપ્રેમી હતો અને આવાં ધર્મકાર્ય માટે ફલક આપવામાં પોતાનું ધનભાગ્ય માનીને પોતે જાતે સાથે આવી આરામણમાંથી માગ્યા કરતાં સવાયું ફલક આપવાને હુકમ કર્યો, એટલું જ નહિ પણ આ ફલક માટે કર લેવાતો હતો તે આજથી માફ કર્યો

આ મહીપાળરાજાની મૂર્તિ સમરાશાએ કરાવીને સિદ્ધાંચળમાં એક ગોખમાં મૂકી છે.

× × × ×

બાદશાહ અહમદશાહે જૂનાગઢ અને ચાંપાનેરનો કિલ્લો જીત્યો રા. માંડલિકને અમદાવાદ લઈ જઈ મુસલમાન કરવામાં આવ્યો જૂનાગઢનું નામ મુસ્તફાબાદ રાખ્યું. સોનગઢ સુધી થાણાં ગોઠવ્યાં, પણ ૧૫૧૨ ના દુષ્કાળ વખતે હડાળાના શેઠ ખીમા દેદરાણીએ જોઇતું અનાજ પૂરું પાડેલું તેથી બાદશાહે ખુશી થઇ જૈનતીર્થોનું રક્ષણ કરવા વચન આપેલું તેથી શત્રુંજયના મંદિરોને જરા પણ અડચણ આવી નહિ એટલું જ નહિ પણ બાદશાહે શત્રુંજયના સંઘમાં સહાનુભૂતિ આપી હતી,

ચિતોડના રાણા સંગ્રામસિંહના મંત્રી તોલાશાહે ચિતોડમાં બે ભવ્ય જિનાલયો બંધાવ્યાં હતાં. તોલાશાહના પુત્ર કરમાશા મંત્રીપદે આવ્યા. એક વખત અમદાવાદના મુજફ્ફરશાહ સુલતાનનો નાનો પુત્ર બહાદુરશાહ રીસાઇને ચિતોડ આવ્યો. આ પ્રસંગે મંત્રી કરમાશાએ તેને સંભાળી મોટી રકમની મદદ આપી. એ ઉપરથી સં. ૧૫૮૨ માં

મહમદશાહને ગુજરાતની ગાદી મળી ત્યારે તેણે કરમાશાને બોલાવી તે માગે તે આપવા ઈચ્છા બતાવી

કરમાશાને તો શત્રુંજય તીર્થના ઉદ્ધારની ભાવના હતી. તેના ઉદ્ધાર અને રક્ષણ માટે અભયવચન આપવા માગણી કરી એટલે સુલતાન બહાદુરખાને પોતાના સોરઠના સૂબા મયાદખાન ઉપર કરમાશાહને શત્રુંજય તીર્થના ઉદ્ધારમાં દરેક જાતની મદદ કરવા શાહી ફરમાન લખી આપ્યું.

આ ઉપરથી તીર્થોદ્ધાર માટે કાર્ય શરૂ કરાવ્યું. સં. ૧૫૮૭ના વૈશાખ વદી ૬ના રોજ શ્રી શત્રુંજય તીર્થોદ્ધાર અને પ્રતિષ્ઠા કર્યા. આમાં કરમાશાહે સવા કરોડ દ્રવ્ય ખર્ચ કર્યાનો ઉલ્લેખ છે

× × ×

સં ૧૬૧૨ માં અકબર બાદશાહ દિલ્હીની ગાદીએ આવ્યો. જૈનાચાર્યશ્રી હીરવિજયસૂરિનો પરિચય સાધવા તેમની ભાવના થઈ સૂરિજી ગુજરાતમાં હતા અમદાવાદના સૂબા મારફત તેઓશ્રીને આમંત્રણ મોકલી ફતેહપુર-સીક્રી તેડાવ્યા.

આચાર્યશ્રીની વિદ્વત્તા, પ્રભાવ અને ધર્મ-ચર્ચાથી અકબરને બહુ જ આનંદ થયો ખાસ કરી જૈન સાધુની આકરી રહેણીકરણીથી વિશેષ આકર્ષાઇ તેમને 'જગદ્‌ગુરુ'નું બિરુદ આપ્યું એટલું જ નહિ પણ મોગલ શહેનશાહતની અંદર આવેલા શ્રી સિદ્ધાચળજી, શ્રી ગિરનારજી, શ્રી તારંગાજી, શ્રી કેશરીઆજી, શ્રી આબુ અને રાજગૃહી, સમેતશિખર

વિગેરે જૈનતીર્થો ઉપર જૈનોની સ્વતંત્રતા તથા યાવચ્ચંદ્ર-દિવાકરો અબાધિત કબજા ભોગવટાનો ખરીતો આપ્યો અને તે સમાચાર શહેનશાહત તાબાના સઘળા મુલકોના સૂબાઓને મોકલ્યા.

અકબર બાદશાહની પુત્રીના લગ્ન પ્રસંગે દેશદેશાવરના ઝવેરીઓ આવેલા. બાદશાહે ભરૂસભામા ઝવેરીઓને પૂછયું કે—આ હીરાની સાથે મારી કિંમત આંકો જોઈએ. આથી બધા ચકિત થઇ વિચાર કરવા લાગ્યા પણ અમદાવાદના શાંતિદાસ શેઠે ઝવેરાત તોળવાના કાંટામા એક તરફ હીરો મૂકયો, બીજી તરફ રતી વાલના તોલા મૂકયા બધા જોઈ રહ્યા. શાંતિદાસ શેઠે ખૂબ વિચાર કરી કહ્યું. બાદશાહ હજૂર આ હીરા કરતા આપનામા રતી (બાદશાહી તેજ) વધારે છે. બધા આ જવાબથી ચકિત થઈ ગયા બાદશાહે રાજઝવેરીનુ માન આપ્યું

તીર્થની સ્વતંત્રતાનો બાદશાહી ખરીતો અકબરે સંઘવતી શ્રી હીરવિજયસૂરિ, તે પછી શ્રી જીતચંદ્રસૂરિને આપેલો

× × ×

બાદશાહ જહાંગીરે સં. ૧૬૬૪ માં તાજુ ફરમાન કરી આપ્યું અને તે આચાર્ય વિજયસેનસૂરિ, આ વિજયદેવસૂરિ તથા જતિ પરમાનંદજીને કરી આપ્યું.

તે પછી દિલ્હીની ગાદીએ શાહજહાંન આવતાં કોના નામથી ફરમાન કરવું તે પ્રશ્ન થયો શાંતિદાસ શેઠની શાહી

કથાનકો

દાનશૂર બંધવબેલડી

જગપ્રસિદ્ધ આબુના કળામય મંદિરના સર્જકો, ગુજરાતના મહામંત્રીઓ અને જૈન શાસનના જ્યોતિર્ધરોએ શત્રુંજયની યાત્રાના સંઘો કાઢી મહાન લાભ લીધા છે સં ૧૨૮૨ માં જે સંઘ આવ્યો હતો તેમાં ૪૫૦૦ ગાડા, ૭૦૦ પાલખી, ૧૮૦૦ ઉંટ, ૨૧૦૦ મહેતા, ૧૨૧૦૦ શ્વેતાંબરો, ૧૧૦૦ દિગંબર, ૪૫૦ ગંધર્વ, ૩૩૦૦ ભાટ તથા બહોળી રીયાસત હતી

વસ્તુપાળે લલિતસાગર અને અનુપમા એમ બે મોટા સરોવરો બંધાવવા ઘણું ખર્ચ કર્યું હતુ આજે તો એ સરોવરોના અવશેષો જોવા મળે છે

વસ્તુપાળે શ્રી શત્રુંજયના પગથિયા–પાગ બંધાવ્યાનો શિલાલેખ હોલાખાડીની દીવાલે છે શત્રુંજય ઉપર શ્રી નેમિનાથ અને શ્રી પાર્શ્વનાથના ભવ્ય ચૈત્યો તથા ઇંદ્રમંડપ બંધાવ્યાનો ઉલ્લેખ છે

તેજપાળે શ્રી નંદીશ્વર દ્વીપની રચના કરાવી હતી. શ્રી આદિનાથના મુખ્ય મંદિરની બને બાજુ શ્રી મંદિરસ્વામીનું તથા નવા આદીશ્વરનું જિનાલય છે, તે મૂળ વસ્તુપાળ–તેજપાળે બંધાવ્યાનું કહેવાય છે.

કહેવાય છે કે–શ્રી વસ્તુપાળ તેજપાળે શત્રુંજયની બાર વખત યાત્રા કરી હતી. સં. ૧૨૯૬માં વસ્તુપાળે અંતિમ જીવન સિદ્ધાચળની છાયામાં વીતાવવાની ઈચ્છા દર્શાવી અને તેરમી વખત યાત્રાએ નીકળ્યા પણ અંકેવાળીયા પાસે દેહમુક્ત થયા. તેમનાં શબનો અગ્નિસંસ્કાર શત્રુંજયની છાયામાં કરવામાં આવ્યો.

આબુ, શત્રુંજય અને ગિરનારનાં મંદિરો બંધાવવામાં તેમણે ૪૪ કરોડ અને ૩૬ લાખ જેટલું દ્રવ્ય ખરચ્યું હતું.

ધન્ય એ બાંધવબેલડી!

મંત્રીશ્વરની પ્રતિજ્ઞા

મહારાજા કુમારપાળે પોતાના મંત્રી ઉદયનને સૌરાષ્ટ્રના એક માંડલિકને જીતવા માટે મોકલ્યા. વઢવાણ શહેરની પાસે આવ્યા ત્યારે પાસે જ આવેલા શ્રી શત્રુંજયગિરિની યાત્રાની ભાવના જાગી. લશ્કરને યથાસ્થાને રવાના કરી મંત્રી યાત્રાએ આવ્યા દર્શન–પૂજન કરી સ્તવનાર્થ બેઠેલા મંત્રીએ જોયું કે–એક ઉંદર દીપકમાંથી વાટ લઈને પાસે જ મંદિરના પરિઘરમાં છૂપાઈ ગયો. મંદિરનું પરિઘર કાષ્ઠમય હતું, જીર્ણ પણ થવા આવ્યું હતું. મંત્રીએ મનથી નિર્ણય કર્યો કે આ યુદ્ધમાંથી વિજય મેળવી આ તીર્થનો ઉદ્ધાર કરીશ.

શત્રુઓ સાથે ભારે યુદ્ધ થયુ. મંત્રીએ વીરતા બતાવી શત્રુનો સંહાર કર્યો, પણ મંત્રીને ઘણા પ્રહારો થવાથી તે ઘાયલ થયા અને અન્તિમ ઘડીઓ આવી પહોંચી તેમ લાગવાથી પોતાના સેનાનીઓને કહ્યુ કે 'હું' મારા સ્વામીનુ કર્તવ્ય બજાવી જાઉં છુ તેથી મને અત્યંત આનંદ થાય છે. પણ પરમ પવિત્ર શત્રુંજય ગિરિરાજના ઉદ્ધારની મારી પ્રતિજ્ઞા પૂરી ન કરી શકવાને કારણે મને દુઃખ થાય છે. ખેર, જેવી ભવિતવ્યતા! પણ મારા પિતાવત્સલ પ્રિય પુત્રને મારો અન્તિમ સંદેશ કહેશો.

મંત્રીવર્યના અગ્નિસંસ્કારની ક્રિયા કરીને સૈન્યે પ્રયાણ કર્યું. વિજય અને મંત્રીજીની વીરતા તથા દેહત્યાગના સમાચાર સાથે બન્ને પુત્રો બાહડ તથા અમ્બડને મંત્રીજીનો અંતિમ સંદેશ કહ્યો. બન્ને પુત્રોએ સંદેશ શીરોધાર્ય કર્યો.

શત્રુંજયના ઉદ્ધારની તૈયારી થવા લાગી. બે વર્ષમાં મંદિર તૈયાર થઇ ગયુ. પ્રતિષ્ઠાના દિવસની રાહ જોવા લાગ્યા. તેવામા એકાએક સમાચાર આવ્યા કે પવનના સખ્ત ઝપાટાથી મંદિરમા ચિરાડ પડી છે. કુમારપાળ મહારાજાની આજ્ઞા લઇ ચાર હજાર ઘોડેસવારોની સાથે શત્રુંજય આવ્યા. કારીગરોને પૂછતા જાણ્યુ કે મંદિરની અંદર પ્રદક્ષિણાને માટે જવા આવવાનો જે માર્ગ બનાવ્યો છે તેમા જોરદાર હવાના ઝપાટા લાગવાથી મધ્યભાગ ફાટી જાય છે. વળી શિલ્પશાસ્ત્ર પ્રમાણે જો તે માર્ગ ન રાખવામા આવે તો મંદિરના નિર્માતાને સંતતિનો અભાવ રહે એવુ વિધાન છે.

મંત્રીએ કહ્યું "મને ભલે સંતતિ ન થાય પણ મંદિર એવું અનુપમ અને મજબૂત બનાવો કે કદાપિ ફાટવા-તૂટવાનો ભય ન રહે"

મંત્રીવરનો તીર્થપ્રેમ, ધર્મપ્રેમ તથા ત્યાગ અને પ્રતિજ્ઞાને ભૂરિ ભૂરિ વંદન !

મંદિર તૈયાર થઈ ગયું અને પાટણથી કળિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય અને મોટા સઘ સાથે સં. ૧૨૧૧ માં અનુપમ પ્રતિષ્ઠા કરી પિતાની અંતિમ પ્રતિજ્ઞાનું પાલન કર્યું. આ મંદિર બનાવવામાં બાહડ મંત્રીને એક કરોડ અને સાઠ લાખ રૂપીઆનો ખર્ચ થયો હતો.

રત્નોનાં દાન.

મહારાજા કુમારપાળ શત્રુંજયની યાત્રાએ સંઘ સાથે આવ્યા એટલે તીર્થમાળ પહેરવી જોઈએ, પણ તીર્થમાળ પહેરનાર માળ પહેરવા માત્રથી કૃતકૃત્ય થતા નથી; પરંતુ માળ પહેરવા પછી સંઘનાં હિત માટે, સ્વામીભાઈના કલ્યાણ માટે તથા શાસનના ઉદ્યોત માટે દિનરાત પ્રયત્નશીલ રહેવું જોઈએ યથાશક્તિ તો થોડું ઘણું થશે પણ અંડીયા રાજ્યો ધર્મદ્રઢતાનો લાભ લઈ માથું ઉંચકશે એ દૃષ્ટિએ તીર્થમાળ માટે જેને લાભ લેવો હોય તેને લેવાની ઉદારતા દર્શાવી.

આ વખતે મહુવાના હંસ મંત્રીના પુત્ર જગડુશા પણ આવેલા. જગડુશાના પિતાને પરિગ્રહ પરિમાણવ્રત હતું. લક્ષ્મી વધવા જ લાગી. એ અઢળક સમૃદ્ધિનો તીર્થસેવા માટે

ઉપયોગ કરવા પ્રતિજ્ઞા કરી પણ મંત્રી તો પુત્રને પ્રતિજ્ઞાની પૂર્તિ કરવાની આજ્ઞા કરી સ્વર્ગે સીધાવ્યા. આચાર્યશ્રીએ જગડુને તેની યાદ આપી અને તીર્થમાળ પહેરી તીર્થસેવાનો લાભ લેવા ઉપદેશ આપ્યો.

જગડુના આનંદનો પાર ન હોતો. મહારાજા કુમારપાળની સમક્ષ પોતાને તીર્થમાળનો લાભ મળે એ અનુપમ ગણાય. તે ગુરુની આજ્ઞા સાંભળતાં બધાના આશ્ચર્ય વચ્ચે આનંદ ઊર્મિઓ દોડ્યા અને જ્યાં સ્ત્રીઓનો સમૂહ બેઠો હતો ત્યાં પહોંચ્યો અને માતાનાં ચરણમાં શીર ઝુકાવ્યું. તીર્થમાળનું મુહૂર્ત આવ્યું. બધા શોધવા લાગ્યા અહીં જગડુ માતાના ચરણ હર્ષાશ્રુથી પખાળી રહ્યો હતો. માતા કહે 'તીર્થમાળ તું પહેર અને તીર્થપતિની ભક્તિનો લહાવો લે.' જગડુ કહે 'માતાજી, એ તીર્થમાળ તો તમે જ પહેરો. મારાં એવાં ભાગ્ય ક્યાંથી કે મારા માતુશ્રી તીર્થમાળ પહેરે તે હું જોઈજોઈને મારું જીવન ધન્ય માનું. મારા પિતાની સમૃદ્ધિનો મારાં ધાર્યા માતાના હાથથી જ ઉપયોગ થાય તેમાં જ મારું કલ્યાણ છે માળ પહેરવાનો હક્ક મને નથી પણ મારાં માતુશ્રીનો છે. હું તેનો કિંકર છું. મને તો તેમના મંગળ આશીર્વાદ જોઈએ '

આ વખતે તીર્થસેવા માટે **પાંચ** બહુમૂલ્ય રત્નો જગડુએ આપ્યા અને મધુમાલતી–મહુવાના નામને ઉજ્જ્વળ કર્યું. મહારાજા કુમારપાળ તો આ તીર્થપ્રેમ જોઇ આનંદ આનંદ પામ્યા એક એક રત્ન સવાલક્ષ દ્રવ્યનું હતું.

ભીમા કુંડલીનું ભાગ્ય

બાહડમંત્રી સંઘ સહિત પાલીતાણા આવ્યા છે. તળેટીમાં વિશાળ તંબુઓ ખેંચાયા છે. 'બાહડપુર' નામનું નાનું ગામ વસી ગયું છે. આસપાસથી ગુજરાતનો સૂબો શત્રુંજયનો ઉદ્ધાર કરવા આવેલ છે તેવી વાત સાંભળી હજારો માણસો યાત્રાએ આવી રહ્યાં છે ટીમાણા ગામના ભીમા કુંડળીયાને યાત્રા કરવાની ઈચ્છા થઇ. ઘીની કુંડળી ગામમાં મૂકીને તે શત્રુંજયની તળેટીએ આવ્યો. યાત્રા કરી ભીમો પણ બાહડમંત્રીના દર્શન કરવા ગયો. તંબુઓની પાસે તીર્થભક્તિનો લ્હાવો લેવા ફાળો ચાલતો હતો. ભૂત ભડકામણા વેશવાળા ભીમાને જોઇને કેટલાક યુવાનો મશ્કરી કરવા લાગ્યા. 'કેમ શેઠ! પાયો પૂરવાનો વિચાર કરો છો કે શું?' ભીમાએ ભોળા ભાવે જવાબ આપ્યો:- 'ભાઈ! મારી પાસે તો સાત રૂપીયા(દામ)ની માયા-મૂડી છે. જો તે આમાં વપરાય તો મારે મન લાખું છે. કહો તો આપી દઉં.'

મશ્કરીમાં તેને બધા બાહડ મંત્રી પાસે લઇ ગયા. 'મંત્રીરાજ! આ શેઠ પોતાની સાત દામની માયા શત્રુંજય ઉપર ખર્ચવા આવ્યા છે.' મંત્રીને આશ્ચર્ય થયું. પોતાની પાસે ભીમાને બેસારીને નામ-ગામ પૂછયું. ભીમાએ બે હાથ જોડી કહ્યું કે 'મહારાજ, હું ટીમાણાનો રહીશ છું. આસપાસના ગામડામાં ઘીની ફેરી કરું છું. આપ પધાર્યા છો ને જાણી યાત્રા કરી આપના દર્શનાર્થે આવ્યો છું.

અમારા ગરીગનુ શું ગજુ પણ મારી માયામૂડી જો આ તીર્થના પાયામા પડે તો બેડોપાર થઈ જાય મારી ભૂલ થઈ હોય તો માફ કરશો." બાહડ આ સરલ ભાવના જોઈને મુગ્ધ થઈ ગયો ભીમાને ધન્યવાદ આપ્યો

ભીમો ઘેર ગયો એટલે સ્ત્રીને વાત કરી એટલામા ગાયે ખીલો તોડાવ્યો ને ભાગી પત્નીની આખમા આસુ આવી ગયા કે–આ ગાય પણ ચાલી જુઓ તો ખરા, પણ જ્યા ખીલા પાસે જાય તો ધનનો ચરૂ દેખાયો તે લઈને ગયો બાહડમત્રી પાસે મત્રી તો આ હકીકત જાણી આનદિત થયા ભક્તિનુ ફળ તાદૃશ જોઈને તેમની શ્રદ્ધા વધી ભીમાએ આ લક્ષ્મી પુણ્યકાર્યમા વાપરી ધન્ય એ શ્રદ્ધા

સવા સોમાની કથા

વણથલીના સવચદશેઠ અગ્રગણ્ય વેપારી પ્રામાણિકતા પ્રતિષ્ઠા અને શુભનિષ્ઠા એ એમનો મુદ્રાલેખ મોટા ગરાસ-દારો અને શેઠ-શાહુકાર બધા તેમને પોતાની મિલ્કત આપતા અને શેઠને ત્યાથી અર્ધી ગતે તે પાછી મેળવી શકતા એક વખત એક ગરાસદારને ઈર્ષાખોર વેપારીએ ભભેર્યો સવચદ શેઠ ખોટમા છે. તમારી મૂડી પાછી મળી રહી ગરાસદાર મુઝાયો સવચદને ત્યા આવ્યો પોતાના કુમાર સાથે મનદુ ખ થયુ છે અને કુમાર બધી મૂડી આપવા કહે છે તેમ બહાનુ કાઢી માગણી કરી લાખ બાગાશાહીની વાત હતી પેઢીમા આજે એટલી સીલક નહોતી વહાણો આવ્યા ન હોતા ઉઘરાણી જલદી મળે તેમ નહોતી.

પ્રતિષ્ઠાનો સવાલ હતો. થોડી મુંઝવણ થઈ. થોડીવાર વિચાર કરી અમદાવાદના પ્રતિષ્ઠિત સોમચંદ શેઠ ઉપર હુંડી લખવા બેઠા. હુંડી લખતાં પોતાની શાખ કેવી રીતે રહેશે તેનો કંપ અનુભવ્યો. બે આંસુનાં ટીપાં પણ હુંડી પર પડી ગયાં. ગરાસદાર સોમચંદ શેઠની પેઢીનું નામ પૂછતો અમદાવાદ આવ્યો. શેઠ બહાર ગયેલા. મુનીમે હુંડી જોઈ સવચંદ શેઠનું ખાતું શોધ્યું પણ આખી ખાતાવહીમાં સવચંદ શેઠનું નામ ન મળે. ગરાસદારને શેઠ આવે ત્યારે આવવા સૂચના કરી ગરાસદારને શંકા પડી. લાખ બાણાશાહીની રકમની ચિંતા થવા લાગી. ન ખાધું, ન પીધું, બે કલાક આંટો મારી પાછો આવ્યો. સોમચંદ શેઠ હુંડી તપાસતા બેઠા હતા. મુનીમે સવચંદ શેઠના ખાતાની ચોકખી ના સંભળાવી દીધી. હુંડી વાંચતાં વાંચતાં ધ્રુજેલા હાથે લખેલું લખાણ અને આંસુનાં ટીપાનાં ડાઘથી વસ્તુસ્થિતિ સમજી ગયા. કોઈ ખાનદાન પ્રતિષ્ઠિત વેપારીએ મારા પર વિશ્વાસ મૂકી આ હુંડી લખી છે. શેઠે મુનીમને જણાવ્યું કે-મારે ખાતે લખીને હુંડી સ્વીકારી આપો. જમીનદાર નાણા લઈને આનંદિત થઈ ચાલી નીકળ્યો.

થોડા દિવસો પછી સોમચંદ શેઠનું નામ લેતા કોઈ મહેમાન આવ્યા છે કોઈ આડતીયા હશે એમ ધારી શેઠ ઘેર લઈ ગયા. જોખમ ગાડીમાંથી પટારામાં મૂકાવ્યું. જમીને પાન સોપારી લેતા મહેમાન શા માટે આવ્યા છે? શું ખરીદી છે? તેમ વાતો ચાલી. મહેમાને વાત શરૂ કરી. સોમચંદ શેઠ! તમારા રૂપીઆ વ્યાજ સહિત લઈ લ્યો. ખાતું

ચૂકતું કરો. શેઠને આશ્ચર્ય થયું. શેના રૂપીઆ? શેની વાત? મહેમાને યાદી આપી થોડા દિવસો પહેલાં આપે મારી લાજ રાખી હતી. મારી હુંડી તમે સ્વીકારી આપી મને ઉજળો કર્યો. સોમચંદ શેઠને વાત યાદ આવી. સવચંદ શેઠને કહ્યું "મેં મારી ફરજ બજાવી છે. વેપારી બીજા વેપારીની શાખ રાખે તેમાં શું નવાઈ? પણ એ રૂપીઆનો તો જમે ખર્ચ ન ખાઇ ગયો છે. એ રૂપીઆ મારાથી તો હવે નહિ લેવાય. સવચંદ શેઠે આગ્રહ કર્યો પણ સોમચંદ શેઠે રૂપીઆ ન લીધા તે ન લીધા. હવે શું કરવું? રૂપીઆ પાછા લઈ જવાની વાત તો સવચંદ શેઠને ગમી નહિ. તેમની ધર્મનિષ્ટ ભાવનાએ સુંદર માર્ગ શોધી કાઢયો અને તે પવિત્ર શત્રુંજય પર એ લક્ષ્મીનો સદુપયોગ કરવાનો. એ જ સવા-સોમજીની ટુંક. આ રકમમા લાખો રૂપીઆ વધારીને આ અનુપમ અને ઊંચામા ઊચી ટુક બાંધવામાં આવી છે, જે જોઇને આપણને આનંદ આનંદ થાય છે.

મોતીવસી-શ્રદ્ધાનું જ્વલંત દૃષ્ટાંત

મોતીચંદ શેઠ મુંબઇના વેપારી, વહાણવટીનો ધંધો. ધીમે ધીમે આઠેક વહાણ ઘરનાં કર્યાં. એક વખત વહાણ ચીન જતું હતુ. તેમાં દાણચોરીનો માલ-અફીણ છે એવો સરકારને વહેમ પડ્યો. વહાણને પકડી પાડવા સ્ટીમલોંચ મૂકી શેઠે વાત જાણી. તેમણે સંકલ્પ કર્યો કે વહાણ બચી જાય તો કુલ ઉત્પન્ન પોતે શ્રી શત્રુંજય તીર્થ ઉપર ખર્ચશે શુદ્ધ શ્રદ્ધાના બળે વહાણ બચી ગયું. શેઠને

બાર તેર લાખ રૂપીઆની આવક થઇ. એ રકમ સિદ્ધાચળ ઉપર ખર્ચવાનો દૃઢ નિર્ણય કરી જુદી કાઢી નાખી

'શેઠ! મારી ભાવના સિદ્ધગિરિ ઉપર એક ટૂંક બાંધવાની છે કોઇ સુંદર જગ્યા શોધી આપશોને ?'

'તમારી ભાવના તો ઉત્તમ છે પણ શત્રુંજયગિરિ મંદિરોથી એવો ભરચક છે કે જગ્યા મળવી મુશ્કેલ છે' હેમાભાઇ શેઠે મોતીચંદ શેઠની ભાવનાની સફળતા માટે શંકા બતાવી

'પણ શેઠ માગી પ્રતિજ્ઞાનું શું ? હું તો ગમે તે જગ્યા શોધીને ટૂંક બંધાવીશ જ'

'શેઠ! એ તો બરાબર છે તેમાં માગી ક્યાં ના છે ?'

'આ ખાડ તો આપશો ને ?' મોતીચંદ શેઠે દાઢ માથી પૂછ્યું

'અરે આ ખાડી તે શે પૂરાય ? પણ તમારું ધ્યાન પડતું હોય તો જુઓ ?'

'બરાબર છે અમને તો ખાડોજ આપશો ને ? પણ એ ખાડ ઉપરજ મંદિરો થશે'

હેમાભાઈ શેઠ મોતીચંદ શેઠની આવી જ્વલંત શ્રદ્ધા જોઇને મુગ્ધ થઈ ગયા

મોતીચંદ શેઠ વ્યાપારી હતા શ્રદ્ધાળુ હતા, બજી વિશિષ્ટ પ્રમાણનું હતું. પ્રતિજ્ઞા પૂર્ણ કરવાની તમન્ના હતી ડુંગર ઉપર તપાસ કરી તો પોતાની ઇચ્છા પાર પડે એવી વિશાળ જગ્યા તેમના ધ્યાનમાં ન આવી

તેમની નજર કુતાસરની ખાડ ઉપર પડી શત્રુંજયના બે શિખરો–ચૌમુખજીની ટૂંકવાળુ અને બીજુ આદીશ્વર ભગવાનના મૂળ દેરાસરવાળુ, એ બેની વચ્ચે ડુંગરની ગાળી હતી ગાળી એટલે ખાડ એ એટલી ઊંડી હતી કે નજર નાખતા તમ્મર આવે શેઠને ઊર્મિ જાગી કે બીજી જગ્યા ન મળે તો આ ખાડને પુરાવી અહીં મંદિરો બંધાવવા.

હેમાભાઈ શેઠ તો આ કલ્પનાની વાત સાભળી હસી પડયા

'શેઠ, આ હવાઇ કિલ્લા જેવી વાત છે. આ ઊંડાણનો આરોવારો નથી ઉપરથી નીચે જતી નીસરણીની હારોની હારો જોઈ કે ?'

'અરે ! આ તો શું કરૂં ? સુખાઈ દૂર પડી ! જો નજીક હોત તો મારી વખારોની ચીની–ચીનાઈ સાકરથી આ ખાડો પૂરી દેત.'

મોતીશા શેઠે તુરત જ ખાતમુહૂર્ત કર્યું

એ ખાડો પૂરવા માટે દેશદેશના મજૂરો બોલાવ્યા. પાણીની તંગી બોલાણી તો શત્રુંજી નદીમાથી એક હાડાના ચાર આના આપી પાણી પૂરુ પાડયુ. કામ ધમધોકાર ચાલ્યું કડીયા મજૂરો કારીગરો ને મહેતાઓ રાતદિવસ કામ કરવા લાગ્યા જોતજોતામા ખાડો પુરાવા લાગ્યો કામ એવું મજબૂત કર્યું કે સો વર્ષ પછી એની છો તોડતા છીણીની ધારો તૂટે પણ એ ધરતી ન તૂટે

એ ખાડો તો આજે અદૃશ્ય થઈ ગયો છે પણ એ ઉપરના પાકા પાયા ઉપર વિમાન આકારની મંદિરાવલિ કળા અને સ્થાપત્યની દૃષ્ટિએ ભવ્ય અને મુગ્ધકર લાગે છે એ મંદિરો અને મૂર્તિઓને જોઈને આનંદોદ્‌ગાર નીકળે છે અને શ્રદ્ધા, ભક્તિ અને પ્રેમનું જ્વલંત દૃષ્ટાંત હૃદયમાં કોતરાઈ જાય છે

દહેરાસરો તૈયાર થયા મોતીશા શેઠની હોંસનો પાર નહોતો મહોત્સવનાં મુહૂર્તો નક્કી કર્યાં ઊભી સોરઠનો સંઘ કાઢવાનું નક્કી થયું પણ માણસનું ધાર્યું કયાં થાય છે? શેઠની તબીયત નરમગરમ ચાલતી હતી પોતાના પુત્ર અને મિત્રોને બોલાવી મંદિરનું કામ પૂરું કરી ધામ ધૂમપૂર્વક પ્રતિષ્ઠા કરવા ભલામણ કરી સં. ૧૮૯૨ ના ભાદરવા સુદ ૧ ને રોજ શેઠ સ્વર્ગે સીધાવ્યા

ખીમચંદ શેઠના ઉપર બધો બોજો આવી પડયો શેઠનો અંતિમ ઈચ્છાને માન આપવાની દૃષ્ટિએ મોતીશા શેઠના મિત્રો અમરચંદ દમણી અને કુંવરચંદ કસ્તુરચંદની સલાહથી શેઠને વિચારી પ્રતિષ્ઠાકાર્ય કરી લેવા નિશ્ચય કર્યો

સોરઠનો સંઘ નીકળ્યો સં ૧૮૯૩ ના પોષ વદી એકમે સંઘ પાલીતાણા પહોંચ્યો. સંઘમાં શેઠ હેમાભાઈ આવ્યા હતા એક હજાર સંઘવીઓ અને સવા લાખ યાત્રાળુઓ હતા અઢાર દિવસ પાલીતાણામાં ઝાંપે ચોખા મૂકાયા, કોઈને ધૂમાડો ન કરવો પડે એવી વ્યવસ્થા કરી એવો યોગ પ્રતિષ્ઠા મહોત્સવ કરવામાં આવ્યો કે આજ

સુધી લોકો યાદ કરે છે દરરોજના જમણનો જ રૂા ૪૦૦૦૦) ખર્ચ હતો પ્રતિષ્ઠા પછી તુરતજ મોતીશા શેઠના પત્ની અને ખીમચદ ભાઈની માતા દિવાળી શેઠાણી સ્વર્ગે સીધાવ્યા. જાણે કે પુત્રે શેઠની અંતિમ ભાવનાને સમજી કેવી અનુપમ રીતે પ્રતિષ્ઠા કરાવી તેની વધામણી આપવા સ્વર્ગમા શેઠ પાસે ગયા

આ પ્રતિષ્ઠા મહોત્સવમા અસાધારણ મેદની, ધમાલનો પાર નહિ પણ કોઈની પણ નાખોરી ફૂટી નથી, કોઈનું મરણ થયુ નથી, એ એક ચમત્કાર ગણાય

આ મંદિરો બાંધવા માટે એંશી હજાર રૂપીઆના દોરડાનો ખર્ચ થયો હતો

ધન્ય એ તીર્થપ્રેમ, ધન્ય એ ભાવના, ધન્ય એ શ્રદ્ધા, ધન્ય એ લક્ષ્મી અને ધન્ય એ ભક્તિ !

સંઘ જમણ

શેઠ મોતીશાના પુત્ર ખીમચદ શેઠ સંઘ સહિત આવ્યા છે અમદાવાદથી પ્રેમાભાઈ શેઠ તથા જુદી જુદી ટૂંકોના મંદિરોની મૂર્તિઓની અંજનશલાકા અને પ્રતિષ્ઠા માટે બાવન સંઘ એકઠા થયા હતા લલિતસાગરને તીરે એક નગર વસી ગયું હતુ પુરબાઈની ધર્મશાળા હાલ છે ત્યા એક ચોતરા ઉપર સંઘવીની બેઠક ગોઠવવામાં આવી હતી, તથા સંઘવીની હાજરી જાણવા વાવટો ચડાવી રાખવાની સુંદર વ્યવસ્થા કરી હતી સાંજના દરેક સંઘવી અહીં મળતા હતા ને બીજા દિવસના જમણનો આદેશ અહીં અપાતો.

એક દિવસ રાત્રિનો સમય હતો ધીમે ધીમે સંઘવીઓ તથા આગેવાનો આવવા લાગ્યા બીજા દિવસના જમણ માટે કોને આદેશ આપવો તેની વાતો ચાલતી હતી આદેશ આપનાર જુદા જુદા ગૃહસ્થોને પૂછતો હતો એક મારવાડી ડોશીમા સામાન્ય કપડામાં એક બાજુ બેઠા હતા જમણના આદેશની વાત સાભળીને ચમક્યા

'ભાઈ! શેનો આદેશ આપો છો?'

'માડી! આવતી કાલના જમણનો '

'ભાઈ! મને એ લ્હાવો લેવા દોને? મારી ભાવના પૂરી થશે?'

'પણ માડી! આ તો આવતી કાલના જમણવારની વાત છે તે કાંઈ આગલી મંગળદિવાની ઓની નથી સમજ્યા માડી!'

'ભાઈ સમજુ છું! મારા એવા ભાગ્ય ક્યાથી કે સંઘસમુદાય મારુ આગણું પાવન કરે ને પ્રસાદી ચાખે?'

'પણ ડોશીમા જાણો છો આ જમણમા કેટલુ ખર્ચ આવશે?'

'ગગા! ઇતો હુ શુ જાણુ! પણ જે થાય તે ખરૂ તેની શીદ ફીકર કરવી? ભલેને લાખ થાય!'

આ સાભળી સંઘવીઓ અને આગેવાનો સ્તબ્ધ થઈ ગયા ડોશીના દેદાર જોતા તેની આટલીબધી શક્તિ જણાતી નહોતી

'માતાજી એટલા બધા રૂપીઆ જોઈશે, કે ન પૂછો વાત, એ કયાથી કાઢશો ?'

'ગગા ! કેટલા બધા રૂપીઆ તારે જોઇએ, લે માડ ગણવા ને માડ ઉપાડવા ' કહીને પાસેની ગોદડીનો ગાભો ચીરી તેમાંથી સોનામહોરનો વરસાદ વરસાવ્યો બધા આશ્ચર્ય ચકિત થઇ ગયા અને ધન્ય ધન્ય બોલવા લાગ્યા

બીજે દિવસે તે મારવાડી ડોશીનુ જ જમણ થયુ અને ડોશીમાની શ્રદ્ધાની વાત પાલીતાણાના ખચ્ચાખચ્ચામા થવા લાગી

બહાદુર જુવાનને ઓળખો છો ?

ગ્રીષ્મઋતુના દિવસો હતા બપોરનો સમય, તાપ અસહ્ય હતો એક યુવક ધોયેલા કપડા અને હાથમા કપડા ધોવાનો મોટો ધોકો લઈને ઘેર આવ્યો જરા આરામ લેવા આડો પડ્યો

એ યુવક ભાવસાર જાતિના ટીમાણીયા ગોત્રનો હતો શત્રુજયગિરિની શીતળ-છાયા પાલીતાણામા રહેતો હતો હજી બ્રહ્મચારી હતો ભાઈ અને ભાભી સાથે રહેતો હતો કપડા રગવાનુ કામ એટલે હમેશા નદીએ કપડા ધોવા જવાનુ રહેતુ

ભૂખ ખૂબ લાગેલી, હાથ પગ ધોઈ રસોડામા ગયો તો રસોઇને વાર હતી થાક અને ભૂખથી અકળાયેલા જુવાનને ગુસ્સો આવી ગયો ' બપોર સુધી રસોઇ નથી થઇ

ઘર બેઠાં બેઠાં એટલું યે નથી થતું ? બીજું કામ પણ શું છે ? હવેથી એ નહિ ચાલે " ભાભી પણ દિયરના આવા તીખા શબ્દો સહન ન કરી શકી. "ઓહો ! રસોઈને થોડી વાર લાગી એમાં તો ગુસ્સો આસ્માને ચઢયો. એટલું બધું જોર શેનું બતાવો છો ? હજી તો તમારા ભાઇ કામે છે અને તમે બેઠા બેઠા તાગડધિન્ના કરો છો. બળ બહુ હોય તો સિદ્ધાચળની જાત્રા બંધ છે તે છોડાવોને ? સિંહને મારો તો ખરા શૂરવીર કહું ?" ભાભીનું મેણું સાંભળતાં જ ધોકાને હાથમાં લેનોકને ચાલી નીકળ્યો પ્રતિજ્ઞા કરી "ભાભી ! જ્યાં સુધી સિંહને મારીને ન આવું ત્યાંસુધી ઘરમાં પગ મૂકીશ નહિ "

કેટલાક લોકો તો મશ્કરી કરતા રહ્યા ને યુવક ચાલી નીકળ્યો. તળેટી પાસે મિત્રોની વિદાય લીધી ને ચાલી નીકળ્યો. તેણે જણાવ્યું કે "ઉપર જઇ સિંહને મારી ઘંટ વગાડું તો જાણશો કે સિંહ માર્યો છે, નહિ તો મને મરી ગયેલો જાણશો."

દઢતા અને નિર્ભયતાથી ચઢવા લાગ્યો. નશીબયોગે સિંહ એકે ઝાડ નીચે સૂતો હતો. વિચાર થયો કે સૂતેલાને કેમ મરાય ? દૂરથી લલકાર કરી અને સિંહ જ્યાં ઊંચું જોવા જાય છે ત્યાં પોતાનો ધોકો એવો તો ઝીંકયો કે સિંહ ત્રાડ પાડી ઊઠયો.

સિંહને સખ્ત ફટકો લાગ્યો, થોડીવાર બેભાન થઈ ગયો. વિક્રમસી સિંહને પડેલો જોઇ ઘંટ વગાડવા દોડ્યો. જેવો ઘંટ વગાડવા જાય છે ત્યાં પાછળથી સિંહે ઝપટ

મારી અને યુવાન પડી ગયો, પણ સિંહની ખોપરી તૂટી ગયેલી એટલે તે બેભાન થઈ પડ્યો બીજી બાજુ યુવાન પડ્યો યુવાનને થયુ કે સિહ તો માર્યો પણ ઘટ કેમ વગાડવો. તમામ શક્તિ એકઠી કરી, કપડાથી ઘાને મજબૂત બાધી, ધીમે ધીમે લથડતે પગે ઊભા થઇ જોરજોરથી ઘંટ વગાડ્યો રાહ જોતા લોકો ઘટ સાભળી ઉપર આવી પહોચ્યા એક તરફ સિહ અને એક તરફ વીર વિક્રમસી, યાત્રા છૂટી કરનારે પ્રાણ આપ્યા.

એ વીર વિક્રમસીનુ સ્મારક કુમારપાળના મદિર સામે લીબડાના વૃક્ષ નીચે આજ પણ મોજુદ છે

આપણે એ વીરને ન ભૂલીએ ધન્ય એ વીર, ધન્ય એ વીરતા.

પોપટનું જાતિસ્મરણ જ્ઞાન

મારી માતા વર્ષોથી એક પૌત્ર માટે ઝખતા હતા, પણ પુત્રીના જન્મથી તેમની આશાઓ ભાગી પડી મૃત્યુ પહેલા પૌત્રનુ સુખ જોવાની ભાવનાથી તે જીવન ટકાવી રાખતા હતા ચાર વર્ષ પછી આશાનુ કિરણ દેખાયુ અને માતાજીનુ હૃદય નાચી ઊઠયુ પર્યુષણ પર્વમા પૂજા અને વ્યાખ્યાન પછી આનદ ઉત્સવ અગે કુટુંબના આપ્ત જનોને બોલાવી માતાજીએ કહ્યુ "પરમાત્માએ મારી પ્રાર્થના સાભળી છે મારી છેલ્લી વાસના જરૂર પૂરી થશે તો મારુ જીવન સાર્થક થઇ જશે તમને બધાને સુખી—નીર્લ

વાડીમાં જોઈને મારો આત્મા અનેરો આનંદ અનુભવે છે. મારી ઇચ્છા તે મારા લાલ પૌત્રનું નામ આજથી નક્કી કરવાની જાગી છે હું તેના મુખારવિંદને તો જોઈશ ત્યારે ખરી પણ નામ તો નક્કી જ કરી લઉં"

કુટુંબીજનો તો વૃદ્ધ માતાની આવી આશ્ચર્યજનક વાતથી વિસ્મિત થયાં કોઇ શું બોલે ? પણ એક દસ વર્ષની બાલિકા બધાની વચ્ચેથી આગળ આવી માતાજીના ખોળામાં બેસી ગઈ અને કહેવા લાગી 'અમ્માજી ! એક સોનાની સીઢી બનાવરાવી તેના ઉપર તમારે ચઢવાનું, તે સીઢી દાનમાં આપવાની અને મિષ્ટ ભોજન કરી અમને બધાને જમાડવાના, બિરાદરીમાં લાડુ વહેંચવાના અને દહેરાસરજીમા પૂજા ભણાવવાની અને આપણે શ્રી સિદ્ધાચળજી હમણાં જઈ આવ્યા, તેની યાદમા પુત્રનું નામ 'સિદ્ધાચળજી ઉપરથી જ પાડવું' બધાં આ બાલિકાની વાત સાંભળી મુગ્ધ થઇ ગયાં. મારી સૂચના પ્રમાણે સિદ્ધરાજકુમાર નામ રાખવાનું નક્કી થયું.

૧૯૦૮ માં હું મુંબઇમાં સમેતશિખરના મુકદ્દમામાં રોકાયેલ હતો અને પુત્રજન્મના આનંદજનક સમાચાર મળ્યા મારી માતાના હર્ષનો પાર નહિ હોય. તેમની પ્રાર્થના ફળી દસમે દિવસે હું જયપુર પહોચ્યો અને બાળકને ખોળામા લીધો કે અત્યંત રડવા લાગ્યો અને અમારા બધા પ્રયત્નો નિષ્ફળ ગયા મારી માતાએ કોઈ સુંદર સ્તવન ગાવાની સૂચના કરી અને નીચેનું સ્તવન ગવાયું.

કયું ન ભયે હમ મોર વિમળગિરિ કયું ન ભયે હમ મોર
સિદ્ધવડ રાયણ રૂખડી શાખા, ઝુલત કરત ઝકોર, વિમળગિરિ
આવત સંઘ રચાવત અંગીયાં, ગાવન ગુન ઘમ ઘોર ,,
હમ ભી છત્ર કલા કરી નીરખત, કટને કર્મ કઠોર ,,
સુરત દેખ સદા મન હરખે, જૈસે ચંદ્ર ચકોર ,,
શ્રી રીખવેસર દાસ તિહારો, અરજ કરત કર જોર ,,

સિદ્ધવડનું નામ બાળકને કાને પડતાં બાળક રોતો બિલકુલ બંધ થઈ ગયો અને બહુ જ ધ્યાનપૂર્વક આખું સ્તવન સાંભળવા તલ્લીન થઈ ગયો. અગ્યાર દિવસના બાળકની આંખોમાં અને મુખારવિંદમાં, હૃદયમાં અને મનમાં આ સ્તવને એવી ઊર્મિ જગાડી કે જ્યારે-જ્યારે બાળક અસ્વસ્થ જણાય ત્યારે આ મધુર ગાયન તેના આત્માની શાંતિ માટે સંજીવની બની ગયું.

સિદ્ધરાજ ત્રણ વર્ષનો થયો. એક દિવસ સોના કાકી સાથે વાલકેશ્વર દર્શન કરવા ગયો. મૂળનાયકજીની પ્રતિમા જોઈ સિદ્ધરાજ બોલી ઉઠયો 'આદીશ્વર ભગવાનની પેલી પ્રતિમા આ પ્રતિમાથી મોટી હતી '

સોના—કુમાર, તું કયા આદીશ્વર ભગવાનની વાત કરે છે?
કુમાર—સિદ્ધવડના આદીશ્વર ભગવાન.
સોના—તું તે કયાંથી જાણે ?
કુમાર—મેં તે પ્રતિમાની પૂજા કરી છે.
સોના—જૂઠો કહીંનો ! તારા જન્મ પછી આપણે

સિદ્ધાચળ ક્યાં ગયા જ છીએ.

કુમાર—હુ જૂઠુ બોલતો નથી. હું સાચું બોલું છું.

સોના—એટલે તેં શું ભગવાનની પૂજા કરી છે ? કે સ્વપ્નમાં જોયા છે ?

કુમાર—મેં પૂજા કરી છે

સોના—તે બને જ કેમ ? ક્યારે પૂજા કરી બોલ મારા વત્સ !

કુમાર—પહેલાં.

સોના—એ કેવી રીતે ?

કુમાર—હું પોપટ હતો.

સોના—ક્યા રહેતો હતો ?

કુમાર—સિદ્ધવડમાં

આ આશ્ચર્યજનક વાત હતી માની મનાતી ન હોતી અને કુમારના વારંવારના સિદ્ધાચળના સ્મરણથી જૂઠી માનવાને પણ કારણ ન હોતુ. તે વારંવાર સિદ્ધાચળ જવા હઠ લેતો અને સિદ્ધાચળજીમાં વાપરવાની દૃષ્ટિએ થોડા રૂપીઆ જુદા એકઠા કરવા પણ લાગ્યો હતો.

ઇ. સ. ૧૯૧૨ ના જાન્યુઆરીમાં અમે પાલીતાણા આવ્યા સોનગઢથી ગિરિરાજના શિખરો જોતાં બાળક ઉત્સાહથી બોલી ઉઠયો કે—એ સિદ્ધાચળ દેખાય ! શિહોર સ્ટેશન આવ્યું અને ગાડી બદલવા પ્લેટફોર્મ ઉપર ઉતર્યા

કે કુમાર સિદ્ધાચળ તરફ જોઇને ગિરિરાજને પગે લાગ્યો. અને કહેવા લાગ્યો. જુઓ ! જુઓ ! કાકા સાહેબ ! પેલો કાળો પર્વત દેખાય છે ને એ જ સિદ્ધાચળ. હવે જલદી ઉપર જવાનું થાય તો કેવું સારું ?

પાલીતાણા આવ્યા અને બીજે દિવસે યાત્રા માટે ગયા. મારી ઉપર ચડવાની અશક્તિને લીધે હું ડોળીમાં બેઠો. મેં કુમારને ડોળીમાં મારી સાથે બેસવા વિનવ્યો પણ તે બેઠો નહિ અને મારા ભાઇની આંગળી પકડી ચાલવા લાગ્યો.

મારા ભાઈએ જણાવ્યું કે રસ્તામાં ઉપડામણીએ બાળકને ઉપાડવા કહ્યું પણ કુમારે ના પાડી. એક પણ વિસામે બેઠા સિવાય તે આનંદથી ચડી ગયો. તેની ભાવનાથી તેને માટે પહેલી પક્ષાળ, ચંદનપૂજા, ફૂલપૂજા વગેરેનું ઘી બોલી તેને પૂજા કરાવી. પૂજા કરતાં તેનો આનંદ અનુપમ હતો. અમે ચૈત્યવદન કરવા બેઠા ત્યારે તે કાઉસગ્ગમાં બેઠો હોય એમ બેસી ગયો અને આસપાસ યાત્રાળુઓનો અવર–જવર, સ્તવનોના સરોદો કે પૂજાની ધમાલ છતાં તે અડધો કલાક ધ્યાનમાં બેસી રહ્યો.

યાત્રા કરીને તે અત્યંત આનંદી દેખાતો હતો. હંમેશા યાત્રાએ આવવાનો તેણે વિચાર દર્શાવ્યો અને યાત્રા કરીને એક બે વાગે તે નાનો ચારેક વર્ષનો બાળક જમતો હતો. ડુંગર ઉપર તો પાણી સરખું લેતો નહિ.

સિદ્ધવડ–તેનું પ્રિયસ્થાન જોવાનું નક્કી કર્યું ત્યાં તેણે જે વૃક્ષ ઉપર તે રહેતો હતો તે બતાવ્યું અને અમારા

બધાના આશ્ચર્ય વચ્ચે તેને મુનિરાજશ્રી મોહનવિજયજીએ પૂછયું કે–આ સિદ્ધવડમાંથી બીજી કોઇ જગ્યાએ નહિ પણ જયપુરમાં ઢઢ્ઢાજીને ત્યાં જ જન્મ લેવાનું કેમ પસંદ કર્યું? આના જવાબમાં તે બાળકે નારા તરફ ફરીને જણાવ્યું કે–જ્યારે તમે અને મા સાહેબ અહીં યાત્રા કરવા આવ્યા ત્યારે મા સાહેબે મને જોઇને પૂછયું હતું કે–પોપટ–પોપટ, તું મારે ત્યાં આવીશ ? અને મેં ચાચવતી હા પાડી હતી. તે વખતે મેં તેમને ત્યાં જવાની ભાવના કરેલી.

શાંતમૂર્તિ મુનિમહારાજશ્રી કર્પૂરવિજયજી, મુનિમહારાજશ્રી હંસવિજયજી તથા મુનિમહારાજશ્રી મોહનવિજયજીએ બાળકની બધી વાતો જાણી તથા બાળક સાથે વાતો કરી જણાવ્યું હતું કે ખરેખર બાળકને જાતિસ્મરણ જ્ઞાન થયું છે.

હજારો યાત્રાળુ ભાઇ બહેનો કુમારને જોવા આવતા

આજે એ સિદ્ધરાજકુમાર ઢઢ્ઢા કલકત્તા વ્યાપારી ચેમ્બરમાં મોટા પગારથી સારા હોદ્દા ઉપર હતા ત્યાંથી રાષ્ટ્રીય લડતના અંગે જેલ મહેલમાં હતાં. હમણાં છૂટયા છે.

કેવી અદ્દભૂત સત્યકથા ! કેવો એ ગિરિરાજનો મહિમા: એક પોપટ જેવું પક્ષી, ભાવથી એકાદ બે વખત કે પાંચ દસ વખત પૂજા કરી, મનુષ્ય જન્મ પામી જાતિસ્મરણ જ્ઞાન મેળવે છે, તો આત્મશુદ્ધિ અને આત્મશાંતિથી વારંવાર યાત્રા કરનાર કેવું મહદ્દ પુણ્ય ઉપાર્જન કરી, આ મનુષ્ય ભવનું સાર્થક કરી શકે ?

જાવડશાનો ઉદ્ધાર.

કાંપિલ્યપુરમા ભાવડ અને ભાવલા-પતિ-પત્ની દરિદ્ર સ્થિતિમા હતા, પણ ધર્મભાવના સતેજ હતી ગોચરીઅર્થે આવેલા બે મુનિરાજોને વદન કરી યથાશકિત સેવા કરી. મુનિરાજ પતિ-પત્નીની ભકિતથી આનદિત થયા પ્રસન્ન ચિત્તે આશીર્વાદ આપ્યા કહ્યુ કે-આજે એક જાતવત ઘોડી વેચાવા આવશે તે ખરીદી લેજો ઘોડી ખરીદી લીધી. થોડા સમય બાદ ઘોડીએ એક અશ્વરત્નને જન્મ આપ્યો. આવા ઉત્તમ રત્નને જોઇ એક રાજાએ તે અશ્વને ત્રણ લાખ રૂપીઆમા વેચાતો લીધો પછી તો ભાવડે અશ્વોનો વેપાર કર્યો વિક્રમ રાજાને ભાવડે આવા ઉત્તમ અશ્વો ભેટ મોકલ્યા. વિક્રમ રાજાએ મધુમાવતી-મહુવા વગેરે બાર ગામ આપ્યા

મહુવામા પ્રવેશ કર્યો અને મગળ શુકન થયા તેની પત્નીએ પુત્રરત્નને જન્મ આપ્યો મહામહોત્સવ કરી જાવડ નામ પાડયુ જાવડ મોટી ઉમ્મરનો થયો ત્યારે તેના લગ્ન ઘેટી ગામના શૂર નામના શેઠની પુત્રી સુશીલા સાથે થયા

આ સમયે કાળપ્રભાવે શત્રુજયનો અધિષ્ઠાયક રૂઠયો હતો કોઇ યાત્રાએ આવી શકતું નહિ તીર્થની આશાતના થતી હતી ભાવડના મૃત્યુ પછી જાવડ ધર્મભાવ ટકાવી જીવન ગુજારતો હતો કોઇ યોગીરાજે જાવડને શત્રુજયના ઉદ્ધાર માટે પ્રેરણા કરી જાવડે ચક્રેશ્વરી દેવીનું ધ્યાન ધર્યું દેવી પ્રસન્ન થયા તક્ષશિલાથી અર્હત પ્રતિમાજી લાવી, ઉદ્ધાર કરવા સૂચવ્યુ મહુવામા આવતા જ વહાણો આવી

-

પહોંચ્યા શ્રી વજ્રસ્વામી પણ વિચરતા ત્યાં પધાર્યા. તીર્થ-ઉદ્ધાર માટે શ્રી વજ્રસ્વામી શત્રુંજય પધાર્યાં. અનેક વિઘ્નોને હઠાવી અધિષ્ઠાયકની સહાયતાથી નવા બિંબની પ્રતિષ્ઠા કરવામાં આવી.

પણ પતિ-પત્ની ધ્વજદંડ ચઢાવવાને પ્રાસાદના શિખર ઉપર ચઢયા ત્યાં અપૂર્વ આહ્‌લાદ અને આનંદમાં મગ્ન, પ્રભુની પ્રાર્થના-સ્તુતિ કરતાં કરતાં પોતાના જીવનને ધન્ય માની અપૂર્વ વિચારશ્રેણીએ ચઢી જતાં મૃત્યુ પામી દેવલોકે ગયા.

સૂર્યકુંડનો પ્રભાવ.

આભાપુરીના રાજા વીરસેનને ચંદ્રકુમાર નામનો પુત્ર હતોઃ પણ અપરમાતા વીરમતીએ વિદ્વેષથી સ્ત્રીચરિત્રથી કુકડો બનાવી દીધો. ચંદ્રકુમારની બીજી પત્ની પ્રેમલાલચ્છી વિમળાચળની યાત્રા કરવા આવે છે. યાત્રા કરી સૂર્યકુંડ પાસે શીતળ જળ અને શીતળ પવનનો આનંદ લેવા બેસે છે. કુકડાને એકાએક પૂર્વજન્મ યાદ આવ્યો, "અહો! તિર્યંચ અવસ્થામા સોળ સોળ વર્ષ વહી ગયાં કયાં સારી ગુણાવલી? કયાં મારું રાજ્ય? કયાં મારા સજ્જન? અરે! માતા પોતે જ વેરણ બની અહા! નટો સાથે દેશદેશાંતર ફર્યો. છેવટે પ્રેમલા-લચ્છી મળી. પણ તેની સાથે રાત-દિવસ રહેવા છતાં કેવો વિયોગ? આ જિંદગીનો શો અર્થ? તિર્યંચપણામાં કયાં સુધી રહેવું? કોની માતા, કોની પત્ની, કોનું રાજ્ય? આમ વિચારી તેણે એકદમ સૂર્યકુંડમાં ઝંપાપાત કર્યો. પ્રેમલા ગભરાઈ ગઈ. તે બોલી ઊઠી—અરે! આ શું કર્યું?

અરેરે! હું કયાં જાઉં? શું કરું? એમ કરતાં તે પણ કૂદી પડી. કુકડાને પકડવા જતાં અપરમાતાએ બાંધેલો જીર્ણ દોરો હાથમાં આવતાં તૂટી ગયો અને આશ્ચર્ય વચ્ચે કુકડો મનુષ્યત્વને પામ્યો. બન્ને તરવામાં કુશળ હોવાથી બહાર નીકળ્યા. એક બીજાને ઓળખ્યા અને આનંદ આનંદ પ્રસરી રહ્યો. સૂર્યકુંડનો આ પ્રભાવ હજારો યાત્રિકોએ જાણ્યો અને ચંદરાજાને જોવા માટે માનવમેદની ઉભરાઇ ગઈ.

પ્રેમલાલચ્છીની ભાવનાથી ચંદરાજાએ તીર્થાધિરાજ શ્રી આદીશ્વર ભગવાનની પૂજા બહુ ભક્તિભાવથી કરી.


ધન્ય ધન્ય સુરજકુંડ જળ, કલિમલ મલ હણનાર;
દીધો ચંદ જાણી ફરી, માનવનો અવતાર.

આ સુરજકુંડના પવિત્ર જળનો પ્રભાવ અલૌકિક છે. પાપરૂપી મળને દૂર કરનાર તરીકે તે પ્રસિદ્ધ છે. તેના પ્રભાવથી પક્ષી બનેલા ચંદરાજા મનુષ્યપણું પામ્યા.

એ પવિત્ર જળની અંજલિ સૌ યાત્રિકોને પાવન કરે છે.

પાલીતાણાના રમણીય સ્થાનો

મહારાજા સાહેબનો હવામહેલ,	પંચળીબીનો રોજો,
શૂરવીરોના પાળીઆ,	ઓવન પૂલ,
ભૈરવનાથનું મંદિર.	ભવ્ય દરબાર હોલ.
સાવલીંગાની વાવ,	ભીડભંજન મહાદેવ,
શ્રી નંદકુંવરબા અનાથાશ્રમ,	શ્રી બ્રાહ્મમંદિર
દસનામી અખાડો,	કાતાબાવાની ચૈતનસમાધિ
ગુરુ દત્તાત્રેયની ચરણપાદુકા,	જૂની તલાટી,



ગિરિરાજને માર્ગે

અદ્દભૂત જૈન કથા તરંગવતી તથા નિર્વાણકલિકા, પ્રતિષ્ઠાપદ્ધતિ અને જૈન નિત્યકર્મ તેમજ જૈન દીક્ષાના વિદ્વાન્ કર્તા શ્રી પાદલિપ્તસૂરિ એક અપૂર્વ શ્રુતસાગર અને યુગપ્રધાન હતા તેમને સિદ્ધિયોગ હતો. આકાશ ગામિની વિદ્યાના બળે તેઓ તીર્થયાત્રાઓ કરી શકતા તેમ કહેવાય છે. તેમના શિષ્ય નાગાર્જુને ગુરુના નામસ્મરણને માટે શ્રી શત્રુંજયની તળેટીમા પાદલિપ્ત નામે નગર વસાવ્યું તે પાદલિપ્ત એ જ આજનુ પ્રાતઃસ્મરણીય બનેલુ પાલીતાણા

સૌરાષ્ટ્રમા ગોહિલવાડ પ્રાતમા પાલીતાણા એક નાનકડું શહેર છે દેશપરદેશના હજારો યાત્રિકો આ શહેરમા દરવર્ષે ગિરિરાજ શત્રુંજયની યાત્રાએ આવે છે પાલીતાણા નાનુ પણ સ્વચ્છ, સુંદર અને રમ્ય શહેર છે

પાલીતાણાની શોભા, પાલીતાણાનુ ગૌરવ, પાલીતાણાની પ્રસિદ્ધિ અને પાલીતાણાની પ્રતિષ્ઠા એ ગરવા ગિરિરાજને લીધે જ છે

વિધવિધ માર્ગો–

પાલીતાણા આવવા માટે વિધવિધ રેલગાડીના માર્ગો છે.

(૧) મુંબઈ, અમદાવાદ, વિરમગામ, વઢવાણકેમ્પ, શિહોર
(૨) દિલ્હી, મારવાડ, આબુ, મ્હેસાણા, વીરમગામ, „
(૩) મુંબઈ, અમદાવાદ, ધોળકા, ધંધુકા, બોટાદ „
(૪) જામનગર, રાજકોટ વઢવાણકેમ્પ „ „
(૫) વેરાવળ, જુનાગઢ, જેતલસર, જેતપુર, ઢસા, ધોળા „
(૬) રાજકોટ, જેતલસર, જેતપુર, ઢસા, ધોળા, „
(૭) મહુવા, તળાજા, ભાવનગર „
(૮) મહુવા, કુંડલા, ઢસા, ધોળા „

ચાલો ચાલો વિમળગિરિ જઈએ,
ભવજળ તરવાને.

શિહોરથી ગાડી ઉપડતાં જ ગિરિરાજના દર્શન માટે બાળકો અને વૃદ્ધો, સ્ત્રીઓ અને પુરુષો, મારવાડી કે પંજાબી બધા અત્યંત ઉત્સુક બને છે હરીયાળા લીલમલીલા મેદાનોમાથી વળાંક લેતી ગાડી જેમ આગળ વધે છે તેમ તેમ મંદિરોના નગર સમા એ તીર્થરાજ ધવલ મંદિરોથી આચ્છાદિત નજરે પડે છે અને ગગનચુંબી શિખરોના સુવર્ણ કળશો આકાશમા ચમકતા તેજસ્વી તારલા જેવા દીપી ઉઠે છે અને

ભાવિક ભક્તોના કંઠમાંથી " જાત્રા નવાણું કરીએ વિમળગિરિ, જાત્રા નવાણું કરીએ " તથા "સિદ્ધાચળ ગિરિ ભેટ્યાં રે ધન્ય ભાગ્ય હમારાં " તેમજ " સિદ્ધાચળના વાસી જિનને ક્રોડો પ્રણામ" જેવાં ગીતો સરી પડે છે અને દૂરદૂરથી જ એ ગિરિરાજને હજારો મસ્તકો પ્રણિપાત કરે છે.

સ્ટેશનની સામે જ શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળના ભવ્ય મકાનો શોભી રહ્યાં છે

પાલીતાણા સ્ટેશને ઘોડાગાડીઓ દરેક સમયે તૈયાર મળે છે અને એક ગાડીના આઠ બાર આના ધર્મશાળા સુધીના એસે છે મેળાના દિવસોમાં બહુ યાત્રાળુઓ ઉતરી પડ્યા હોય છે ત્યારે વધારેમા વધારે સવા દોઢ રૂપિયો લેવાય છે. સામાન વિશેષ હોય તો બળદગાડી પણ આઠેક આને મળી રહે છે.

પહેલાં જગાતના નાકે યાત્રાળુઓને સામાન વિગેરે દેખાડવાની બહુ તકલીફ રહેતી પણ મહારાજા સાહેબના રજત મહોત્સવ પ્રસંગે જગાત કાઢી નાખવામાં આવી છે, તેથી ઘણી મુશ્કેલી ઓછી થઈ છે.

પાલીતાણામાં યાત્રાળુઓને માટે સગવડ અને અનુકૂળતાવાળી ઘણી ધર્મશાળાઓ છે ધર્મશાળાઓની યાદી પાછળ આપવામાં આવી છે. કલ્યાણ ભુવન, ચાન્દ ભુવન, ખુશાલ ભુવન, નહાર બીલ્ડીંગ આદિ અગત્યની સગવડવાળી ધર્મશાળાઓ છે બીજી ધર્મશાળાઓમાં પણ વ્યવસ્થા સારી છે.

તળેટી માર્ગ—

શત્રુંજય જેમ મંદિરોનું નગર છે, તેમ પાલીતાણા

ધર્મશાળાઓનું નગર મનાય છે. શહેરના મધ્યભાગમાંથી ધર્મશાળાઓ શરૂ થાય છે તે છેલ્લી ધર્મશાળા નહાર બીલ્ડીંગના નામે ઓળખાય છે ત્યાં પૂરી થાય છે. અહીંથી આગળ વધતાં પચીસ કદમ દૂર જતાં **શ્રી કલ્યાણવિમળની દહેરી** ઊંચા ઓટલા ઉપરની ઘુમટવાળી આવે છે, પાણીની પરબ પણ અહીં બેસે છે. વિમળગચ્છના શ્રીમાન્ મુનિરાજ શ્રી કલ્યાણવિમળ અને શ્રી ગજવિમળ મુનિરાજોનો આ જગ્યાએ અગ્નિ-સંસ્કાર કરવામાં આવ્યો હતો. ઉક્ત મુનિરાજોના પગલાં સાથે કુલ પગલાં જોડી ત્રણ છે.

તળેટીમાં તમામ યાત્રાળુઓને ભાતું આપવાની મંગળ શરૂઆત આ મુનિરાજ શ્રી કલ્યાણવિમળના ઉપદેશથી રાયબાબુ સીતાબચંદજી નહારના દાદાએ શરૂ કરેલ છે.

રસ્તામાં બાલમંદિર અને શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ આવે છે.

રાણાવાવ–

આગળ ચાલતાં રાણાવાવ આવે છે. આ વાવ સુરત-નિવાસી શ્રી ભુખણદાસ શેઠે યાત્રિકો અને પશુ આદિની તૃષા શાંત કરવા માટે બંધાવી છે. અહીં હોસ ચાલે છે અને હવાડામાં પાણી ભરાય છે. આ વાવ પાસે એક ઉંચા ઓટલા પાસે દહેરી છે તે મેઘમુનિનો સ્તૂપ છે. તે ત્રણ જોડી પગલાં છે.

જૈન નગર–

શ્રીમંતોને માટે હવા ખાવાના સ્થળો તો માથેરાન અને મહાબળેશ્વર જેવાં ઘણાંય છે. પણ પાલીતાણાની સુંદર હવા અને શત્રુંજય ગિરિરાજની યાત્રાનો લાભ ઉપરાંત ધર્મશાળામાં ગૃહસ્થને અનુકૂળ સુખ–સગવડો ન જ મળી શકે તે દૃષ્ટિએ ગિરિરાજના ચરણે એક જૈન નગર વસાવવાની રાવબહાદુર શેઠ શ્રી જીવાભાઈ પ્રતાપશી તથા રાવબહાદુર શેઠ અમૃતલાલ કાળીદાસ વગેરે ગૃહસ્થોને ભાવના જાગી. નામદાર ઠાકોર સાહેબે બહુ જ આનંદપૂર્વક ૯૯૯ વર્ષનાં પટે વિશાળ જમીન આપી અને આજે જૈન નગર તલાટીની પાસે જ વસી રહ્યું છે. તેમાં અદ્યતન પદ્ધતિના અનેક જાતની સગવડોવાળા વિલાઓ બની રહ્યા છે. રસ્તા અને સડકો તથા વીજળીની રોશની વગેરેથી તે સુંદર દેખાય છે હરેક વિલામાં નાના નાના બગીચાઓ થવા લાગ્યા છે. યુદ્ધની અસહ્ય મોંઘવારી તથા કન્ટ્રોલને લીધે થોડા જ વિલાઓ થયા છે. હવે બીજા બંગલાઓ થશે ત્યારે જૈન નગરનો દેખાવ રમણીય લાગશે.

રાણાવાવથી ચાર ફર્લાંગ દૂર જતાં ગિરિરાજની તળેટી આવે છે પ્રાચીન સમયમાં આ ગિરિરાજ કાઠિયાવાડના જુદા જુદા નાના મોટા પર્વતોને આવરી લેતો મોટો વિશાળ-

કાય પર્વત¹હતા અને તેની તળેટી શ્રી વલ્લભીપુર નગર પાસે હતી કાળના વહેવા સાથે નાના મોટા પર્વતો ખંડિત થતા ગયા. વસ્તી વધવા લાગી, સમુદ્ર દૂર ચાલ્યો ગયો અને તળેટીનું સ્થાન બદલાઈ ગયું

ડોળી કે ઉપડામણીઆ—

શહેરથી તળેટી સુધી ઘોડાગાડીઓ વધારેમા વધારે એક યાત્રાળુના બે આના ભાડું લઈને આવે છે.બળદ ગાડીઓ પણ આવે છે અને જાય છે અહીં ગિરિરાજ ઉપર ચઢવા માટે જે ભાઇ બહેનોને ડોળીમાં બેસીને જવું હોય તેઓ માટે ડોળી લઈને જનાર તૈયાર હોય છે ડોળીના ભાવ નિશ્ચિત નથી હોતા મેળાના દિવસોમા રૂા ૪ થી ૮ એક જણના લેવાય છે સાધારણ દિવસોમા રૂા. દોઢથી બે સુધીમાં પણ ચઢવા ઉતરવાની ડોળી થાય છે નાના બાળકો માટે ઉપડામણીઆ મળે છે જે એક છોકરાને ઉપાડવાના આઠથી બાર આના જતાં આવતાના લે છે.

---

૧ ગિરિરાજ શત્રુંજયનો વિસ્તાર અત્યંત વિશેષ હતો આખો પ્રદેશ પહાડી અને ડુંગરાળ હતો આજે પણ ચાપનાથ, ઇસાલવા, શિહોર, મહુડા, સોનગઢ પાસેની ટેકરીઓની હારની હાર, ખોખરાનો ડુંગર, કદમ્બગિરિ, હસ્તગિરિના શિખરો તથા તાલધ્વજની ટેકરી; પૂર્વમા ભાડવો ડુંગર, હાથસણી, છાપરીયાળી તથા રાજુનાના હારબંધ ટેકરાઓ લોય અને માણાના ગુફાઓવાળા ડુંગરા, પનાણીયો નાતીઆળાના પહાડો, સાઠ માઈલના વિસ્તારનો ગિરિદેશ અને ગિરનારનો વિસ્તૃત પહાડ, બરડાનો ડુંગર અને ઢાંકાનો પહાડ, સર ધારની ધાર અને ચોટીલાના ડુંગરો બધાં એક જ મહાકાય પર્વતના છૂટા છૂટા પડેલા વિભાગો છે.

રમ્ય વિશ્રામસ્થાન-

તળેટીના પરથાર ઉપર ૩૫-૪૦ વર્ષ પહેલા મોટું વટવૃક્ષ હતું. તે યાત્રાળુઓને છાંયડો આપતું પણ તે અકસ્માત તૂટી પડવાથી યાત્રાળુઓ માટે લાકડાનો માંડવો કરવામાં આવ્યો. પછીથી આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શેઠ લાલભાઈ દલપતભાઇના પૂજ્ય માતુશ્રી શ્રી ગંગાબાઇએ સારો ખર્ચ કરી રોનકદાર કમાનોથી સુશોભિત છત્રીવાળું મનોહર વિશ્રામસ્થાન બનાવરાવ્યું છે. આ ભાતા તળેટીના નામથી ઓળખાય છે; કારણ કે અહીંઆ યાત્રા કરીને આવનાર દરેક યાત્રાળુને ચોમાસાના ચાર મહિના સિવાય હંમેશાં કળીના લાડુ અને ગાંઠીયાનું ભાતું મળે છે. કોઈ કોઈ વખત ચા, દહીં, ઢેબરા કે બીજી વિધવિધ મીઠાઈ પણ ભાતામાં અપાય છે.

જે કોઇ ભાઈ બહેનને એક દિવસનું ભાતું આપવાની ઈચ્છા હોય તે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ નોંધાવે. તો પેઢી તરફથી તે પ્રમાણે વ્યવસ્થા થાય છે.

સાધુ-સાધ્વીઓને પણ ગોચરી-પાણીનો લાભ મળી શકે તે માટે બાજુમાં બગીચાને લગતા અગાસીબંધ ત્રણ મોટા ઓરડાઓ બાંધવામાં આવ્યા છે.

અહીં ચતુર્વિધ સંઘની દરેક વ્યક્તિને ભાતા તળેટીમાં સુખ, શાંતિ અને વિશ્રામ મળે છે. ઠંડા પાણીની પણ વ્યવસ્થા બહુ જ સારી રીતે રાખવામાં આવેલ છે.

સતી વાવ—

ભાતા તળેટીની પાસે જ એક મોટી સુંદર વાવ છે. અમદાવાદના નગરશેઠ શાંતિદાસના ભાઇ સુરદાસ શેઠના પુત્ર શ્રી લક્ષ્મીદાસભાઈએ યાત્રિકોના માટે સં. ૧૬૫૭ માં બંધાવી છે, તેનું નામ 'સતી વાવ' છે આ વાવનુ પાણી નીરોગી, હલકુ અને સ્વાદિષ્ટ ઉપરાંત શક્તિપ્રદ ગણાય છે.

વાવથી થોડા પગલા દૂર એક જાળના વૃક્ષ નીચે શાંતિદાસ શેઠની બંધાવેલી દેરી છે તેમા ગોડીજી મહારાજના પગલા જોડ એક છે. વીસેક પગલા આગળ જતાં એક ઓટલા ઉપર પાળીયો છે.

આગમમંદિર—

આગમોદ્ધારક આચાર્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરના ઉપદેશ અને પ્રેરણાથી તળેટીની પાસે અને શત્રુંજયના મુખદ્વારરૂપ જામનગરના નગરશેઠશ્રી પોપટલાલ ધારશીભાઈ તરફથી સં ૧૯૯૯ ના મહા વદી ૧૦ ના શુભ દિને ભવ્ય કલામય દેવરાજ શાશ્વત જિનપ્રાસાદ શ્રી વર્ધમાન જૈન આગમમંદિરની પ્રતિષ્ઠા કરવામા આવી હતી

જૈનશાસ્ત્રમાં સુપ્રસિદ્ધ પીસ્તાલીસ (૪૫) આગમોની વાણી આ આગમમંદિરમા સંગેમરમર ઉપર મનોહર રીતે કોતરવામા આવી છે અને આખાએ મંદિરમા આગમોના

શિલાલેખો કળામય અને કલ્પનાના ભવ્ય સ્મારક સમા આંખોને ચકિત કરી દે છે.

ભવ્ય દેવપ્રાસાદમા શ્રી ચૌમુખજીની મનોહર મૂર્તિઓ છે શિલાલેખોની આસપાસ ૪૩ દેરીઓ છે.

બાજુમા ગણધર મંદિર સોહે છે અને તેમા ગણધરોની પ્રતિમાની રચના બહુ જ કળામય રીતે કરવામા આવી છે. આ ગણધરમંદિર જામનગરનિવાસી શેઠ અમૃતલાલ કાળીદાસ તરફથી બાંધવામા આવ્યું છે.

આ મંદિરમા એક મોટું સુંદર ભોયરુ છે અને તેમા અનેક મૂર્તિઓ બિરાજમાન છે

પૂજા માટે દરેક જાતની સામગ્રી રહે છે અને આ મંદિર સાથે એક બૃહત્ પુસ્તકાલયની પણ યોજના છે, જેમા હસ્તલિખિત અને મુદ્રિત પુસ્તકોની બહુ મોટી સંખ્યા વ્યવસ્થિત રીતે ગોઠવી રાખવામા આવી છે



પગલે પગલે

જય તળેટી–

શત્રુંજય—અંતરંગ શત્રુઓ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ આદિનો જય કરવાની ભાવનાથી આત્મશુદ્ધિ, આત્મશાંતિ અને આત્મમુક્તિની પળે પળે, ક્ષણે ક્ષણે, પગલે પગલે અને વિસામે વિસામે ચઢતા ઉતરતા, એ જ ભાવના, શત્રુઓનો જય કરવાની હોવી જોઈએ, તે લક્ષ્ય ધ્યાનમાં રાખવા માટે યાત્રાને પ્રથમ પગથીએ "જય તળેટી"નાં સૂચક નામનો આપણને કદાચ ઓછો ખ્યાલ હશે.

એ જય તળેટીના પગથારમાં બન્ને હાથીઓ આપણને આવકારે છે ડાબી બાજુનો મંડપ અમદાવાદના નગરશેઠ હેમાભાઈ વખતચંદનો બંધાવેલો છે અને જમણી બાજુનો મંડપ ધોલેરાવાળા શેઠ વીરચંદ ભાઈચંદનો બંધાવેલો છે. અહીં જય તળેટીમાં બધી મળી કુલ અઠાવીશ (૨) દહેરીઓ છે, તેમાં પગલાં જોડી ૪૧ છે.

ધનવસીની ટ્રંક—

છેક સ્ટેશન અને ગુરુકુલથી જે મંદિરોના શિખરો દેખાય છે તે બાબુના દહેરાની ટૂંક. મુર્શિદાબાદનિવાસી રાયબહાદુર ધનપતસિંહના પૂજ્ય માતુશ્રી મહેતાબકુંવરના નામથી બંધાવવામાં આવી છે. સં. ૧૯૫૦ માં સાહેબ ધનપતસિંહજીએ પોતે સહકુટુંબ પાલીતાણા આવી ધામધૂમથી મહા શુદ દશમે પ્રતિષ્ઠા કરાવી હતી.

પચીસ ત્રીશ પગથીઆ ચડતા આ ટૂંકનો કિલ્લો આવે છે. અહીં ઓફિસ, ચોકી પહેરાની જગ્યા, ઉપરાંત નહાવાની જગ્યા, કેશર, સુખડની ઓરડી તથા પાણીનું ટાંકુ બાંધેલુ છે. હંમેશા ગરમ પાણી થાય છે.

પહેલા ચોકમાં શત્રુંજયની સુંદર રચના કરવામાં આવી છે. તેમાં ધનવસીની ટૂંક-તળાટીની બાબુના દહેરાસરથી માંડી દાદાના દહેરાસર સુધીના મુખ્ય દેખાવો કર્યા છે. ઉપરાંત નવ ટૂંકો પણ બનાવી છે. નાનકડો શત્રુંજય અહીં ખડો કરી દીધો છે. જમણી બાજુ શ્રી જિનદત્તસૂરિ ગુરુમંદિર છે. તેમાં શ્રી કૃપાચંદ્રસૂરિજી, શ્રી જિનદત્તસૂરિજી તથા શ્રી જિન-કુશળસૂરિજીની મનોહર મૂર્તિઓ છે.

- રખે ભૂલી જતા—મુખ્ય દહેરાસરમાં જતા વચ્ચે પગથિયાની બાજુમાં આકર્ષક દૃશ્યો છે. જમણી તરફ રૂષભ ભગવાનના પાંચ કલ્યાણકો—ચ્યવન કલ્યાણક, જન્મ કલ્યાણક, દીક્ષા કલ્યાણક, કેવળ કલ્યાણક અને મોક્ષ કલ્યાણક વગેરે છે.

સામે શ્રી સમેત શિખર, શ્રી ગિરનાર અને શ્રી પાવાપુરીના દ્રશ્યો છે. તેની જ બાજુમાં પૂજ્યશ્રી મોહનલાલજી મહારાજની મૂર્તિ છે. સામે પરમાત્માની પ્રતિમા છે, તેની બાજુમા જમણા હાથે અષ્ટાપદજી અને ડાબા હાથે જંબૂદ્વીપના પ્રતિકો બહુ જ મનોહર છે. બન્નેના વર્ણનો પણ ત્યાં જ વિસ્તારથી આપવામાં આવ્યાં છે. આ દૃશ્યો રખે જોવા ભૂલી જતા.

રમ્ય જિનાલય—

ઉપર જતાં શ્રી આદીશ્વર ભગવાનનુ નવ દ્વારવાળુ વિશાળ રંગમંડપ તથા સુશોભિત કારીગરીવાળું રમ્ય જિનાલય છે. સામે પુંડરીક ગણધરનું દહેરૂં છે. ચારે તરફ ફરતી ૮૪ દહેરીઓ છે. મૂળ દહેરાંની પાછળ રાયણ વૃક્ષ અને દાદાનાં પગલાં આવેલાં છે. આ દહેરાસર એવું મનોહર છે કે પ્રત્યેક યાત્રાળુનું મન પ્રફુલ્લિત કરે છે. ત્રણ ગભારામાં દર્શન થાય છે. રંગમંડપમાં આરસ અને ચીનાઈ ટાઈલ્સ સુંદર શોભે છે. ઊંચે કાચની છત આકર્ષક લાગે છે, હાંડી ઝુમર પણ રંગબેરંગી ઝૂલી રહ્યા છે. દીવાલોમાં મોટા આયના શોભામાં વધારો કરે છે

જય તળાટીથી ગિરિરાજ ઉપર ચડતાં ડાબી બાજુએ દહેરીમા શ્રી અજિતનાથનાં પગલાં છે જમણી બાજુએ છ દહેરીઓ છે તેમાં શ્રી ગૌતમસ્વામી તથા બીજા ગણધરોના પગલાં છે તથા શ્રી કુંથુનાથ, શ્રી નેમનાથ અને શ્રી ધર્મનાથના પગલા છે.

આ દહેરીઓની જરા પાછળ નીચાણમા એક ગુફા છે જેમા હંસવાહિની સરસ્વતીની મૂર્તિ છે.

બાબુના દહેરામાથી બીજી તરફ નીકળતા પર્વત ઉપરનુ ચઢાણ શરૂ થાય છે આખોએ રસ્તો નાના મોટા કાળા પત્થરોથી બાધેલો છે ઘડીક ઉંચાણ આવે છે ઘડીક સપાટ જગ્યા આવે છે ઘડીક નીચાણ આવે છે અને વચ્ચે વચ્ચે દહેરીઓ તથા યાત્રાળુઓના આરામ માટે વિસામા તેમજ વિસામે વિસામે ગરમ તેમજ ઠંડા પાણીના પરબોની વ્યવસ્થા સુદર છે

નવીન પગથી–

શેઠ આણદજી કલ્યાણજીની પેઢી તરફથી ગિરિરાજના જૂના પગથીયાને બદલે નવીન પગથીનુ કામ ગયા વર્ષે શરૂ કરવામા આવ્યુ છે બની શકે ત્યા સીધો રસ્તો કરવા પ્રયત્ન કરવામા આવ્યો છે અને નવીન પગથી ઘણી સુદર બનાવવામા આવે છે હીંગળાજના હડાનો ઘણો જ કઠણ અને ચઢાણવાળો રસ્તો બાકી છે અને તેને માટે પણ બીજો સારો રસ્તો પસદ કરવામા આવ્યો છે રસ્તાને વિશેષ સુદર બનાવવા માટે બન્ને તરફ વૃક્ષારોપણ કરવામા આવેલ છે બે ત્રણ વર્ષમા તો બધી તરફની પગથી અને વૃક્ષરાજી યાત્રાળુઓને આનદ અને શાતિ આપી રહેશે

થોડા પગથીઆ ઉપર ચડતા પહેલો હડો આવે છે ત્યા વિસામો અને પાણીની પરબ છે થોડે દૂર ચડતા ધોળી

પરબ કે જાળીવાળી પરબ આવે છે, તેની પાસે જમણા હાથ ઉપર દહેરીમાં ભરત ચક્રવર્તીનાં પગલાં જોડ એક છે. તે સં. ૧૯૮૫ માં સ્થાપન કરેલાં છે. અહીં બીજો હડો પૂર્ણ થાય છે આ હડાનો રસ્તો સાઠ પાંસઠ વર્ષ પહેલાં જ બંધાયેલ છે. તે પહેલાં પગ કેડીનો રસ્તો હતો.

નવો કુંડ—

અંહીંથી સપાટ રસ્તો આવે છે અને પહેલા ઉંચાણવાળા ચઢાણનો થાક ઉતરી જાય છે. થોડે દૂર જતાં પહેલો કુંડ આવે છે, તે સં. ૧૮૬૧ માં સુરતવાળા શેઠ ઇચ્છાચંદે બંધાવ્યો હોવાથી ઇચ્છાકુંડ અથવા નવો કુંડ કહેવાય છે. અહીં સુંદર વિસામો છે કુંડમાં લેખ તથા શેઠની મૂર્તિ છે.

કુમાર કુંડ—

થોડુંક ઉપર ચડતાં એક દહેરી છે. તેમાં બાલબ્રહ્મચારી બાવીસમા તીર્થંકર ભગવાન નેમિનાથજી, વરદત્ત ગણધર અને શ્રી ઋષભદેવજીના એમ ત્રણ જોડી પગલાં છે. સામે વાંક બેઠક જેવો નાનો વિસામો છે. નેમનાથજીની દહેરીથી ઉપર ચડતાં થોડે દૂર લીલી પરબ નામે ડાબા હાથ ઉપર વિસામો છે ત્યાં પરબ બેસે છે. થોડે દૂર જતા ડાબા હાથ ઉપર બીજો વિસામો આવે છે. ત્યાં એક સુંદર દહેરી છે. તે દહેરીમાં ઋષભદેવનાં પગલાં છે તેની જોડે કુમાર કુંડ આવેલો છે. આ કુંડ તથા વિસામો ગુજરાતના મહારાજા કુમારપાળ સોલંકીએ બંધાવેલ છે.

હીંગલાજનો હડો—

હવે સીધુ ચઢાણ આવે છે અને અહીં પ્રત્યેક યાત્રાળુઓની આકરી કસોટી થાય છે. ડોળીમાં બેસનાર ભાઈ બહેનોને પણ અહીં થોડું ચાલવું પડે છે અને હીંગળાજ માતાના પૂજારીના વચનો દૂર દૂરથી સંભળાય છે.

" હીંગળાજનો હડો, કેડે હાથ દઈ ચડો;
ફૂટ્યો પાપનો ઘડો, બાંધ્યો પુન્યનો પડો "

હડાની છેક ટોચે આવતા સામે હીંગલાજ માતાનું સ્થાનક દેખાય છે. તેમા હીંગલાજ દેવીની મુખાકૃતિનાં દર્શન થાય છે

હીંગલાજ દેવી વિષે જુદી જુદી દંતકથાઓ છે શત્રુંજય જ્યારે વલ્લભીપુરના સીમાડે હતો ત્યારે સમુદ્ર નજીક હતો, અને સમુદ્રની દેવી હીંગલાજ માતા ગણાય છે તેથી માનતા થતી તેથી તેનું સ્થાન શત્રુંજયમા સ્મરણરૂપે ભક્તોએ રાખ્યું હશે

હીંગલાજ માતા એ બલિદાનની પણ દેવી છે. અને તે મહાશક્તિશાળી તેમજ ચમત્કારી હોવાથી તેને સંતોષવા ભક્તોએ તેને સ્થાન આપ્યું હશે. એ ત્રણ મુખવાળી દેવી પણ કહેવાય છે હીંગલજ માતાનુ એક મોટું મંદિર કાઠિઆવાડમા સમુદ્ર નજીકના કોઇ સ્થાને હોવાનુ સાભળ્યુ છે.

હીંગલાજને અંબિકાનું સ્વરૂપ પણ કહે છે. કહે છે કે એકદા હીંગુળ નામે રાક્ષસ સિંધુ નદી તરફ જતાં આવતાં યાત્રિકોને ઘણો ઉપદ્રવ કરતો હતો, તેથી કોઇ મહાત્માએ તપના બળે અંબિકા દેવીની સાધના કરી. અંબિકા દેવીએ હીંગુળનો પરાજય કર્યો, પણ મરતાં મરતાં એક પ્રાર્થના કરી કે 'તું મારા નામે ઓળખાઇને તીર્થસ્થાનમાં મારે નામે સ્થાપન થા,' દેવી "તથાસ્તુ" કહી અંતર્ધ્યાન થયાં. આ બનાવ કરાંચી પાસેના ડુંગરોમાં જ્યાં ખાસ હીંગુળનું સ્થાનક છે ત્યાં બન્યો છે અંબિકા દેવી સૌરાષ્ટ્ર દેશની અધિષ્ઠાયિકા દેવી છે, તેથી હીંગલાજ નામે આ તીર્થમાં ભક્તોએ તેની સ્થાપના કરી હોય.

અહીં એક સુંદર વિસામો છે. પગથીઆંના કાંઠે એક દહેરી છે, તેમાં કલિકુંડ પાર્શ્વનાથ ભગવાનના પગલાં સં. ૧૮૫૩ માં સ્થાપન કરેલાં છે. અહીં બન્ને બાજુ લાંબી બેઠક છે અને અહી નાનાં મોટાં બધા વિસામો લઇ શકે છે અને ચઢાણનો પરિશ્રમ દૂર કરે છે.

છાલા કુંડ—

અહીંથી જરા ચઢયા કે નાનો માનમોડીઓ આવે છે. ત્યાંથી ઉપર ચડતાં મોટો માનમોડીઓ આવે છે. નાનો માનમોડીઓ ને મોટો માનમોડીઓ એ નામ એ રીતે આપવામાં આવ્યા હોય તેમ લાગે છે કે અહીં શ્રી ગિરિરાજ ચડતાં નાના મોટા બધાનાં માન ઉતરી જાય છે, બધાને

થાક લાગે છે, બાધાની કસોટી થાય છે. દાદાનાં દર્શનની કેવી તાલાવેલી છે તેની પરીક્ષા આ હીંગળાજનો હડો અને નાનો મોટો માનમોડીઓ કરે છે.

થોડે જ દૂર છાલા કુંડ આવે છે. કુંડનું પાણી ઘણું નિરોગી અને નિર્મળ છે. કુંડની બાજુમાં એક દહેરી છે અને વિસામો સુંદર છે સામે એક ઝાડ નીચે ઓટલા ઉપર અમદાવાદવાળા નગરશેઠ હેમાભાઇ વખતચંદવાળા તરફથી સાર્વજનિક રીતે પાણીની પરબ કાયમની બેસાડેલી છે. તેની પાસે રસ્તા વચ્ચે નકશીવાળી દહેરી એકમાં પગલાં જોડ ચાર છે. તે શાશ્વતા જિન શ્રી ઋષભદેવ, શ્રી ચંદ્રાનન, શ્રી વારિષેણ તથા શ્રી વર્ધમાનનાં પગલાં છે અહીં શીતળ પવન આવે છે. આ કુંડ ૧૮૫૮ માં બંધાવેલ છે. પગલાની સ્થાપના ૧૮૭૦ માં થયેલી છે.

શ્રી પૂજ્યની દહેરી અથવા જિનેન્દ્ર ટૂંક—

છાલાકુંડથી પશ્ચિમ તરફ જિનેંદ્ર ટૂંક તરફ જવાનો જુદો રસ્તો છે. પણ એ ટૂંક સાવ જીર્ણ તથા ધ્વસ્ત દશામાં પડેલી હોવાથી અને દૂર કોઇ ભગ્ન ખંડિયેર હોય એમ લાગવાથી ભાગ્યેજ કોઈ યાત્રિક આ તરફ જાય છે કોઈ સુવકો કુતૂહલવૃત્તિથી પ્રેરાઇને કે કોઇ પુરાતત્ત્વના અભ્યાસી ઇતિહાસપ્રેમથી આકર્ષાઇને આ ટૂંક તરફ જાય ત્યારે તેના અવશેષોની પ્રાચીનતા જોઈ શકાય છે.

આ ટૂંકની તપાગચ્છાલંકાર શ્રી વિજયદેવેન્દ્રસૂરીશ્વરે

પ્રતિષ્ઠા કરાવી છે પદ્માવતીદેવી ઉપરના શિલાલેખ ઉપરથી તે સ્પષ્ટ જાણવા મળે છે

છાલાકુંડની પશ્ચિમે વિશાળ સપાટ પ્રદેશ ઉપર આવેલી આ ટૂંક, નીચે પાલીતાણા શહેર અને તળાટી, તેમજ ઉપરની નવ ટૂંકોના સુરમ્ય જિનમંદિરો એ બેની વચ્ચે સાંકળરૂપે આ પ્રદેશ હોય તેમ લાગે છે. નીચે દૃષ્ટિ કરતા આખાય શહેર અને તળાટીનું વિહંગદર્શન થાય છે, અને ઉપર નજર કરતા બધી ટૂંકોના જિનમંદિરોની શિખરમાળા નજરે પડે છે. આ ટૂંકના ઉંચાણને લીધે ત્યાં સતત વહેતી પવનની શીતળ લહરીઓ જાણે થાકયા યાત્રિકોને નવીન શક્તિ આપતી ન હોય? એવું વિસામો લેવા જેવું રમ્ય સ્થાન છે બે તરફ ઊંચા પહાડ અને બે તરફ ઊંડી ખાઈના સીમાડા ઉપર આવેલી ટૂંક સાચે જ મનોહર લાગે છે

કુદરતી સૌંદર્યથી ભરેલી આ ટૂંક આજે જીર્ણ–શીર્ણ દેખાય છે તેના ઉપરના ધર્મસ્થાનો ધ્વસ્ત થઈ ગયા છે અને દિવસે દિવસે વધુ ધ્વસ્ત થતા જાય છે

આ ટૂંકમાં વચ્ચે પદ્માવતીમાતાનું દહેરું છે તેની પાછળ ગુરુ સ્મારકવાળો વિભાગ, ગુરુ સ્મારકોની પાછળ એક–બે ઓરડાવાળુ સાવ પડી ગયેલુ મકાન, દક્ષિણ તરફ પાણીનો મોટો કુંડ અને તેના ચાર ખૂણા ઉપર ચાર દહેરીઓ આવેલી છે

પદ્માવતીદેવીની પ્રતિમા ગફેદ આરસની ૧૬–૧૭ ઈંચની છે, અને તેને ચાર હાથ છે ઉપરના ડાબા જમણા બે હ'

અંકુશ અને નીચેના જમણા હાથમાં માળા અને ડાબા હાથમાં બીજોરાનું ફળ છે પ્રતિમામાં નીચે બે ડમરૂધારી, ને ઉપર બે ચામરધારી આકૃતિઓ અને તે ઉપર બે જિનપ્રતિમાઓ અને પદ્માવતીદેવીના મસ્તક ઉપર સાત ફણાઓ અને તે ઉપર પાંચ ફણાઓવાળી શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમા છે, કાનમાં કુંડળો છે.

આ મૂર્તિની ડાબી બાજુએ એક સફેદ આરસની ૧૫-૧૭ ઈંચની હનુમાનની પ્રતિમા છે.

પદ્માવતીની મૂર્તિ આગળ ૧૨-૧૩ ઈંચની સફેદ આરસની ચરણપાદુકા છે.

આ મંદિરમાં સાત ચરણપાદુકાઓવાળો લગભગ ૧૨ ઈંચનો એક પટ્ટ છે.

એક મંદિરમાં શ્રી માનભદ્રજીની ચાર હાથવાળી એક મૂર્તિ છે.

ગુરુઓના સ્મારક તરીકે ૧૮ દેરીઓ આવેલી છે. ૧૪ દેરીઓમાં પાદુકાઓ અને લેખો આવેલા છે. પંદર, સોળ, સત્તર અને અઢાર એમ ચાર દહેરીઓમાં અત્યારે પાદુકા વગેરે કશું નથી.

કુંડની ચાર દેરીઓમાં પહેલી દેરીમાં ગોડીજી પાર્શ્વનાથની પાદુકા, બીજીમાં આદિનાથ પ્રભુની પાદુકા, ત્રીજીમાં ગૌતમસ્વામીની પાદુકા અને ચોથીમાં વિજયધર્મસૂરીશ્વરજીની પાદુકા છે.

દેવ ભક્તિ નિમિત્તે પોતાની લક્ષ્મીનો સદ્-ઉપયોગ કરવાની ભાવનાવાળા દાનવીરને આ જીર્ણ પ્રાચીન ઐતિહાસિક ટૂંકનો જીર્ણોદ્ધાર કરવાને ઉત્તમ તક છે.

આ ટૂંકના સુંદર પ્રદેશને જિનમંદિરોથી સુશોભિત અને ઘંટારવોથી ગાજતું બનાવીને હજારો યાત્રાળુઓને આ તરફ આકર્ષી પોતાનું નામ અમર કરવા કોઇ દાનવીર જાગશે કે? નવો રસ્તો આ જિનેંદ્ર ટૂંક તરફ થઇને જાય છે, તે ઘણો સરળ અને સપાટ છે.

છાલાકુંડથી ડાબા હાથે આગળ ચાલતા થોડે દૂર એક વિસામો આવે છે તે વિસામો શેઠ હઠીમંગ કેસરીમંગે બંધાવેલ છે અહીંથી આગળ ચાલતા મકાગાળી નામનો રસ્તો આવે છે તથા વિસામો ને જેઠાશાની દેરી આવે છે ભાતુ શરૂ થયા પહેલા જેઠાશા બાળક ને દૂધ પાતા અને યાત્રાળુઓને નાસ્તો આપતા. અહીંથી પહાડની છેલ્લી ટેકરી કે જેના મસ્તક ઉપર સંખ્યાબંધ નાના મોટા જૈન દેવાલયોની હારમાળા આવેલી છે, તે દેખાય છે શિખરોની ફરકતી ધ્વજા અને સુવર્ણ કળશો જોઈ ગિરિરાજની સમીપ પહોચ્યાનો હૃદયમા અનેરો આનંદ થાય છે

દ્રાવિડ વારિખિલ્લની દહેરી—

સપાટ ભૂમિમા ચાલતા એક ઊંચા ચોતરા ઉપર દહેરી


રામપોળ—

થોડાં પગલાં ચાલતાં જ કિલ્લો આવે છે આ કિલ્લો આખા તીર્થરાજને નવે ટૂંકને ફરતો બાંધેલો છે અહીં બે જ દરવાજા છે સં ૧૯૩૯મા જ્યારે ત્રીશ ચાલીસ હજાર યાત્રાળુઓ એકઠા થયેલા અને આવવા જવાની બહુ મુશ્કેલી પડેલી તે લખને બાજુમા બીજી બારી મૂકી છે તેથી હવે મેળાઓને પ્રસંગે ઠીક અનુકૂળતા રહે છે આ બારી રામપોળ કહેવાય છે બહારના ઓટલા ઉપર પાણીની પરબ છે. અહી ગામડાઓમાથી આવીને ભરવાડણો દૂધ, દહીં લઈને બેસે છે નાના બાળકો અને ડોળીવાળા દૂધ, દહીં લઈને તાજા થાય છે


પ્રથમ પાંચશિખરી મંદિર—

દાદાના દર્શન માટે તો અત્યંત તાલાવેલી લાગી છે પણ યાત્રા માટે આવ્યા છીએ તો વચ્ચે વચ્ચે જે જે મંદિરો વગેરે દર્શનીય સ્થાનો આવે છે તે જોતા જયો ને?

રામપોળમા પ્રવેશતા પાંચ શિખરવાળું અને ત્રણ શિખરનું એમ બે દહેરાસર આવે છે. આખા તીર્થ ઉપર પાંચ શિખરનુ દહેરાસર આ એક જ છે પણ અહીં ડોળીવાળા વગેરે બેસતા હોવાથી, તથા દાદાના દર્શનની અત્યંત ઉત્સુકતા હોવાથી, આ તરફ ધ્યાન જતુ નથી આ દહેરાસર શ્રી ગાબાદવાળા શેઠ મોહનલાલ વલ્લભદાસે બંધાવેલુ છે અને તેમા મૂળનાયક શ્રી વિમળનાથજી છે ત્રણ



દીવાલોની કોતરણી



આગમ મંદિર



ઘુમ્મટનું મનોહર દશ્ય



પ્રાચીન રંગમય ચિત્ર (નેમનાથની ચોરીનું મંદિર)

શિખરવાળુ બીજુ દહેરાસર સુરતવાળા શેઠ દેવચંદ કલ્યાણચંદે બંધાવેલું છે. તેમાં મૂળનાયક શ્રી સુમતિનાથજી છે. આ બન્ને દહેરાસરો બહુ જ રમણીય છે બન્ને દહેરાસરોની મૂર્તિઓ અત્યંત મનોહર છે. બાજુમાં મોતીશાની ટૂંકની ફુલવાડી અને મોટો સુંદર કુંડ છે. કુંડના પરથારને છેડે ટૂંકના કિલ્લાના ભાગમાં કુંતાસર દેવીનો ગોખલો છે. તેની ડાબી બાજુએ જાળી ભરેલી ઓરડીઓ છે કુંડની સામે રાજવંશી મહેમાનો અને યુરોપીયન લોકોને માટે ઉતારાની વ્યવસ્થા માટે સુંદર મકાન શોભી રહ્યું છે.

લાભ, નિશાળ વાળેક પગથિયાં ચડતાં સગાળ પોળ આવે છે ડેલીમાં ચોકી બેસે છે. ત્યાં યાત્રાળુઓ વગેરે પાસેથી લાકડી, છત્રી, મોજાં, હથિયાર આદિ વસ્તુઓ લઈ લેવામાં આવે છે, પાછા ફરતાં તે પાછાં આપવામાં આવે છે. અંદરના ગાળાને દોલાખાડી કહેવામાં આવે છે તેમાં નાંઘણકુંડ કે સગાળકુંડ અને નગારખાનું આવ્યાં છે. જમણી બાજુ ઈન્સ્પેક્ટરની ઓફિસ છે સામે ગોડી લોકોને રહેવાની ઓરડીઓ આવેલી છે.

વાઘણ પોળ—વિમળવસહિ

વાઘણ પોળના દરવાજે એક બાજુ હનુમાન અને વાઘણની મૂર્તિઓ છે. બીજી બાજુ ભૈરવની મૂર્તિ છે. જમણા હાથ તરફ શેઠ નરસી કેશવજીની ટૂંકમાં જવાનો રસ્તો છે. પોળમાં પેસતાં ડાબા હાથ ઉપર નીચે પ્રમાણે મંદિરો છે.

(૧) શાંતિનાથનું મંદિર—શેઠ હીરાચંદ રાયકરણ દમણવાળાનું બંધાવેલું છે. મૂર્તિ બહુ મનોહર છે.

(૨) ચક્કેશ્વરી માતા—શેઠ કરમાશાએ સં. ૧૫૮૭ માં તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની અધિષ્ઠાત્રી મહાદેવી શ્રી ચક્કેશ્વરી માતાની સ્થાપના કરી પ્રતિષ્ઠા કરાવી છે. માતાજીની મૂર્તિ રમણીય અને ચમત્કારી મનાય છે.

બહારના ભાગમાં પદ્માવતી, નિર્વાણી, સરસ્વતી અને લક્ષ્મી એમ ચાર દેવીઓની સુંદર આકૃતિઓ છે. પાસેની દહેરીમાં વાઘેશ્વરી દેવીની બે મૂર્તિઓ અને સામે સામે બે પદ્માવતીની સુંદર મૂર્તિઓ છે.


(૩) નેમનાથની ચોરી—કળામય મંદિર—શત્રુંજય ઉપરના મંદિરોમાં આ મંદિર કળાનું મૂર્તિમંત

ધામ છે આ ઘણું જૂનું લાગે છે આ મંદિર નેમનાથની ચોરી યા વિમલવસહિ અથવા ભૂલામણીનું મંદિર કહેવાય છે. એટલે આ મંદિર મંત્રીવર વિમલશાએ બંધાવ્યું હોય તેમ લાગે છે, કારણ કે તે ઉપરથી જ આ વિભાગને વિમલ-વસી* કહે છે. ઉપરાંત આબુ ઉપરના વિમલ મંત્રીના મંદિરોના કળામય દશ્યો અહીં તાદૃશ જોવા મળે છે. મૂળ-નાયક શ્રી સુપાર્શ્વનાથ છે. આ મંદિરના ઘુમટમાં પાવાપુરી, ગિરનાર, રાજગૃહી, સમેતશિખર આદિ તીર્થોના રંગીન ચિત્રો છે પણ આ નવીન ચિત્રો છે તે પહેલાનાં ચિત્રો એવાં તો કળામય હતાં કે આપણને મુગ્ધકર લાગે, પણ તે કાઢી નાખવામાં આવ્યાં છે. આ ચિત્રોના બે નમૂના આ પુસ્તકમાં આપવામાં આવ્યાં છે

બાજુના મંદિરના ઘુમટમાં નેમકુમારના જીવનના દશ્યો એવાં તો સજીવ અને જીવંત છે કે કળાપ્રિય આત્મા નાચી ઉઠે. આ ઘુમટમાં નેમનાથના કલ્યાણકો, નેમ-નાથના જન્મના દશ્યો, લગ્નના વરઘોડામાં હાથી, ઉંટ, પાલખી, રથ વગેરે સાથે જાનૈયાઓનો આનંદ, વિનોદ, નાચ-ગાન, લગ્નની તૈયારી, હસ્તમેળાપનું દશ્ય, નેમનાથનું રીસાઇ જવું, દીક્ષા અને મોક્ષ તથા સમવસરણની રચના, સાધુ-સાધ્વીઓ અને દેવ-દેવીઓના વંદન આદિ વિધવિધ દશ્યો

---

* વિમલવસહી ચૈત્ય છે, જુઓ ભૂલામણીમાં ચાર;
વળી ભમતી ચૌમુખ બે મળી, તિહાં એકાશી જિન નિરધાર.
(અઢારમા સૈકામા થયેલા યતિ શ્રી અમૃતવિજયજીનું પાંચ ઢાળનું સ્તવન)



વાઘણ પોળ—વિમળવસહિ

વાઘણ પોળના દરવાજે એક બાજુ હનુમાન અને વાઘણની મૂર્તિઓ છે બીજી બાજુ ભેરવની મૂર્તિ છે. જમણા હાથ તરફ શેઠ નરસી કેશવજીની ટુકમા જવાનો રસ્તો છે. પોળમા પેસતા ડાબા હાથ ઉપર નીચે પ્રમાણે મંદિરો છે

(૧) શાંતિનાથનું મંદિર—શેઠ હીરાચંદ રાયકરણ દમણવાળાનું બંધાવેલુ છે. મૂર્તિ બહુ મનોહર છે.


(૨) ચક્રેશ્વરી માતા—શેઠ કરમાશાએ સં. ૧૫૮૭મા તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની અધિષ્ઠાત્રી મહાદેવી શ્રી ચક્રેશ્વરી માતાની સ્થાપના કરી પ્રતિષ્ઠા કરાવી છે માતાજીની મૂર્તિ રમણીય અને ચમત્કારી મનાય છે

બહારના ભાગમા પદ્માવતી, નિર્વાણી, સરસ્વતી અને લક્ષ્મી એમ ચાર દેવીઓની સુંદર આકૃતિઓ છે પાસેની દહેરીમા વાઘેશ્વરી દેવીની બે મૂર્તિઓ અને સામે સામે બે પદ્માવતીની સુંદર મૂર્તિઓ છે

(૩) નેમનાથની ચોરી—કળામય મંદિર—શત્રુંજય ઉપરના મંદિરોમાં આ મંદિર કળાનુ મૂર્તિમંત

ધામ છે. આ ઘણું જૂનું લાગે છે. આ મંદિર નેમનાથની ચોરી યા વિમલવસહિ અથવા ભૂલામણીનું મંદિર કહેવાય છે. એટલે આ મંદિર મંત્રીવર વિમલશાએ બંધાવ્યું હોય તેમ લાગે છે, કારણ કે તે ઉપરથી જ આ વિભાગને વિમલ-વસી* કહે છે. ઉપરાંત આબુ ઉપરના વિમલ મંત્રીના મંદિરોના કળામય દૃશ્યો અહીં તાદૃશ જોવા મળે છે. મૂળ-નાયક શ્રી સુપાર્શ્વનાથ છે. આ મંદિરના ઘુમટમાં પાવાપુરી, ગિરનાર, રાજગૃહી, સમેતશિખર આદિ તીર્થોના રંગીન ચિત્રો છે પણ આ નવીન ચિત્રો છે. તે પહેલાનાં ચિત્રો એવાં તો કળામય હતાં કે આપણને સુખકર લાગે, પણ તે કાઢી નાખવામાં આવ્યાં છે. આ ચિત્રોના બે નમૂના આ પુસ્તકમાં આપવામાં આવ્યાં છે.

બાજુના મંદિરના ઘુમટમાં નેમકુમારના જીવનના દૃશ્યો એવાં તો સજીવ અને જીવંત છે કે કળાપ્રિય આત્મા નાચી ઉઠે. આ ઘુમટમાં નેમનાથના કલ્યાણકો, નેમ-નાથના જન્મના દૃશ્યો, લગ્નના વરઘોડામાં હાથી, ઉંટ, પાલખી, રથ વગેરે સાથે જાનૈયાઓનો આનંદ, વિનોદ, નાચ-ગાન, લગ્નની તૈયારી, હસ્તમેળાપનું દૃશ્ય, નેમનાથનું રીસાઈ-જવું, દીક્ષા અને મોક્ષ તથા સમવસરણની રચના, સાધુ-સાધ્વીઓ અને દેવ-દેવીઓના વંદન આદિ વિધવિધ દૃશ્યો



વાઘણ પોળ—વિમળવસહિ

વાઘણ પોળના દરવાજે એક બાજુ હનુમાન અને વાઘણની મૂર્તિઓ છે બીજી બાજુ ભૈરવની મૂર્તિ છે. જમણા હાથ તરફ શેઠ નરસી કેશવજીની ટૂંકમા જવાનો રસ્તો છે. પોળમા પેસતા ડાબા હાથ ઉપર નીચે પ્રમાણે મંદિરો છે

(૧) શાંતિનાથનું મંદિર—શેઠ હીરાચંદ રાયકરણ દમણવાળાનુ બધાવેલુ છે. મૂર્તિ બહુ મનોહર છે.

(૨) ચક્રેશ્વરી માતા—શેઠ કરમાશાએ સં. ૧૫૮૭ મા તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની અધિષ્ઠાત્રી મહાદેવી શ્રી ચક્રેશ્વરી માતાની સ્થાપના કરી પ્રતિષ્ઠા કરાવી છે માતાજીની મૂર્તિ રમણીય અને ચમત્કારી મનાય છે

બહારના ભાગમા પદ્માવતી, નિર્વાણી, સરસ્વતી અને લક્ષ્મી એમ ચાર દેવીઓની સુંદર આકૃતિઓ છે. પાસેની દહેરીમા વાઘેશ્વરી દેવીની બે મૂર્તિઓ અને સામે સામે બે પદ્માવતીની સુંદર મૂર્તિઓ છે.

(૩) નેમનાથની ચોરી—કળામય મંદિર—શત્રુંજય ઉપરના મંદિરોમાં આ મંદિર કળાનું મૂર્તિમંત

ધામ છે. આ ઘણું જૂનું લાગે છે આ મંદિર નેમનાથની ચોરી યા વિમલવસહિ અથવા ભૂલામણીનું મંદિર કહેવાય છે. એટલે આ મંદિર મંત્રીવર વિમલશાએ બંધાવ્યું હોય તેમ લાગે છે, કારણ કે તે ઉપરથી જ આ વિભાગને વિમલવસી* કહે છે. ઉપરાંત આબુ ઉપરના વિમલ મંત્રીના મંદિરોના કળામય દશ્યો અહીં તાદશ જોવા મળે છે. મૂળનાયક શ્રી સુપાર્શ્વનાથ છે. આ મંદિરના ઘુમટમાં પાવાપુરી, ગિરનાર, રાજગૃહી, સમેતશિખર આદિ તીર્થોના રંગીન ચિત્રો છે પણ આ નવીન ચિત્રો છે તે પહેલાનાં ચિત્રો એવાં તો કળામય હતાં કે આપણને મુગ્ધકર લાગે, પણ તે કાઢી નાખવામાં આવ્યાં છે. આ ચિત્રોના બે નમૂના આ પુસ્તકમાં આપવામાં આવ્યાં છે

બાજુના મંદિરના ઘુમટમાં નેમકુમારના જીવનના દશ્યો એવાં તો સજીવ અને જીવંત છે કે કળાપ્રિય આત્મા નાચી ઉઠે. આ ઘુમટમાં નેમનાથના કલ્યાણકો, નેમનાથના જન્મના દશ્યો, લગ્નના વરઘોડામાં હાથી, ઉંટ, પાલખી, રથ વગેરે સાથે જાનૈયાઓનો આનંદ, વિનોદ, નાચગાન, લગ્નની તૈયારી, હસ્તમેળાપનું દશ્ય, નેમનાથનું રીસાઇ જવું, દીક્ષા અને મોક્ષ તથા સમવસરણની રચના, સાધુ–સાધ્વીઓ અને દેવ–દેવીઓના વંદન આદિ વિધવિધ દશ્યો,

* વિમલવસહી ચૈત્ય છે, જુઓ ભૂલામણીમા
વળી ભમતી ચૌમુખ બે મળી, તિહાં એકાશી જિન
(અઢારમા સૈકામાં થયેલા યતિ શ્રી
ઢાળનું સ્તવન)

ક્યાનવા જોવા જેવા છ તેના વચ્ચેના ઘુમટના એક નન્તક ને પાચ શરીર છે જે પાચ ઇદ્રિયોના વિજય માટે મથનો આત્મા હોવ તેમ લાગે છે

નીચેના ભાગમા નેમનાથની ચોરી સુદર છે તેના ઘુમટમા વર-વધુને જમવાના આવી આજ્ઞેઠ છે પશુઓનો પો ર અને યાદવોનો વતન લઇ આવતો રામૂહ તેમજ પાછા આ ય જ ા નેમકુમારનુ દશ્ય અદ્ભુત છે ઉપર ા ખૂણે રાજુલને નિરાશ વદને જોતા હૃદય ભરાઇ જાય છે

આ મદિરની ઉપર ત્રણ ચોમુખજીના મદિરો છે વચ્ચમા આબૂ જેવુ કળામય કમળ સોહે છે એક તરફના ઘુ ટમા ૨૪-૭૪ યક્ષો અને યક્ષિણીઓ જીવત અને રમ્ય દેખાય છે આ બે ઘુમટોના વચ્ચ એમા નાગપાશમ એક મૂર્તિનુ બહુ જ મનોરમ્ય દશ્ય છે જાણે નેમકુમાર મામનો વિજય મેળવવા મથન કરી રહ્યા ન હોય? બીજા ઘુમટમા આઠ આકૃતિઓને વીંટળાઇને એક મૂર્તિ અષ્ટસિદ્ધિના પ્રતીક રૂપ દેખાય છે આ મદિર કળાનુ મૂર્તિમત પ્રતીક છે

બાજુમા પાપ-પુન્યની બારીના નામથી પ્રસિદ્ધ સાટલીનુ દશ્યે છે

(૪) વિમળનાથનુ મદિર–આ મદિર સ ૧૬૮૮ મા બધાવવામા આવ્યુ છે

(૫) અજિતનાથનુ મદિર–આ મદિર પણ સ ૧૬૮૮ મા બધાવવામા આવ્યુ છે

(૬) **સહસ્રફણા પાર્શ્વનાથ**–આ મંદિર ભાવનગર-નિવાસી શેઠ કુંવરજી લાધાએ સં. ૧૮૩૫ માં બંધાવેલ છે.

(૭) **નવીન મનોહર દહેરી**–આ દહેરી પાટણનિવાસી શેઠ પનાલાલ પૂરણચંદ કોટાવાળાએ રૂ. ૪૨૦૦૦) લગભગ ખર્ચ કરી બંધાવી છે. આ દહેરી અરસમ્ય છે.

(૮) **ધર્મનાથનું મંદિર**–આ મંદિર અઢારમા સૈકાનું છે.

(૯) **ચંદ્રપ્રભુનું મંદિર**–આ મંદિર સં. ૧૬૮૩માં હીરબાઈએ બંધાવી આચાર્યશ્રી કલ્યાણસાગરસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી છે. હીરબાઈએ કુંડ પણ બંધાવ્યો છે, લેખ પણ છે. હીરબાઈ શત્રુંજયનો સંઘ લઈને આવેલ હતા તેનો ઉલ્લેખ પણ મળે છે. આ ત્રણ બારણાવાળું મંદિર કહેવાય છે.

(૧૦) **પાર્શ્વનાથનું મંદિર**–કોટાવાળા પાનાચંદ ઉત્તમચંદનું સં. ૧૯૦૩ માં બંધાવેલું મંદિર છે.

(૧૧) **જગતશેઠનું મંદિર**–મુર્શિદાબાદના પ્રસિદ્ધ જગતશેઠ જેણે કરોડો રૂપીઆ સરકારને આપ્યા હતા એટલું જ નહિ પણ જેણે કરોડોનો વહીવટ કરી જગતશેઠનું બિરુદ મેળવ્યું હતું તેમનું આ શ્રી સુમતિનાથનું મંદિર છે.

(૧૨) **શાંતિનાથનું મંદિર**–સં. ૧૬૭૮ માં જામનગરના મંત્રીઓ વર્ધમાન અને પદ્મસિંહે બંધાવ્યું છે.

(૧૩) **સહસ્રફણા પાર્શ્વનાથનું મંદિર**–આ ઇલ સૂર્યકુંડના છેડાની કિનારી પર આવેલ છે.

(૧૪) કુમારપાળનું મંદિર—આ શ્રી ઋષભદેવ ભગવાનનો વિહાર મહારાજા કુમારપાળે બંધાવેલ છે ઘુમટમાં કુમારપાળના જીવનના જુદા જુદા દશ્યો નવાં જ આલેખવામાં આવ્યાં છે. આ મંદિર કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના ઉપદેશથી બંધાવવામાં આવ્યું હતું. ચંદ રાજા કુકડો મટીને પુનઃ મનુષ્યત્વ પામ્યો હતો એવા જળના પ્રભાવવાળા અમલ સૂર્યકુંડના ઉપર આ મંદિર બંધાવ્યાનું કહેવાય છે.

આ વિમળવસહિમા એક વનરાજ મહારાજાનું મંદિર છે તેમ નીચેના ઉલ્લેખ ઉપરથી જણાય છે, પણ તે મંદિર કયું તે જાણવામાં આવતું નથી, પણ તે હોવાનો સંભવ ઘણો છે.

કુમાર નરિંદે કરાવિયો વિસરામી રે,
ધન ખરચી સાર વિહાર શિર નામી રે.
બાવન શિખરે વંદિયે વિસરામી રે,
ત્રિહું તેર (૭૩) જિન પરિવાર શિર નામી રે.
વલિ વનરાજ દહેર વિસરામી રે,
પ્રતિમા વંદું સાત શિર નામી રે.

જમણા હાથ તરફનાં મંદિરો—

વાઘણ પોળના જમણા હાથ તરફ પહેલી ટૂંક શેઠ નરશી કેશવજીની આવે છે.

(૧૫) પંચતીર્થી મંદિર–આ મંદિરમાં આગળ સમવસરણ, ડાબા હાથે સમેતશિખર, જમણા હાથે મેરુ-

પર્વત અને મૂળનાયકનું મંદિર તથા અષ્ટાપદ એમ પંચતીર્થી શેઠ કેશવજી નાયકે સં ૧૯૨૮ મા બંધાવ્યું છે.

(૧૬) પુંડરીકજીનુ મંદિર-પંચતીર્થી મંદિરની સામે એક નાના દહેરામા પુંડરીકજી છે આ બે દહેરાને નવમી તથા દશમી ટૂંક કહે છે આ ટૂંકમા અડસઠ નાની દહેરીઓ છે

(૧૭) પદ્મપ્રભુનું મંદિર-આ મંદિર રાધનપુરવાળા મસાલીઆનુ બંધાવેલુ છે.

(૧૮) કવડ જક્ષ-શ્રી ચક્રેશ્વરી માતાના મંદિર સામે તીર્થઅધિષ્ઠાયક કવડ જક્ષ(કપર્દિયક્ષ)ની સુંદર મૂર્તિ છે ભાવનગરવાળા શેઠ અમરચંદ જસરાજ વહોરાએ છત્રીવાળી દર્શનીય દહેરી બનાવી છે.

(૧૯) મહાવીરસ્વામીનું મંદિર-આ દહેરાસર શ્રી શાંતિનાથજીના મંદિર સામે ઊંચા પરસાળ ઉપર મહાવીરસ્વામીના સમવસરણવાળુ ત્રિગડાગઢનું સં ૧૭૮૮ માં સુરતવાળા સોમચંદ કલ્યાણચંદે બંધાવ્યુ છે

(૨૦) અમીજરા પાર્શ્વનાથ-આ મંદિર સં. ૧૭૯૧ મા ભંડારીનુ બંધાવેલુ બીજુ મંદિર છે

(૨૧) ચંદ્રપ્રભુનું મંદિર-આ મંદિર શા. પ્રેમજી રતનજીનું સં. ૧૭૮૮ મા બંધાવેલુ છે.

(૨૨) સંભવનાથનુ મંદિર-આ ભોગવશાવાળાનું બંધાવેલું છે

(૨૩) રસણીય મંદિર-શ્રી પાર્શ્વનાથ પ્રભુનું આ મંદિર સુંદર છે દહેગી જેવું દેખાતું હોવાથી ભાગ્યે જ આપણું ધ્યાન ખેંચાય છે. આ દહેરાસરમાં બે સુંદર કળામય હાથીઓ જોવા લાયક છે. એક ભીંતમાં નંદીશ્વર દ્વીપ તથા બીજી બાજુ અષ્ટાપદજી આરસમાં બહુ સુંદર કારીગરીથી ભરેલા શોભે છે

(૨૪) ચંદ્રપ્રભુનું મંદિર-પાટણવાળા ડુંગરશી મીઠાચંદ લાધાચંદે સં. ૧૮૬૯ માં બંધાવેલું છે.

(૨૫) સંભવનાથનું મંદિર-સુરતવાળા કેશરીચંદ વહોરાનું બંધાવેલું છે.

(૨૬) અજિતનાથનું મંદિર-પાટણવાળા મીઠાચંદ લાધાચંદનું બીજું દહેરું છે.

(૨૭) પાર્શ્વનાથનું મંદિર-જીવણચંદ શેઠે સં. ૧૭૬૧ માં બંધાવ્યું છે.

(૨૮) રૂષભદેવનું મંદિર-શા. જવેરભાઈ નાનજીનું સંવત ૧૮૬૦ માં બંધાવેલું છે.

(૨૯) ધર્મનાથનું મંદિર-અમદાવાદવાળા નાનાભાઈ માણેકભાઈ માણેકવાળાનું સં. ૧૮૬૦ બંધાવેલું છે.

(૩૦) મહાવીરસ્વામીનું મંદિર-મોરબીવાળા પીતાંબરદાસ પદમશીનું સં. ૧૮૬૪ માં બંધાવેલું છે.

(૩૧) સો સ્થંભનું મંદિર-આ શ્રી ચૌમુખજીના મંદિરના ઘણા સ્થંભો હોવાથી સો સ્થંભનું મંદિર કહેવાય

છે જોધપુરવાળા મનોતમલ જયમલજીએ સં. ૧૮૮૬ માં બંધાવેલું છે

(૩૨) ઋષભદેવનું મંદિર—અમદાવાદવાળા માણેકચંદ પાનાચંદની સ્ત્રી અંદરબાઇએ સં. ૧૮૭૩ માં બંધાવ્યું છે

(૩૩) પદ્મપ્રભુનું મંદિર—શા કપુરચંદ પટવાનું સં. ૧૮૬૦ માં બંધાવેલું આ દહેરાસર તળીયાથી શિખર સુધી ચંદન આરસનું બંધાવેલું છે.

(૩૪) ધનેશ્વરસૂરિ—આ મંદિરની પાસે આરસની નકશીદાર દહેરીમાં શત્રુંજય મહાત્મ્યના કર્તા યુગપ્રધાન શ્રી ધનેશ્વરસૂરિની મૂર્તિ બે શિષ્યો સાથે દર્શનીય છે

(૩૫) શ્રેયાંસનાથનું મંદિર—જામનગરવાળાનું સં ૧૬૭૫ માં બંધાવેલું આ મંદિર જૂનું છે. તેમાં મોટો શિલાલેખ પણ છે.

(૩૬–૩૭) સંભવનાથનાં મંદિર બે—એક અમદાવાદવાળાનું સં. ૧૬૮૨ માં બંધાવેલું છે. તથા એક રીખવદાસ વેલજીનું બંધાવેલું છે

(૩૮) શ્રી ઋષભદેવનું મંદિર—કપડવંજવાળા માણેક શેઠાણીનું આ મંદિર સુંદર છે તેમાં એક આરસની છત્રી છે તથા મહાવીરસ્વામીની મૂર્તિ છે.


(૩૯) દિગમ્બરી મંદિર—દિગમ્બર ભાઇઓને માટે એક દહેરાસર બંધાવેલું છે તે ગઢને લગતું આવેલું છે. મોટું અને સુંદર છે.

કુમારપાળ મહારાજાના મંદિર સામે લીંબડીના વૃક્ષ નીચે એક પાળીયો છે તે પાલીતાણાના ભાવસાર જુવાન વિક્રમશીનો છે, જેણે શત્રુંજય ઉપર રહેના ને યાત્રાળુઓને ત્રાસ આપતા એક વાઘને મારી પોતાની જાતને સમર્પણ કરી છે. તે બહાદુર જુવાનને જોતા જશો.

સૂર્ય કુંડ—હાથીપોળની બાજુમાં એક લાંબી ગલીમાં થઇને સૂર્યકુંડ પાસે જવાય છે. એક વિશાળ, શાંત અને ઠંડક આપનાર છત્રીવાળા વિસામા પાસે સૂર્યકુંડ આવેલો છે. પાસેનો ભીમ કુંડ ઘણો વિશાળ અને પાણીથી છલોછલ ભરેલો છે, કિલ્લાની રાંગે બીજો બ્રહ્મ કુંડ, ચાક્રેશ્વર કુંડ નામે કુંડ છે સૂર્ય કુંડ પાસે એક દહેરીમાં શિવલિંગ છે. કુમારપાળના દહેરાના ઉગમણા ભાગને પછવાડે એક વિશાળ ટાંકું છે. આ ટાંકું અસલ સૂર્ય કુંડના છેડા ઉપર આવેલું કહેવાય છે. આ ટાંકાંમાંથી જળ લાવી તીર્થપતિ શ્રી આદીશ્વર ભગવાનને ન્હવણ પૂજા કરવામાં આવે છે. આ કુંડનું જળ હંમેશા નિર્મળ રહે છે.

હાથી પોળ—મોટા કદના રંગીન હાથી મનોહર લાગે છે. બંને બાજુ હાથી ઉપર દીવાલમાં બે ગોખલા કાચના બારણાંવાળાં છે. તેમાં પ્રતિમાજીએ દર્શન કરવા લાયક છે કિલ્લાની ભીંતે ૧૯૩૯ માં ત્રીસ–ચાલીસ હજાર યાત્રાળુઓનો સમૂહ થઇ જવાથી એક બીજું મોટું બારણું મૂકવામાં આવ્યું છે

હાથીપોળમાં પેસતાં એક તરફ ચોકી પહેરો અને બીજી તરફ માળીઓને ફૂલ લઇને બેસવાનો મોટો ઓટલો છે.



તીર્થાધિરાજનો દરબાર

હાથી પોળમા દાખલ થતાં ટૂંકની મધ્યમાં ભવ્ય, ગગનચુંબી, ઊંચા મનોહર શિખરોવાળુ, ઘુમટોની હારમાળાથી સુશોભિત મોટું મંદિર મૂળનાયક તીર્થપતિ દાદાશ્રી આદીશ્વર ભગવાનનું નજરે પડે છે અને દૂરથી જ દાદાને પ્રણિપાત થાય છે

આ મુખ્ય મંદિર બાહડ મંત્રીના સં. ૧૨૧૩ ના ચૌદમા ઉદ્ધાર વખતે બંધાવેલું તે છે. તેમાં પંદરમા તથા સોળમા સં ૧૫૮૭ ના ઉદ્ધારમાં ખાસ વિશેષ ફેરફાર થયો નથી. તેને વારંવાર સમરાવવામા આવ્યું છે પણ બાંધણી કાયમ છે. ચૌદમા ઉદ્ધારના મૂળનાયકની પ્રતિમા અલૌકિક અને ચમત્કારી છે પંદરમા ઉદ્ધાર વખતે પ્રતિમાજીને ઉઠા-

ડવા પ્રયત્ન થયેલો પણ દાદા ઊઠયા નહિ પણ તખ્તામાં બિરાજમાન રહ્યા અધિષ્ઠાયકે મૂળનાયકની મૂર્તિ બદલવાની આજ્ઞા ન આપી પૂર્વે આ મંદિર મોટું ગભારામાં અંદરની ભમતીવાળું હશે તે પરઘર પામેના ખૂણામાંહેની પ્રતિમા ઉપરથી જણાય છે.

પંદરમા ઉદ્ધાર સમયે પ્રતિમાવાળા ખૂણાના ભાગમાં આડી પાટ જડી ગભારાનો ફરતો ભાગ બંધ કરેલો લાગે છે

મુખ્ય મંદિરનો પુનરુદ્ધાર—સં. ૧૫૮૭ માં કર્માશાહે શ્રી આનંદવિમલસૂરિનાઉપદેશથી શત્રુંજય તીર્થ ઉપરના મૂળ મંદિરનો ઉદ્ધાર કર્યો, પરંતુ બહુ જ પ્રાચીનતાને લીધે થોડા જ સમયમાં મૂળ મંદિરમાં જીર્ણતા જણાવતા બાસઠ વર્ષ પછી સં. ૧૬૪૯ માં જગદ્‌ગુરુ શ્રી હીરવિજય સૂરીશ્વરના ઉપદેશથી ખંભાત બંદરના મહાન ધનિક શાહ તેજપાળ સોનીએ મુખ્ય મંદિરનો પુનરુદ્ધાર કરાવ્યો અને શ્રી હીરવિજયસૂરિના પવિત્ર હાથે તેની પ્રતિષ્ઠા કરાવી.

આ વિષેનો શિલાલેખ મુખ્ય મંદિરના પૂર્વદ્વારના રંગમંડપમાં એક સ્થંભ ઉપર આવેલો છે શત્રુંજયના શિલાલેખોમા આ સૌથી મોટો લેખ છે. તેમાં શ્રી હીરવિજયસૂરિ અકબર બાદશાહના માનભર્યા નિમંત્રણથી રાજધાની ફત્તેપુરમા જઈને બાદશાહને ઉપદેશ આપી છ મહિના જીવદયા પળાવી, મૃત મનુષ્યોના ધનનો ત્યાગ કર્યો, જજીયા વેરો બંધ કર્યો, શત્રુંજય પર્વત જૈનોને સ્વાધીન કર્યો, વગેરે ઉલ્લેખ આવે છે વળી ઓસવાળ વંશમાં આ શેઠના કુળમાં

તેજપાળ સોની તથા તેમની ધર્મપત્ની તેજબાઈએ ગુરુના ઉપદેશથી ખંભાતના સુપાર્શ્વનાથ તીર્થ કરતું ભવ્ય ચૈત્ય બનાવ્યું તથા શત્રુંજયનો મોટો સંઘ કાઢી ભવ્ય રીતે પ્રતિષ્ઠા કરાવી

આ પ્રતિષ્ઠા સમયે ગુજરાત, મેવાડ, મારવાડ, દક્ષિણ અને માળવા આદિના હજારો યાત્રી આવ્યા હતા. તેમાં ૭૨ તો મ્હોટા સંઘો હતા શ્રી હીરવિજયસૂરિ સાથે એક હજાર તો સાધુ હતા.

મંદિરની રચના બહુ જ મનોહર છે. ભૂતલથી શિખર સુધીની ઉંચાઈ પર હાથની છે ૧૨૪૫ કુંભો એના પર વિરાજમાન છે વિઘ્નરૂપી હાથીઓનો નાશ કરવા માટે તત્પર એવા ૨૧ સિંહો એ મંદિર ઉપર શોભી રહ્યા છે ચારે દિશાઓમા ચાર યોગીનીઓ અને દસ દિક્પાલો સ્થાપેલા છે. એ મહાન મંદિરની ચારે બાજુએ ૭૨ દેવકુલિકાઓ છે. ૪ ગવાક્ષો, ૩૨ પૂતલીઓ અને ૩૨ તોરણોથી આ મંદિરની શોભા અલૌકિક દેખાય છે. વળી એ મંદિરમાં ૨૪ હાથીઓ અને બધા મળી ૭૪ સ્તંભો લાગેલા છે. આવું અનુપમ મંદિર સં. ૧૬૪૯ માં તેજપાલે તૈયાર કરાવ્યું અને તેનું 'નંદિવર્દ્ધન' એવું નામ સ્થાપન કર્યું.

આ ચૈત્યના પુનરુદ્ધાર માટે તેજપાલે જે દ્રવ્ય ખર્ચ્યું તે જોઈ લોકો તેને કલ્પવૃક્ષની ઉપમા આપતા હતા

જગતના તારણહાર—દેશદેશાતરોથી હજારો માઈલોથી આવતા યાત્રાળુઓ શ્રી આદીશ્વરદાદાની અનુપમ, ભવ્ય,

તેજતેજના અંબાર તથા અલૌકિક જ્યોતિર્મયી ચમત્કારી મૂર્તિના દર્શન કરી પોતાના આત્માને ધન્ય ધન્ય માને છે જીવનની સાર્થકતા અનુભવે છે

ચાંદીની મનોહર છત્રીમા દાદા બિરાજ્યા છે પાસે નમિ–વિનમિ કાઉસગીઆ છે પૂજા માટે સુંદર પગથિયા કરવામા આવ્યા છે ગભારાને ચાંદીના દરવાજાથી સુશોભિત બનાવવામા આવ્યો છે

રંગમંડપ વિશાળ અને મનોહર છે ગભારામા અને બહાર જુદા જુદા ગોખમા પ્રતિમાજીઓ બિરાજમાન છે દાદાની સામે હાથી ઉપર ઋષભદેવના માતાજી બિરાજમાન છે તેની પાસે સુનંદા તથા સુમંગળાની મૂર્તિઓ છે રંગમંડપના ડાબા હાથના બે ગોખમા શ્રી પાર્શ્વનાથ અને શ્રી મહાવીરસ્વામીની મનહર મૂર્તિઓ છે.

દાદાના દર્શન કરતા હૃદય નાચી ઊઠે છે આત્મા પ્રફુલ્લ બને છે જગતના સુખ–દુઃખો ભૂલી જવાય છે ભાવનાઓ બલવતી બને છે અને પ્રભુના ચરણમા સર્વસ્વ અર્પણ કરવાની ઊર્મિ જાગ્રત થાય છે. એવો તો અપૂર્વ આનંદ ઉભરાય છે કે દર્શન કરતા મન ધરાતુ નથી બહાર જવાનુ મન થતુ નથી કોઈ સ્વર્ગભૂમિમા બેઠા હોઈએ તેવો ભાસ થાય છે યાત્રાળુઓની સંખ્યા ઓછી હોય ત્યારે દાદાની મૂર્તિ સામે ધ્યાન ધરીને આત્મશુદ્ધિ અને આત્મશાંતિનો અનુભવ લેવા જેવો છે

મુખ્ય મંદિરની બહાર બે કળામય હીરાજડિત દહેરીઓ છે પાટણનિવાસી શેઠ મોતીલાલ નહાનચંદ અને શેઠ ચુનીલાલ નહાનચંદે ભરાવેલી છે.

ઉપર ચૌમુખજી અને બીજી અનેક પ્રતિમાજીઓ જોવા લાયક છે.

રથયાત્રાનો ચોક—દાદાનાં મંદિરના સુશોભિત વિશાળ ચોકમાં આરસપહાણ પથરાવવાનું પહેલું કામ લુળિયાનિવાસી શેઠ સખારામ દુર્લભદાસે કરાવેલું. તેના ઉપર છાયડા માટે ખંભાતવાળા શેઠ પોપટલાલ અમરચંદે છત્રી કરાવી હતી પણ તે વાવાઝોડામાં પડી જવાથી તે જગ્યાએ લોખંડની મજબૂત અને સુંદર છત્રી કાચથી મઢેલી જોવામાં આવે છે.

આ વિશાળ ચોકમાં યાત્રાળુઓ આનંદથી આરામ લેવા બેસે છે. રથયાત્રા અહીં કાઢવામાં આવે છે. ઘણી ઉત્તમ નકશીવાળો સોના ચાંદીનો રથ, સોના ચાંદીની પાલખી, સોના ચાંદીનો એરાવત હાથી, સુંદર ગાડી, સોનાના મેર આદિ બહુ મૂલ્યવાન વસ્તુઓ રથયાત્રા વખતે નીકળે છે રથયાત્રાનો નકરો રૂાં. ૨૫) શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને ભરવો પડે છે

આ ચોકમાં એક સોના ચાંદીનું સિંહાસન રાખવામાં આવ્યું છે. તેમાં આઠે માસ હમેશાં વિધવિધ રાગ રાગણીથી પૂજા ભણાવવામાં આવે છે.

દાદાની આખી ટુંકમાં આરસ આરસ જ દેખાય છે. તેને માટે મ્હેસાણાવાળા ધર્મનિષ્ઠ શેઠ વેણીચંદ સુરચંદે દેશાવરોમાં ટીપ કરીને ભારે શ્રમપૂર્વક આ કાર્ય કરાવ્યું છે.

પ્રદક્ષિણા-મંદિરોનાં દર્શન—દાદાની ટુંકને ત્રણ પ્રદક્ષિણા દેવાથી બધાં નાનાં મોટાં મંદિરો અને દહેરીઓની પ્રતિમાઓના દર્શન થાય છે ત્રણ પ્રદક્ષિણાનો અર્થ એ છે કે જ્ઞાન, દર્શન અને ચારિત્રની પ્રાપ્તિ કરી ભવનો ફેરો ટાળવો.

દાદાની અલૌકિક પ્રતિમાના દર્શન કરી ગભારાનાં પ્રતિમાજીઓ તથા શ્રી પાર્શ્વનાથ અને શ્રી મહાવીરસ્વામીનાં દર્શન કરી મોટા દરવાજાની બહારની બાજુમાં આવેલ બે કાચની દહેરીઓમાંના સુંદર પ્રતિમાજીનાં દર્શન કરી દાદાના મંદિર ઉપર મધ્ય ભાગમાં શ્રી ચૌમુખજી અને ચારે બાજુ ફરતાં ગોખલાઓમાં નાં પ્રતિમાજીઓ તથા જીનમસ્વામીનાં દર્શન કરી પ્રદક્ષિણાના નીચેના મંદિરોનાં દર્શન કરવાં જોઇએ.

સહસ્રકૂટનું મંદિર—આ દાદાનાં દહેરાસરની ડાબી બાજુનું પહેલું મંદિર છે. આગ્રાનિવાસી વર્ધમાનના પુત્ર માનસિંહ આદિ પાંચ ભાઇઓએ પોતાના પિતાના વચનથી તેમના સ્મરણાર્થે આ સહસ્રકૂટનું મંદિર બંધાવ્યું. અને તેની ઉપાધ્યાય શ્રી વિનયવિજયજીએ સં. ૧૭૧૦ માં પ્રતિષ્ઠા કરવી

આ મંદિરનાં દર્શન કરી આગળ જતાં દાદાનાં મંદિરની બહારની દહેરીઓના પ્રતિમાજીઓનાં દર્શન કરી ત્રીજા-મંદિરમાં આવ્યા.



મોતીશાનું ભવ્ય મંદિર



કળામય શિલ્પ (નેમનાથની ચોરી)



શ્રી તીર્થાધિરાજ આદીશ્વર દાદાનું મંદિર



રાયણ પગલાં

સીમધર સ્વામીનુ મંદિર—દાદાના દહેરાની જમણી બાજુ શ્રી સીમધરસ્વામીનુ દહેરાસર છે આ મદિર વસ્તુપાળ તેજપાળે બંધાવ્યું છે આ મદિરમા ઓસવાલોની કુળદેવી અમ્બિકા દેવીની મૂર્તિ છે સં. ૧૩૭૧ માં દેશલશાના પુત્ર સમરાશાએ પરિવાર સહિત પોતાની કુલદેવી અમ્બિકા દેવીની સ્થાપના કરેલી છે.

એ જ મદિરમાં દેવીના ગોખલાની બાજુમાં સંઘવી દેશલશાએ રાણા મહીપાલની મૂર્તિની સ્થાપના કરાવી છે. જે રાણાએ ભગવાનની મૂર્તિઓ માટે પોતાની ખાણમાંથી ફલક પ્રેમપૂર્વક ભેટ આપ્યુ હતું.

નવા આદીશ્વર—બીજી ભમતીમા જતાં આ મદિર પહેલું આવે છે દાદાના દહેરાની બીજી બાજુ વસ્તુપાળ તેજપાળનું બધાવેલું દહેરાસર છે તેમા સૂરતવાળા તારાચંદ સંઘવીએ ગયા સૈકામાં પ્રભુજીની પ્રતિષ્ઠા કરાવી છે.

દાદાના મોટા મદિરમા એક વખત વીજળી પડી શ્રી આદીશ્વર ભગવાનની નાસિકા જરા ખડિત થઇ હવે શુ કરવું તે વિચાર થઇ પડ્યો. બીજી પ્રતિમાજી સ્થાપન કરવા વિચાર કર્યો નવા આદીશ્વરનું ભવ્ય મનોહર બિંબ લાવવામાં આવ્યું પણ ચમત્કારી દાદાની મૂર્તિ ઉત્થાપવા જતાં 'મા' કારનો અવાજ થયો. અધિષ્ઠાયકે રજા ન આપી ઉદ્ધાર સુધી નહિ ઉઠવાનુ જણાવ્યાથી દાદાની પ્રતિમા કાયમ રાખવામાં આવી અને નવા આદીશ્વરને વસ્તુપાળના દહેરામાં

પધરાવવામા આવ્યા આ પ્રતિમા પણ બહુજ ભવ્ય છે. મોટા બે કાઉસગ્ગીયા તથા ચરણપાદુકા પણ સુંદર છે

શ્રી નવા આદીશ્વરના મંદિરમા સામેના ગોખમા એક યુગલ છે તે સંઘવી દેશળશાએ પોતાના વૃદ્ધ ભ્રાતા સંઘપતિ આશાધર અને તેમની સ્ત્રી રત્નશ્રીની મૂર્તિઓની સ્થાપના કરી છે.

મેરૂશિખર—અમદાવાદનિવાસી શેઠ માણેકલાલ મનસુખભાઇ સંઘ લાવ્યા ત્યારે આરસનુ મેરૂશિખર બહુ ઊંચું અને સુંદર બંધાવ્યુ છે

આગળ ચૌમુખજીના મંદિરના દર્શન કરીએ

સમેતશિખરનુ મંદિર—આ મંદિરમા લોખંડના સરીયાવાળી જાળી ચારે તરફ ભીડીને બારણા મૂકેલા છે અહીં સમેતશિખરનુ દ્રશ્ય સુંદર છે

ગણધર પગલાં—આ મંદિર મૂળનાયકના મંદિરની જમણી બાજુ આવેલુ છે તેમા ચોવીસ પ્રભુના ગણધર ૧૪૫૨ ની પાદુકા જોડી પરસાળ ઉપર સ્થાપેલા છે ચોવીસ તીર્થંકરના પણ પગલા છે.

આગળ જતા એક દહેરીમા સહસ્રફણા પાર્શ્વનાથની બહુ સુંદર મૂર્તિ આવે છે.

કળામય દહેરી—ન્યાયાંભોનિધિ, પંજાબ દેશોદ્ધારક જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરિ પ્રસિદ્ધનામ શ્રી આત્મા-

રામજી મહારાજની બહુ જ સુંદર કળામય આરસની દહેરી વચ્ચેના ચોકમા જુદી જ તરી આવે છે તેમાં શ્રી આત્મારામજી મહારાજની સુંદર મૂર્તિ છે. પંજાબના શ્રી સંઘ તથા શ્રી આત્માનંદ જૈનસભા ભાવનગર તરફથી એ કળામય દહેરીની પ્રતિષ્ઠા કરવામાં આવી છે.

પાંચ ભાયાનું મંદિર—આ મદિર ઉજ્જૈન-નિવાસી પાચ ભાઇઓએ બધાવ્યું હોવાથી પાચ ભાયાનું મંદિર કહેવાય છે. તેમાં શ્રી સંભવનાથની મૂર્તિ બહુ સુંદર છે.

બાજરીયાનુ મંદિર—આ મદિર સં. ૧૬૧૫ માં બધાવેલું છે તેમાં આરસના સુંદર ગોખલાઓ છે. આગળ જતા શ્રી નેમનાથની શ્યામ ચમત્કારી મૂર્તિ બહુ જ સુદર છે બાજુની દહેરીમાં સંપ્રતિરાજાના વખતના શ્રી આદીશ્વર ભગવાનની પ્રાચીન પ્રતિમા છે.

વીશ વિહરમાનનું મદિર—આ દહેરામાં વર્તમાન ચોવીશી તથા વીશ વિહરમાન પ્રભુના સુદર નવીન ચિત્રો છે. આ દહેરામા ખડિત બિંબોનું ભોયરું છે. આ દહેરાને મૂળાશાના મંડપવાળું દહેરાસર કહે છે.

અષ્ટાપદનું મદિર—આ મદિર છસો વર્ષ પહેલાંનું જણાય છે ચારે દિશામા બે, દસ. આઠ અને ચાર એ પ્રમાણ સમનાસાવાળા બિંબો છે આ મંદિરમા વીણા વગાડવામાં તલ્લીન રાવણની અને નૃત્ય કરતી મદોદરીની સુદર મૂર્તિઓ છે. તાપસો અને લબ્ધિવંત ગૌતમસ્વામીની

મૂર્તિ પણ અહીં છે. આ મંદિરમાં છસો વર્ષ પહેલા સાધુ મુનિરાજ કેવા હશે તેની યાદ આપતી એક મુનિની મૂર્તિ મંદિરમાં જતાં જમણા હાથે ઉભેલી છે. દાઢી કેમ રાખતા, ચોળપટ્ટો કેટલે સુધી પહેરાય, ઓઘો કેમ રખાય તથા મુહપત્તિ કયા હાથમા રાખતી વગેરે સુંદર રીતે બતાવ્યું છે. સં. ૧૩૮૩ મા આ મૂર્તિ થયેલી જણાય છે.

અહીંથી પવિત્ર રાયણને ત્રણ પ્રદક્ષિણા કરી દાદાના પગલાંના દર્શન કરવા.


રાયણ પગલાં—આદીશ્વર દાદાના પગલાનું સ્થાન પવિત્ર ગણાય છે. અહીં શ્રી ભરત મહારાજાએ ભરાવેલ મણિમય રત્નની અલૌકિક પ્રતિમાજી રાયણના વૃક્ષ નીચે ભંડાર્યા છે તે સ્થાનને કોટિ કોટિ વંદણા. આદીશ્વર દાદાનાં પગલાં કરમાશાએ સં ૧૫૮૭ માં પધરાવેલાં છે. આરસની કમાનદાર નકશીવાળી સુંદર દહેરીમાં ઉપર આદીશ્વર ભગવાનની મનોહર સુવર્ણમય આકર્ષક મૂર્તિ છે. નીચે ગિરનાર, સમેતશિખર અને આબુનાં દૃશ્યો પણ સુંદર છે. અહીં દહેરીની પાસે સર્પ-મયૂરની આકૃતિઓ છે જેનો પણ ઉદ્ધાર થયો છે

ચૌમુખજી-ગંધારીયાનું મંદિર—આ મંદિર છેલ્લી ભમતિના છેડે પુંડરીકજી જતાં આવે છે. સં. ૧૬૨૦ ના કાર્તિક શુદી ૨ ના દિવસે એ મંદિરની પ્રતિષ્ઠા ગંધાર-નિવાસી શા રામજી વર્ધમાન તથા પોતાના ભાઈઓ વગેરે

કુટુંબ સાથે તપગચ્છાચાર્ય શ્રી વિજયાનંદસૂરિ હીરવિજયસૂરિના ઉપદેશથી કરાવી છે મૂળનાયક શ્રી આદિનાથજી છે આ મંદિરની પાસેની દહેરીમાં ૨૪ જિનની માતા જિનના બાળકને પોતાની પાસે લઈને ઊભેલી દેખાય છે

પુંડરીક ગણધરનું મંદિર—દાદાના દહેરાની સામે શ્રી પુંડરીકસ્વામીનું મનોહર મંદિર છે શેઠ કરમાશાએ સં ૧૫૮૭માં બંધાવેલ છે ગભારામાં રૂપાની નકશીવાળી કમાડ છે આ મંદિરમાં ડાબા હાથની ભીંતમાં કોતરેલી ભવકથા, મરુદેવી માતાના સ્વપ્ન, મહીપાળનું પરાક્રમ તથા મહીપાળને સૂરજકુંડના જળથી કોઢ કેમ મટ્યો તે પ્રસંગો દિશાકુમારીની ભક્તિ અને રાજા વિક્રમના સાત ભવની કથાના બોધક દશ્યો ચિત્રામણમાં આકર્ષક રીતે રજૂ કરવામાં આવ્યા છે.

તનપેળમાં રાયણ પગલાની ઉત્તર દિશામાં આવેલી જુદી જુદી દહેરીઓમાં ઋષભદેવ ભગવાન તથા ભરત બાહુબલી, નમિ-વિનમી તેમજ બ્રાહ્મી અને સુંદરીની સુંદર મૂર્તિઓ છે અહીં ચૌદ રત્નનું એક સુંદર મંદિર છે. ભમતિમાં પુંડરીકસ્વામીની બાજુમાં શ્રી નેમનાથ ભગવાનની ચમત્કારિક અલૌકિક મૂર્તિ છે. તેની બાજુની દહેરીમાં સંપ્રતિ રાજાના સમયની સુંદર મૂર્તિ છે ચૌમુખજીના મંદિરની બાજુમાં નવા જતા જમણા હાથે એક ગોખમાં પૂર્વાચાર્યોની સુંદર મૂર્તિઓ છે તેમાં મુનિ દેવસૂરિ, વિજયસિંહસૂરિ તથા ઉદયદેવસૂરિની મૂર્તિઓ છે



મંદિરોનું નગર

નવ ટૂંક

આજે આપણે નવ ટૂંકનાં દર્શને જઈએ. હનુમાનદ્વારથી
। ટૂંકનો રસ્તો જુદો પડે છે. થોડુંક ચઢતાં નવ ટૂંકનો
: આવે છે સૌથી પહેલા **અંગારશા** પીરની કબર
વે છે. મુસલમાન બાદશાહોની સૌરાષ્ટ્રની ચઢાઈઓ
ત્રુંજય સુધી ન આવે, તે દીર્ઘદૃષ્ટિએ આ કબર રાખવામાં
વી હોય તેમ લાગે છે. દંતકથા તો એવી છે કે શાહ-
ીન ગોરીના સમયમાં અંગારશા નામના પીરમહમદ
નું બીજું નામ હીંગો હતું તે વાણુદાર હતો તેના મરણ
થી તેની અવગતિ થવાથી તેના આત્માની શાંતિ માટે
ી કબર કરવામાં આવી.


ખરતરવસી (૧)

ચૌમુખજીની ટૂંકમાં જતાં સૌથી પહેલાં ખરતરવસી આવે છે દરવાજા સામે શેઠ નરશી કેશવજીના સ્મરણાર્થે એક સુંદર કુંડ બંધાવવામાં આવ્યો છે તે બંધાવવામાં તેમના મુનિમ વલ્લભજીભાઈએ સારી મહેનત લીધી હોવાથી તેને વલ્લભકુંડનું નામ આપવામાં આવ્યું છે

નરસી કેશવજીની ટૂંક

ખરતરવસીમાં પ્રવેશતાં જમણા હાથે કચ્છી શેઠ નરશી કેશવજીની ટૂંક આવે છે તેની પ્રતિષ્ઠા સં. ૧૯૨૧ માં કરવામા આવી હતી પણ મુહૂર્ત બરાબર ન હોવાથી એકઠા થયેલા યાત્રાળુઓમાં તેમજ ગામમાં ઘણાં મરણ થયાં હતા શબોને બાળવા સરપણ પણ ખૂટી પડેલું. શેઠ નરશી કેશવજીએ પાલીતાણા પાજરાપોળને દેવામાંથી મુક્ત કરી હતી.

અભિનંદન-મંદિર—આ મંદિરમાં અભિનંદન-સ્વામીની મૂર્તિ છે. યક્ષ-યક્ષિણીની મૂર્તિઓ સુંદર છે ઉપર-ના ભાગમાં ત્રણ ચૌમુખજી છે ઉપરના રંગમંડપમાં દેવી-ઓનો રાસ અને ભગવાનનાં સમોસરણની રચના અને દેવ દેવીઓ વિવિધ વાહનો લઈને આવતાં જોવાનું દ્રશ્ય સુંદર છે. આસપાસ દહેરીઓમાં, બીજી દહેરીમાં સુખડની પ્રતિમાજી છે, તે ઉપર ચાંદીનું ખોળું મઢેલું છે.



મંદિરોનું નગર

નવ ટૂંક

આજે આપણે નવ ટૂંકનાં દર્શને જઈએ. હનુમાનદ્વારથી નવ ટૂંકનો રસ્તો જુદો પડે છે. થોડુંક ચઢતાં નવ ટૂંકનો કોટ આવે છે. સૌથી પહેલાં **અંગારશા** પીરની કબર આવે છે. મુસલમાન બાદશાહોની સૌરાષ્ટ્રની ચઢાઈઓ શત્રુંજય સુધી ન આવે, તે દીર્ઘદૃષ્ટિએ આ કબર રાખવામાં આવી હોય તેમ લાગે છે. દંતકથા તો એવી છે કે શાહબુદ્દીન ગોરીના સમયમાં અંગારશા નામના પીરમહમદ જેનું બીજું નામ હીંઝો હતું તે શાહુકાર હતો. તેના મરણ પછી તેની અવગતિ થવાથી તેના આત્માની શાંતિ માટે તેની કબર કરવામાં આવી.

ખરતરવસી (૧)

ચૌમુખજીની ટૂકમાં જતાં સૌથી પહેલા ખરતરવસી આવે છે દરવાજા સામે શેઠ નરશી કેશવજીના સ્મરણાર્થે એક સુંદર કુંડ બંધાવવામાં આવ્યો છે તે બંધાવવામાં તેમના મુનિમ વલ્લભજીભાઈએ સારી મહેનત લીધી હોવાથી તેને વલ્લભકુંડનું નામ આપવામા આવ્યું છે

નરસી કેશવજીની ટૂંક

ખરતરવસીમાં પ્રવેશતાં જમણા હાથે કચ્છી શેઠ નરશી કેશવજીની ટૂંક આવે છે તેની પ્રતિષ્ઠા સં ૧૯૨૧ માં કરવામા આવી હતી પણ મુહૂર્ત બરાબર ન હોવાથી એકઠા થયેલા યાત્રાળુઓમા તેમજ ગામમાં ઘણા મરણ થયાં હતા શબોને બાળવા મરપણ પણ ખૂટી પડેલું. શેઠ નરશી કેશવજીએ પાલીતાણા પાંજરાપોળને દેવામાંથી મુક્ત કરી હતી

અભિનંદન-મંદિર—આ મંદિરમા અભિનંદન-સ્વામીની મૂર્તિ છે. યક્ષ-યક્ષિણીની મૂર્તિઓ સુંદર છે ઉપર-ના ભાગમા ત્રણ ચૌમુખજી છે ઉપરના રંગમંડપમા દેવી-ઓનો ગસ અને ભગવાનનાં સમોસરણની રચના અને દેવ દેવીઓ વિવિધ વાહનો લઈને આવતાં જોવાનું દ્રશ્ય સુંદર છે. આસપાસ દહેરીઓમા, બીજી દહેરીમા સુખડની પ્રતિમાજી છે, તે ઉપર ચાંદીનું ખોળું મઢેલુ છે.

ખરતરવસીનાં દહેરાં—

(૧) શાંતિનાથ—આ દહેરાસર ઘણુ પ્રાચીન છે મપ્રતિનાથનુ બધાવેલ મનાય છે જીર્ણોદ્ધાર વારવાર થતુ હોય તેમ લાગે છે ભીંતોમા વિધવિધ ચિત્રોના ચિત્રામણ છે

(૨) મરૂદેવી માતા—બાજુમા મરૂદેવી માતાનું નાનકડુ મદિર છે ... દહેરૂ પણ જૂનું છે. મરૂદેવી માતા હાથી ઉપર બિરાજેલા છે, મૂર્તિ બહુ જ આકર્ષક છે

(૩) ચદ્રપ્રભુ—શેઠ નરશી નાથાએ સ. ૧૯૦૩મા બધાવેલુ છે શેઠ શેઠાણીની મૂર્તિઓ છે

(૪) ધર્મનાથ—શેઠ દેવશી પુનશી સામતનું મદિર છે ઉપર બ ગાશીના વર્તમાન ચાવીશીના ચોવીશ ભગવાનની પ્રતિમાઓ ... મધ્યમા ચૌમુખજી છે

(૫) કુંથુનાથ—ધર્મનાથની બાજુમા છે

(૬) અજિતનાથ—અજિતનાથભગવાનનુ મદિર છે

(૭) ચદ્રપ્રભુ—ચદ્રપ્રભુનુ મદિર છે.

(૮) ઋષભદેવ—મુર્શિદાબાદવાળા બાબુ ઇદ્રચદજી મ્હોતાચદજીનુ સં. ૧૮૯૧ મા બધાવેલુ છે

(૯) ચૌમુખજી—ચૌમુખજીનુ મદિર છે, જેમાં પગલા તથા થોડી મૂર્તિઓ છે

(૧૦) સુમતિનાથ—મુર્શિદાબાદવાળા બાબુ હરખચદજી લખમીચંદનુ સં. ૧૮૯૩ મા બધાવેલુ મદિર છે

(૧૧) સંભવનાથ—બાબુ પ્રતાપસિંહ દુગ્ગડનું સં ૧૮૯૧ મા બધાવેલું છે

(૧૨) રૂષભદેવ—બાજુમા શ્રી ઋષભદેવનુ મંદિર છે.

ચૌમુખ ટૂંક યા સવાસોમની ટૂંક (૨)

આ ટૂંકના બે વિભાગો છે બહારના વિભાગને ખરતર-વસી અને અંદરના વિભાગને ચતુર્મુખ-વસી કહે છે આ ટૂંક પર્વતના ઊંચામા ઊંચા ભાગ ઉપર બની છે પચીશ-ત્રીશ માઈલના દૂર દૂરના પ્રદેશથી આ ટૂંકના શિખરો દેખાય છે અને હજારો-લાખો ભાવિકો એ ગરવા ગિરિવરને વંદના કરે છે આને સવા સોમાની ટૂંક પણ કહે છે

આ ટૂંકના મધ્ય ભાગમા શ્રી આદિનાથ ભગવાનનો ચતુર્મુખ પ્રાસાદ છે જેની લંબાઇ ૬૨ ફુટ અને પહોળાઈ ૫૭ ફુટ છે તેનુ શિખર ૯૬ ફુટ ઊંચુ છે મંદિરની ફરસમા લીલા, શ્વેત તથા ભૂરા રંગના સુંદર સંગેમરમરના ટુકડા જડેલા છે ગભારામા બે ફુટ ઊંચા અને બાર ફુટ લાંબા અને તેટલા જ પહોળા શ્વેત આરસના સિંહાસન ઉપર ૧૦ ફુટ ઊંચી શ્રી આદીશ્વર ભગવાનની ૪ મનોહર ભવ્ય મૂર્તિઓ છે.

મીરાતે અહમદિમા જણાવ્યા પ્રમાણે આ મંદિરોમા ૫૮ લાખ રૂપીઆનો ખર્ચ થયો છે ૮૪૦૦૦ રૂપી તો માત્ર દોરડા જ થયાં હતા

મુખ્ય મંદિરની ભવ્યતા અનુપમ છે. મુખ્ય મંદિરના રંગમંડપના ૧૨ સ્થલો ઉપર ચોવીસ દેવીઓનાં મનોહર ચિત્રો છે. દેવીઓ વાહનો સહિત કળામય રીતે આલેખેલી જણાય છે શત્રુંજય ઉપર આ ચિત્રામણ આકર્ષક ગણાય છે. ગભારાના પાસેના એક ગોખમા પદ્માવતીની નાની મૂર્તિ છે. રંગમંડપના એક ખૂણામાં લક્ષ્મીજીની બીજી જ સુંદર ભાવવાહી મૂર્તિ છે. મંદિરના બહારના ભાગની કોરણી પણ સુંદર છે

(૧) **રૂષભદેવનું મુખ્ય મંદિર**—સં. ૧૬૭૫ માં શેઠ સવા સોમજીના નામથી બંધાની પ્રતિષ્ઠા કરાવી છે.

(૨) **પુંડરીકસ્વામી**—સં. ૧૬૭૫ માં શેઠ સવા સોમજીએ બંધાવી પ્રતિષ્ઠા કરાવી છે.

(૩) **શાંતિનાથ**—(૪) **શાંતિનાથ** આ બન્ને મંદિર શેઠ સુંદરદાસ રતનજીના બંધાવેલ છે.

(૫) **પાર્શ્વનાથ**—સં. ૧૬૭૫ નું ખીમજી સોમજીનું મંદિર છે. આ મંદિરમાં ત્રણ ચોવીશીની મૂર્તિઓ એક એક પટમા જડેલી છે.

(૬) **સીમંધરસ્વામી**—સં. ૧૭૮૪માં અમદાવાદવાળા કરમચંદ હીરાચંદનું બંધાવેલું છે.

(૭) **અજિતનાથ**—આ મંદિરમાં ભગવાનની બાજુમાં બે દેવીઓની મૂર્તિઓ બહુ જ મનોહર છે, જેનો યાત્રાળુઓને

ખ્યાલ નથી. વળી ગૌતમસ્વામી તથા નેમપ્રભસૂરિની મૂર્તિઓ છે. આ મંદિર અમદાવાદવાળા ભણશાળી કમળશી સેનાનું બંધાવેલું છે

(૮) આદીશ્વર ભગવાનનું મંદિર છે.

(૯) શાંતિનાથ, (૧૦) પાર્શ્વનાથ (૧૧) રાયણ અને ગણધર પગલાં છે.

છીપાવસી (૨)

આ ટુંક ઘણી નાની છે સં. ૧૭૯૧ માં ભાવસાર (છીપા) ભાઈઓએ બંધાવી છે તેમાં ત્રણ દહેરાં અને ચાર દહેરીઓ છે.

(૧) ઋષભદેવનું મંદિર—આ મંદિરના ગભારાની બહારની કોરણી બહુ સુંદર છે

(૨) શ્રી શ્રેયાંસનાથનું મંદિર—આ દહેરાસર સંકરવસીના ગઢ જોડે આવેલ છે.

(૩) શ્રી નેમનાથનું મંદિર—શા હરખચંદ શીવચંદે સં. ૧૭૯૪ માં બંધાવ્યું છે.

ચમત્કારી દહેરીઓ.—

(૪-૫) શ્રી અજિતનાથ અને શ્રી શાંતિનાથની દહેરીઓ—કહેવાય છે કે આ બન્ને દહેરીઓ સામસામે હતી યુગપ્રધાન નંદિષેણસૂરિ મહારાજે ચૈત્ય

-વંદન કરતાં પૂંઠ પડતી હોવાના કારણે, અજિતશાન્તિ સ્તવન બનાવ્યું. તે પૂર્ણ થતાં બન્ને દહેરીઓ જોડાજોડ થઇ ગઇ. આજે પણ તે વિદ્યમાન છે.

(૬) સુપાર્શ્વનાથ–મુખ્ય મંદિરની સામેના મંદિરમાં સુપાર્શ્વ પ્રભુની પ્રતિમા છે.

સાકરવસી (૪)

અમદાવાદવાળા શેઠ સાકરચંદ પ્રેમચંદે સં. ૧૮૯૩માં ટૂંક બંધાવી ને પ્રતિષ્ઠા કરી સાકરવસી નામ રાખ્યું છે. ટૂંકને ફરતો કોટ છે. તેમાં ૪ દહેરાં ને ૨૧ દહેરીઓ છે.

(૧) ચિંતામણી પાર્શ્વનાથ—આ મુખ્ય મંદિર બહુજ સુંદર છે. પંચધાતુના મોટા મનોહર બિંબ શ્રી ચિંતામણી પાર્શ્વનાથના છે. બે બાજુએ સ્ફટિક રત્નના સાથીયા છે. આ મંદિરમાં શેઠ–શેઠાણીના બે ગોખલા છે.

મૂર્તિઓ સુદર આકૃતિવાળી શોભે છે બાજુના ગોખમાં માતા કુંતાની મૂર્તિ છે અને તેની સામેના ગોખમા સતી દ્રૌપદીની મૂર્તિ છે

પાછળ બીજુ સહસ્રકૂટનુ મદિર છે. તે સ ૧૮૬૦માં સુરતવાળા મૂળચદ મયાભાઈ બાવચદે બધાવ્યુ છે તેમા પ્રતિમા ૧૦૨૪ સહસ્રકૂટની છે બાજુમા ચૌદ રાજલોક પુરુષાકારે આરસના મનોહર છે બીજી બાજુ સમોસરણ તથા સિદ્ધચક્રની રચના પણ સુદર છે તેમા ૧૭૦ તીર્થંકરનો પટ છે બહારના વિભાગમા ધનુર્ધારી મૂર્તિઓ રામ, લક્ષ્મણ, સીતા, દશરથ, કૌશલ્યા, કૈકેયી, ભરત, હનુમાન, રામચદ્ર આદિની જૂની મૂર્તિઓ છે

ઉજમફઈની ટૂક–નદીશ્વરદ્વીપ (૫)

શ્રી ઉજમબાઈ તે અમદાવાદના સુપ્રસિદ્ધ નગરશેઠ પ્રેમાભાઈના ફઈ થાય છે આ ટૂકમા નદીશ્વરદ્વીપની મનોહર રચના હોવાથી આ ટૂક નદીશ્વરના નામથી ઓળખાય છે

આ મદિરમા સુંદર નકશીવાળી પથરની જાળીવાળા કિલ્લામા પર ચૌમુખની રચના કરી છે બાવન શૃંગ જુદા જુદા ગિરિપર્વતોથી ઓળખાય છે આ રચનાવાળા ચૌમુખના સમૂહને નદીશ્વરદ્વીપ કહે છે

શ્રી ઉજમફઈએ અમદાવાદમા અષ્ટાપદના દહેરામા પણ નંદીશ્વરની રચના કરાવી છે અમદાવાદમા અને પાલીતાણામા તેમના નામની બે ધર્મશાળાઓ છે

(૧) નંદીશ્વર દ્વીપ—સં. ૧૮૯૩ મા શેઠાણી ઉજમબાઈએ બધાવ્યુ છે

(૨) કુંથુનાથ—સં. ૧૮૪૩ મા ડાહ્યાભાઈ શેઠે બધાવ્યુ છે

(૩) શાંતિનાથ—બહેન પરસનગરે બધાવ્યુ છે આ મંદિરોમા ગોત્રદેવીની મૂર્તિઓ છે

હીમવસી (૬)

હીમાભાઇ શેઠે પોતાના પિતા વખતચંદ શેઠની હૈયાતીમા તીર્થનો વહીવટ સંભાળ્યો હતો, તેમણે પોતાનો વ્યાપાર મુંબઈ, કલકત્તા, રતલામ, વડોદરા, ભાવનગર, વઢવાણ, પાલીતાણા, નવાનગર, ધોળકા, પાલનપુર, શિરોહી આદિ ઘણી જગ્યાઓમા વધાર્યો હતો

તે એવા બાહોશ ને બુદ્ધિશાલી હતા કે મોટા રાજ્યો વચ્ચેના વિક્ષેપોને દૂર કરી આપતા મહાજનોના મતભેદ તે દૂર કરતા અને બ્રીટીશ સત્તાના તે સલાહકાર હતા અને તેમની પ્રતિષ્ઠા રાજા મહારાજાઓમા પણ ઘણી સારી હતી જ્યારે તે બહાર નીકળતા ત્યારે છડીદાર આગળ ચાલતો અને તેમને નગરશેઠનું કાયમનુ માન હતું ઉપરાત જીલ્લા કોર્ટમા ખુરશીનો હકક હતો

અમદાવાદમા હીમાભાઇ ઇન્સ્ટીટ્યુટ, કન્યાશાળા, હોસ્પીટલ, વર્નાક્[illegible] થઈ, તેમનો આગળ પડતો હિ[illegible]

શ્રી વિજયહીરસૂરીશ્વરજીની વિદ્વત્તા અને ચમત્કાર-શક્તિની પ્રશંસા સાંભળી મોગલ બાદશાહ અકબરે જૈન તીર્થોનો ભોગવટો યાવત્ચંદ્રદિવાકરૌ, હંમેશને માટે કરી આપ્યો. સૂરિજીએ અમદાવાદના સુપ્રસિદ્ધ નગરશેઠ શાન્તિદાસ શેઠને તે ફરમાનો અને તીર્થરક્ષાની જવાબદારી સોંપી.

શાંતિદાસ શેઠના પૌત્રના પૌત્ર નગરશેઠ હીમાભાઈએ સં. ૧૮૮૨ માં આ વિશાળ ટૂંક બંધાવીને સં. ૧૮૮૬ માં મૂળ દહેરાસરની પ્રતિષ્ઠા આચાર્ય શ્રી શાંતિસાગરસૂરિના નેતૃત્વ નીચે કરાવી.

(૧) **અજિતનાથનું મંદિર**—સં. ૧૮૮૨ માં શેઠ હીમાભાઈ વખતચંદ ખુશાલચંદે બંધાવ્યું. સં. ૧૮૮૬ માં પ્રતિષ્ઠા કરાવી. આ મંદિરમાં વખતચંદ શેઠ અને જીજીબાઈની મૂર્તિઓ છે.

(૨) **પુંડરીકસ્વામી**—આ મંદિર પણ શેઠ હેમાભાઈએ બંધાવી સાથે જ પ્રતિષ્ઠા કરી.

(૩) **ચોમુખજીનું મંદિર**—શેઠ સાકરચંદ પ્રેમચંદે સં. ૧૮૮૮ માં બંધાવ્યું.

(૪) **ચૌમુખજી**—આ મંદિર શેઠ હેમાભાઈએ સં. ૧૮૮૬ માં બંધાવ્યું.

આ ટૂંકની બહાર બે બાજુએ નાના કુંડો આવેલા છે. તે [illegible]નો કુંડ કહેવાય છે.

પ્રેમવસી (૭)

અમદાવાદ-રાજનગરના ધનાઢ્ય વેપારી મોદી પ્રેમચંદ

લવજી શ્રી સિદ્ધાચળનો સંઘ લઈ પાલીતાણા આવ્યા તીર્થપતિ શ્રી આદીશ્વર દાદાના દર્શન કરી ટૂંકોના દર્શનાર્થે નીકળ્યા. જુદી જુદી ટૂંકો જોઈને હર્ષિત થયા આનંદ ઉલ્લાસમાં. તેમની ભાવના એક મંદિર બાંધવાની જાગી. પરમાત્માની કૃપાથી લક્ષ્મીદેવી હાજરાહજુર હતા. ધન-સંપત્તિની ખોટ ન હતી મંદિરમાંથી ટૂંકની ભાવના થઇ અને ઉંચાણ ટેકરીના સપાટ ભાગમાં એક ભવ્ય ટૂંક બાંધવા યોજના કરી

આ ટૂંક આબુની સુપ્રસિદ્ધ કારીગરીના નમૂનારૂપે બે સુંદર ગોખલા છે તે કળાનાં પ્રતીક છે આબુના વસ્તુપાળ તેજપાળના બનાવેલ દેરાણી જેઠાણીના ગોખની યાદ આપે છે.

(૧) ઋષભદેવ-મુખ્ય મંદિર મોદી પ્રેમચંદ લવજીએ સં. ૧૮૪૩ માં બંધાવ્યું છે. આ મંદિરમાં ચક્રેશ્વરી માતા, યક્ષ, યક્ષિણી અને પદ્માવતી માતાના ગોખલા છે.

(૨) પુંડરીકસ્વામી—આ દહેરું પણ મોદી પ્રેમચંદ લવજીએ સં. ૧૮૪૩ માં બંધાવ્યું છે

(૩) સહસ્રફણા પાર્શ્વનાથ—આ દહેરાસર સુરતવાળા રતનચંદ ઝવેરચંદ ઘુસનું બંધાવેલ તદ્દન આરસનું છે. આ દહેરામાં આરસના બે ગોખ બહુ જ સુંદર કારીગરીવાળા છે આ મંદિરની મૂર્તિઓ બહુ જ આકર્ષક છે, મનોરમ્ય અને સુંદર લાગે છે. શેઠ શેઠાણીની મૂર્તિઓ મંદિરના ગભારામાં છે. આ મંદિરમાં એક સાસુ-વહુની કથા કળાકારે કોરી છે.

વહુ બિચારીને કશી ખબર નહોતી પણ સાસુએ તેનો

વાંક શોધી કાઢ્યો. વહુ તે સાંભળી સમસમી ગઈ. ખૂબખૂબ રડી, આંતરડી કકળી ઉઠી. ઓછામાં પૂરું પાડોશણે જુઠી ટાપશી પૂરી, વહુના વાંકને વધાર્યો. કૂવો પૂરવા ચાલી ને દુઃખની આગથી બળબળતે મને તેણે હૃદયની આહ નાખી.

સાસુને સાપ વીંટાયો, પાડોશણને વીંછી ડંખ્યો અને વહુને વાંદરો કરડ્યો આ બધું છતમાં કળાકારે મૂર્તિમંત બનાવ્યુ છે.

(૪) **સહસ્રફણા પાર્શ્વનાથ**—સુરતવાળા રતનચંદભાઈના ભાઈ પ્રેમચંદ ઝવેરચંદ ઘુમનું સામેના મંદિર જેવું જ આરસનું સુંદર બંધાવેલું છે તેમાં પણ પાર્શ્વનાથની મૂર્તિઓ રાજીત ને મનોરમ્ય છે. આ બન્ને મંદિરોના ઉપરના ભાગમાં ચૌમુખજી છે.

(૫) **અજિતનાથ**—પાલણપુરવાળા મોદીનું બંધાવેલ છે

(૬) **ચંદ્રપ્રભુનું મંદિર**—મહુધાના નીમા શ્રાવકોનું બંધાવેલ છે.

(૭) **ચંદ્રપ્રભુનું મંદિર**—રાધનપુરવાળા શેઠ લાલચંદભાઈનું બધાવેલ છે.

આ ટુંકના ફરતો કિલ્લો છે તેમા ૭ દહેરા ૫૧ દહેરીઓમાં થઈ કુલ પ્રતિમા ૪૮૦ છે. ગણધર પગલાં જોડી ૧૪૫૨ છે

ખોડીયાર માતાનું સ્થાનક—મોદીની ટૂંકના કોટ બહાર વિશાળ ચોકમાં એક કુંડ આવેલો છે. તે કુંડના નીચાણ-

ના પગથીઆ પાસે ખોડીયાર માતાનું સ્થાનક છે. તેમાં માતાજીની મૂર્તિ અને ત્રિશૂળો છે. શેઠ કુટુંબની એ કુળદેવી છે. શેઠ કુટુંબવાળાની વરઘોડીયાંની છેડાછેડી અહીં છૂટે છે. પુત્રજન્મના કર પણ અહીં આવીને કરે છે. ચોમાસામાં કુંડ પાણીથી ભરાઈ જાય છે અને પાણી માતાની મૂર્તિના ચરણ પખાલે છે, છતાં ત્રિશૂલો સ્થાનમાં જ રહે છે. માતાજી ચમત્કારી ગણાય છે.

અદ્ભુત–આદિનાથ—મોદીની ટૂંક ને કુંડ પાસેથી નીચાણમાં પોણોસો પગથીયાં ઉતરતાં આદિનાથ પ્રભુના અદ્ભુત મંદિરમાં જતાં એક નાની દહેરીમાં શાંતિનાથ પ્રભુની મૂર્તિ છે. તેને લોકો માણ રતન માટે રીંસાયેલા માણેકબાઈની મૂર્તિ કહે છે પણ તે બરાબર નથી.

આ શ્રી આદિનાથ પ્રભુની આશ્ચર્યકારી મહાન પ્રતિમા ડુંગરમાંથી કોતરી કાઢેલી અને ખરેખર અદ્ભુત છે. તેને ભીમની મૂર્તિ કહેવામાં આવે છે પણ તે આદિનાથ ભગવાનની જ મૂર્તિ છે.

આ ભવ્યકાય મૂર્તિની ઊંચાઈ ૧૮ ફૂટ છે અને પહોળાઈ ૧૪½ ફૂટ છે. આ મૂર્તિની કોરણી અતિ પ્રાચીન છે. સં. ૧૬૮૬ માં શ્રી ધરમદાસ શેઠે તેની અંજનશલાકા પ્રતિષ્ઠા વિધિથી કરાવી છે.

અહીંથી તીર્થરાજ સામે દૃષ્ટિ કરતાં વિજય ધ્વજ ફરફરતાં સુવર્ણ કળશોથી ઝળહળતા, નાના મોટા શિખરોથી શોભતા, આકાશગામી મંદિરો ભવ્ય અને રમણીય દેખાય છે.

બાલાવસી (૮)

પ્રાચીન બંદર ગોઘા–ઘોઘામાં શેઠ દીપચંદ કલ્યાણજી નામાંકિત વ્યકિત હતા. મુંબઈ બંદરમાં વેપાર જામી પડ્યો. લક્ષ્મી વધવા લાગી તેમ તેમ ધર્મકાર્યો કરવા લાગ્યા. પોતાના ઘોઘારી ભાઈઓને મુંબઈ તેડાવી ધંધે લગાડવા લાગ્યા. મુંબઈમાં સુંદર મંદિર બંધાવવાની ભાવના જાગી. મુંબઈના મધ્ય ભાગ તરીકે ગણાતા પાયધુની ઉપર વિશાળ જગ્યા લઈ મહાન. સુદર મંદિર બંધાવ્યું. એ મંદિર ગોડીજી-પાર્શ્વનાથના મંદિર તરીકે પ્રસિદ્ધ છે, પણ એ ઘોઘારીનું મંદિર છે. ઘણા વર્ષો સુધી તેની વ્યવસ્થા ઘોઘારી ભાઈઓના હાથમાં રહી હતી. આ મંદિરની સાથે હજારની ઉપજવાળી મોટી ચાલી બંધાવી, દેશ પરદેશમાં એક ઘોઘારી તરીકે તે પ્રસિદ્ધ થયા છે. શ્રી દીપચંદભાઈનું હુલામણું નામ બાલાભાઈ હતું ને બાલાભાઈ તરીકે ઓળખાતા. પાલીતાણા યાત્રાએ આવતા એક ટૂંક બાંધવાની ભાવના થઇ અહીં લાખો રૂપીઆ ખર્ચી એક ટૂક બાંધી, જે બાલાવસી અથવા બાલાભાઈની ટૂંકના નામે પ્રસિદ્ધ છે.

(૧) રુષભદેવ—શેઠ બાલાભાઈએ સં. ૧૮૯૩ માં બંધાવ્યું છે. આ શ્રી ઋષભદેવની મૂર્તિનું પરઘર ઘણું જ સુંદર અને કળામય છે.

(૨) પુંડરીકસ્વામી—આ મંદિર પણ બાલાભાઈનું બંધાવેલ છે.

(૩) ચૌમુખજી—મુંબઈવાળા ફ્નેહચંદ ખુશાલચંદના ધર્મપત્ની ઉજમબાઈએ સં. ૧૯૦૮ માં બંધાવ્યું છે.

(૪) વાસુપૂજ્ય—કપડવંજના મીઠાભાઈ ગુલાબચંદે સં. ૧૯૧૬ માં બંધાવ્યું છે.

(૫) અજિતનાથનું મંદિર—ઇલોરવાળા માનચંદ વીરચંદે બંધાવ્યું છે.

(૬) શાંતિનાથનું મંદિર—પુનાવાળા શા લખમીચંદ હીરાચંદે બંધાવ્યું છે.

મોતીશાની ટૂંક (૯)

વર્ષો પહેલાં ચૌમુખજીની ટૂંક અને શ્રી આદીશ્વરદાદાની ટૂંક વચ્ચે ઊંડી ખીણ હતી મુંબઈના ધર્મનિષ્ઠ શેઠ મોતીશાને શત્રુંજય તીર્થ ઉપર મંદિર બંધાવવાની પ્રતિજ્ઞા હતી. તેઓ પાલીતાણા યાત્રા કરવા આવ્યા બીજી કોઈ જગ્યા ખાલી નહોતી. શેઠે આ ઊંડી ખીણ શોધી કાઢી અને આશ્ચર્ય પમાડે તેવી રીતે તે બે ટૂકને સાંકળરૂપે સાંધતી અદ્વિતીય ટૂંક લાખોના ખર્ચે બંધાવી. મોતીશા શેઠની શ્રદ્ધાનું આ જ્વલંત દષ્ટાંત ભુરિ ભુરિ પ્રશંસાને યોગ્ય છે

મોતીવસીના મંદિરો—મોતીવસીના મંદિરો 'નલિની-ગુલ્મ' વિમાન આકારે સોહે છે આ ટૂંકની ફરતો ચાર કોઠાવાળો મજબૂત કિલ્લો છે. મુખ્ય મંદિરની આસપાસ મોતીશા શેઠે પોતાના મિત્રો અને સંબંધીઓને મંદિર બંધાવવા તક આપી પોતાની ઉદારતાનું દષ્ટાંત ખડું કર્યું છે.

આ ટૂકની પ્રતિષ્ઠા ૧૮૯૩ના મહા વદી ૨ ના દિવસે મોતીશા શેઠના સુપુત્ર શેઠ ખીમચંદભાઈએ કરી હતી

(૧) **શ્રી રૂષભદેવ**—મધ્યમા ગગનચુંબી ઊંચા શિખરોવાળી શોભાયમાન ભવ્ય દેવાલય છે આ મંદિરમા શેઠ અને શેઠાણીની મૂર્તિઓ છે.

(૨) **પુંડરીકસ્વામી**—મોતીશા શેઠે બંધાવેલું છે. પુંડરીકસ્વામીની પ્રતિમા શત્રુંજય ઉપરની મૂર્તિઓમા બહુ જ મનોહર છે આ મંદિરમા એક ગોખમા મરૂદેવી માતા આદીશ્વર ભગવાનને ખોળામા લઈ બેઠા છે. સામેના ગોખમા નાભિરાજાની મૂર્તિ છે.

(૩) **ધર્મનાથનું મંદિર**—શેઠ હઠીસંગ કેશરીસંગ અમદાવાદવાળાએ બંધાવ્યું છે.

(૪) **ધર્મનાથનું મંદિર**—મોતીશા શેઠના દિવાન શેઠ અમરચંદ દમણીએ બંધાવેલું છે આ મંદિરમા રતનના સાથીયા, મૂળનાયકની ભીંતે જડેલા છે.

(૫) **ચૌમુખજીનું મંદિર**—શેઠ મોતીશાના મામા શેઠ પ્રતાપમલ જોઈતાનું બંધાવેલું છે.

(૬) **ચૌમુખજીનું મંદિર**—જયતળાટીમાં ડાબા હાથે મંડપ બંધાવનાર ઘોઘેરાવળા શેઠ વી... બંધાવ્યું છે આ બન્ને મામસ... અ...

(૭) **રૂષભદેવનું મંદિર**—રે...

ભાઈ ફુલચંદ જેમણે મુંબઈમાં ગોડીજી મહારાજના દહેરાને મોટી મિલ્કત અર્પણ કરી છે, તેમણે બંધાવ્યું છે.

(૮) ચૌમુખજીનું મંદિર—માંગરોળવાળા નાનજી ચીનાઈનું બંધાવેલ છે.

(૯) શ્રી આદીશ્વરનું મંદિર—અમદાવાદવાળા ગલાગભાઈનુ બંધાવેલ છે

(૧૦) પદ્મપ્રભુનું મંદિર—પાટણવાળા શેઠ પ્રેમચંદ રંગજીનું બંધાવેલું છે.

(૧૧) પાર્શ્વનાથનું મંદિર—સૂરતવાળા શેઠ તારાચંદ નથ્થુભાઈનું બંધાવેલું છે

(૧૨) ગણધર પગલાંનું મંદિર—સૂરતવાલા શેઠ ખુશાલચંદ તારાચંદનું બંધાવેલું છે.

(૧૩) સહસ્રકૂટનું મંદિર—મુંબઈવાળા શેઠ જેઠાશા નવલશાનું બંધાવેલું છે,

(૧૪) સંભવનાથનું મંદિર—શેઠ અમરચંદ દમણીના કાકા શેઠ કરમચંદ પ્રેમચંદે બંધાવેલ છે.

(૧૫) સુપાર્શ્વનાથનું મંદિર—ખંભાતવાલા પારેખ સ્વરૂપચંદ હેમચંદનું બંધાવેલું છે.

(૧૬) મહાવીરસ્વામીનું મંદિર—પાટણવાળા શેઠ દેવચંદ જેચંદ પારેખનું બંધાવેલ છે.

આ રીતે મોટાં ૧૬ મંદિરો છે અને ફરતી ૨૩૧ દહેરીઓ છે. વચ્ચેની બારીએ મહાપ્રભાવશાળી ગણિ મહારાજ શ્રી મુક્તિવિજયજી ઊર્ફે શ્રી મૂળચંદજી મહારાજની સુંદર મૂર્તિ પધરાવેલી છે. આ મુનિરાજ કાઠિયાવાડ ગુજ-રાતના ભવ્ય જીવોના મહાન ઉપકારી, વિદ્વાન અને શાસન-દીપક સં. ૧૯૪૫ માં થઇ ગયાં છે.

બહાર એક વાવ જેવો મોટો કુંડ છે કુંડના છેડા તરફના કિલ્લાની ઓથે ગાળાની અધિષ્ઠાત્રી કુંતાસર દેવીની મૂર્તિ છે.

મંદિરો ૧૬ તથા દહેરીઓ ૧૨૩ માં મળી ૧૯૭૯ પ્રતિમાઓ, ૮૬ ધાતુની પ્રતિમાઓ મળી ૨૦૬૨ મૂર્તિઓ અને પગલા જોડ ૧૪૫૭ છે



શત્રુંજયની પાગો

પાગ એટલે પગે ચાલીને જવાના વિધવિધ રસ્તાએ...

ગિરિરાજની યાત્રા માટે જુદા જુદા રસ્તાઓ યોજાએલા છે અને તે દરેકનો મહિમા વર્ણવેલો છે.

(૧) મુખ્ય પાગ—પાલીતાણાની પાગ-જય તળાટીથી શરૂ થતા પ્રથમ રસ્તાને મુખ્ય પાગ કહેવામાં આવે છે. બાબુનું દહેરાસર, વીસામા, દેરીઓ, કુંડો વગેરે દર્શનીય ભાગ જોતાં જોતાં સિદ્ધાચળ ઉપર જઇ શકાય છે.

(૨) શત્રુંજી નદીની પાગ—પાલીતાણામાં તળેટી રોડ ઉપર શ્રી કલ્યાણવિમળની દહેરીના જમણા પડખેના રસ્તે થઇ બે ગાઉ ઉપર શત્રુંજી નદી આવે છે. તે પવિત્ર નદીમાં ન્હાઇને ચઢતાં માર્ગમાં ભાડીનો વીરડો આવે છે. ત્યાં શ્રી ઋષભ પાદુકાની દહેરી છે, ત્યાં દર્શન કરી ઉપર ચડતાં વચ્ચે એક ટેકરી ઉપર દહેરી આવે છે તે દહેરી દેવકીજીના છ પુત્રોની કહેવાય છે.

શ્રી કૃષ્ણની માતા દેવકીજીને છ પુત્રો હતા, જે બહાર

ઉછર્યા હતા. છ ભાઈઓનો રાસ કહેવાય છે તે આ છ ભાઈ. આ છ દેવકી પુત્રોએ શ્રી નેમીશ્વરભગવાનના મુખથી પોતાનું નિર્વાણ શ્રી સિદ્ધાચળ ઉપર થવાનું સાંભળી છએ બંધુઓ તીર્થરાજ ઉપર શત્રુંજી નદીના રસ્તાના ખોખરાવાળી ટેકરી પાસે અણુસણ કરી મુક્તિપદને પામ્યા છે તેથી અહીં તેઓની દહેરી છે. પાસે રાધનપુરવાળા રુસાલીઆનો બંધાવેલ કુંડ છે. શત્રુંજી નદી નહાઈને ચડવાની આ પાગ છે.

(૩) **રોહીશાળાની પાગ**—છ ગાઉની પ્રદક્ષિણાને રસ્તે એટલે રામપોળની બારીએથી જમણા હાથને રસ્તે થઈને જતાં એક દહેરીમાં શ્રી આદિનાથની પાદુકા છે તથા પાસે એક કુંડ છે. આ ઠેકાણે થોડે દૂર એક ધર્મશાળા બંધાવવામાં આવી છે, તેમ હાલમાં એક સુંદર મંદિર પણ છે. આ રોહિશાળાની પાગથી શત્રુંજય ઉપર જઈ શકાય છે.

(૪) **ઘેટીની પાગ બેયાત્રા**—કુંતાસરના મેદાનની પાસે નવ ટૂંકના રસ્તે જતાં આદિપુર–આદપુર ગામને છેડે આ પાગ આવે છે. અર્ધ રસ્તે પ્રથમ એક દહેરી આવે છે. તેમાં ચોવીશ તીર્થંકરના ચરણકમળ છે, તેની પાસે કુંડ તથા વિસામો છે ત્યાંથી જતાં તળાટીમાં પાદુકા મંદિર સુંદર છે. ફરતી જાળી છે અને ભીંતો. સુંદર ચિત્રામણથી મનોહર લાગે છે. આ પાદુકા મંદિરમાં આદિનાથ આદિ ચોવીશ તીર્થંકરોનાં પગલાં છે. અહીંથી ઉપર પાછા ચડીને દાદાના દર્શન કરતાં બે જાત્રા કરી કહેવાય છે.

પ્રદક્ષિણા.

દોઢ ગાઉની પ્રદક્ષિણા—રામ પોળની બારીથી બહારના ભાગમા કિલ્લાની આજુબાજુના રસ્તે ફરતાં ફરતાં નવ ટૂંકને ફરીને બહાર બારીએથી હનુમાનદ્વાર આવી દાદાની ટૂંકમા જઇ દર્શન કરવાથી દોઢ ગાઉની પ્રદક્ષિણા સંપૂર્ણ ગણાય છે.

છ ગાઉની પ્રદક્ષિણા—રામ પોળની બારી પાસેથી છ ગાઉની પ્રદક્ષિણાનો રસ્તો છે છ ગાઉની પ્રદક્ષિણા હોવાથી રસ્તો બહુ લાંબો અને ઊંચો નીચો છે સવારમા વહેલા ચડી દાદાના દર્શન કરી ઉતરવા મંડવાથી એક વાગે સિદ્ધવડ પહોચી શકાય છે કૃષ્ણ વાસુદેવના પુત્રો શાબ અને પ્રદ્યુમ્ન સાડી આઠ કરોડ મુનિઓ સાથે ફાગણ શુદિ તેરશને દિવસે સિદ્ધિપદને વર્યા તેથી છ ગાઉની પ્રદક્ષિણાનો મહિમા છે.

રસ્તામા ઘણી દહેરીઓ આવે છે આગળ જતાં ઉલકાજલ નામે એક પોલાણ આવે છે દાદાનું નમણ અહીં જમીનમાથી આવતુ એવુ મનાય છે તેની પોલાણની રચના હોય તો તે શક્ય પણ છે હાલ તો છ ગાઉની યાત્રાના દિવસે બારોટ લોકો નમણ લાવીને તે ખાડામા ભરે છે. અહીં એક નાની દહેરી છે, જેમા શ્રી આદિનાથ ભગવાનની પાદુકા છે

ચિલ્લણતલાવડી-શાસનપતિ શ્રી મહાવીરસ્વામીના

પટ્ટધર ગણધર શ્રી સુધર્માસ્વામીના મહાતપસ્વી શિષ્ય શ્રી ચિલ્લણ મુનિ ઘણા મોટા સમૂહ સાથે વિમળાચળ તીર્થે આવતા હતા રસ્તામા સઘ તૃષાતુર થયો સઘે પ્રાર્થના કરી 'હે તપસ્વી ! લબ્ધિતણા ભડાર ! પ્રભુના દર્શન વિના અમારા પ્રાણ પાણી વિના ચાલ્યા જશે ' સઘને પીડિત જોઈને મુનિરાજે પાણી દેખાડ્યુ પણ તેનાથી તૃષા શાત ન થઇ તેથી મુનિરાજે તૃપલબ્ધિથી મોટુ તળાવ પાણીથી છલકાવી દીધુ સઘ પાણીથી તૃપ્ત થઈ ગયો આ તલાવડીનું નામ ચિલ્લણ તલાવડી પડ્યુ. તેનુ પાણી પવિત્ર છે તેના પાનથી, સ્નાનથી, જિન અભિષેકથી યાત્રાળુ પવિત્ર અને એકાવતારી થઇ મોક્ષપદ મેળવે છે

અહીં બે દહેરીઓમા શ્રી અજિતનાથ તથા શાતિનાથની પાદુકા છે પાસે સિદ્ધશિલા છે અહીં યાત્રાળુઓ યથાશક્તિ કાઉસગ્ગ કરે છે

ભાડવાનો ડુગર—આ ટેકરી ઉપર સાડી આઠ કરોડ મુનિ સાથે કૃષ્ણ વાસુદેવના પુત્રો સાબ અને પ્રદ્યુમ્ન ફાગણ શુદ ૧૩ ના દિવસે સિદ્ધિપદને વર્યા છે, છ ગાઉની પ્રદક્ષિણાનો મહિમા આ ટેકરીને આભારી છે અહીં એક દહેરી છે.

ફાગણ શુદિ તેરશે છ ગાઉની યાત્રા કરી યાત્રાળુઓ એકઠા થાય છે અને મોટો મેળો ભરાય છે અહી દહી, ઢેબરા, ચા, ભાતુ, શેરડીનો રસ, સાકરના પાણી વગેરે જુદાજુદા ગૃહસ્થો તરફથી અપાય છે વનભોજનનો આનંદ અહીં આવે છે પાલીતાણા જવા માટે ઘોડા ગાડી તથા બેલ ગાડીઓ મળે છ પાલીતાણા અહીથી પાચેક માઇલ છે.

બાર ગાઉની યાત્રા—

બાર ગાઉની યાત્રાએ જવા માટે શત્રુંજયા નદીકાંઠે આવેલા પાડેરીયા ગામ થઇ ભંડારીયા જવાય છે અહી શ્રાવકના ૨૫ ઘર છે અને દહેરાસર છે. અહીથી કદંબગિરિ જવાય છે

કદંબગિરિ—ગઇ ચોરાશીના બીજા તીર્થંકર નીરવાણીના કદંબ નામે ગણધર એક ક્રોડ મુનિ સાથે મોક્ષે ગયા છે, તેથી કદંબગિરિ તીર્થનો મહિમા છે.

તીર્થોદ્ધારક આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજીની પ્રેરણાથી આ તીર્થમા નવીન જિનાલયો આદિ થયા છે અને તીર્થનો મહિમા તથા વિશિષ્ટતા વધ્યા છે.

અહીં શ્રી જિનદાસ ધર્મદાસની પેઢી છે.

શ્રી કદંબવિહાર પ્રાસાદ—આ દહેરાસરના પ્રવેશ દ્વારે બે ભવ્ય હાથીઓ સોનુ સ્વાગત કરે છે. મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની મૂર્તિ મનોહર છે.

બહારના ભાગમાં ૭૫ જેટલી દહેરીઓ છે. શેઠ પોપટલાલ ધારશી તરફથી બંધાવેલ એક ત્રણ માળનો સુંદર ઉપાશ્રય છે. તથા એક વિશાળ જ્ઞાનશાળા પણ છે.

યાત્રાળુઓને ઉતરવા માટે બે ધર્મશાળાઓ છે. જમવાની વ્યવસ્થા 'ભોજનશાળા' પેઢી તરફથી ચાલે છે અને તેની વ્યવસ્થા ઘણી જ સુંદર છે.

ઉપર જતાં રસ્તામાં એક સુંદર વાવ આવે છે. તેનું પાણી નિર્મળ છે.

તળાટીમાં પેઢી તરફથી યાત્રાળુને ભાતું અપાય છે.

આદીશ્વર જિનાલય—પહેલું ઋષભદેવ ભગવાનનું મંદિર આવે છે. બાજુમાં બે ભવ્ય પ્રતિમાજીઓ છે, જેની અંજનશલાકા થવાની છે. બહારના ભાગમાં ૨૬ દહેરીઓ છે. ઉપર એક દહેરાસરમાં શ્રી નેમનાથ ભગવાનની પ્રતિમા છે.

વાવડી પ્લોટ તરફ જતાં શત્રુંજય પટ છે. આગળ જતાં શ્રી નેમનાથ ભગવાનની શ્યામ સુંદર મૂર્તિવાળું મંદિર છે. નીચે ૧૨૧ પરોણા છે. ઉપર શ્રી સીમંધરસ્વામીની પ્રતિમા છે.

સૌથી ટોચે ગઈ ચોવીશીના નીરવાણી પ્રભુના કદંબ ગણધર ક્રોડ મુનિ સાથે મોક્ષે ગયા હતા તેમના અને શ્રી આદીશ્વર ભગવાનના પગલાં છે.

અહીં કમળાદેવીનું સ્થાનક છે. અહીં હોળીના દિવસે

હોળી પ્રગટાવવામાં આવે છે ડુંગર હોવા છતાં આજુબાજુ કશું નુકશાન થતું નથી કમળાદેવીની મૂર્તિ ચમત્કારિક લાગે છે

વાવડી જ્વાટમાં પ્રતિમાનો ભંડાર છે અનેક જાતના રંગબેરંગી પાષાણની નાની મોટી ભવ્ય મનોહર પ્રતિમાજીઓ ઘણી છે ઉપરાંત ગૌતમસ્વામી અને દેવ-દેવીઓની મૂર્તિઓ પણ છે ધાતુની મૂર્તિઓ પણ ઘણી છે

હસ્તગિરિ—કદંબગિરિથી એક ગાઉ ચોક ગામને પાદર શત્રુંજયા નદીને ઓળંગીને હસ્તગિરિ જવાય છે. ભરત રાજાના હાથીઓ આ સ્થળે મરણ પામી સ્વર્ગે ગયાં તે હાથીના સ્મરણ નિમિત્તે હસ્તગિરિ તીર્થ મનાયું.

શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી નીચે શ્રી આદીશ્વર ભગવાનનું મંદિર છે ઉપર એક દહેરીમાં આદિનાથના પગલાં છે

પંચતીર્થી

જેસર—પાલીતાણાથી બેલગાડી રસ્તે ઘેટી થઈ હાથસણી થઇ જેસર જવાય છે. અહીં ઋષભદેવ ભગવાનનું નાનકડું મંદિર છે અહીં ઉતરવાને ધર્મશાળા તથા ઉપાશ્રય પણ છે

છાપરીઆળી—આ ગામ ભાવનગરના મહારાજાએ ઢોરોના રક્ષણ માટે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને આપેલું છે, અહીં મોટી પાંજરાપોળ છે, તેની વ્યવસ્થા પેઢી તરફથી થાય છે અહીં એક દેરાસર તથા ધર્મશાળા છે

મહુવા—જાવડશા અને હંસમંત્રીના પુત્ર જગડુશા, આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વર, આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વર, અમેરિકા જઈ જૈન ધર્મનો પ્રચાર કરનાર શ્રી વીરચંદ રાઘવજીની આ જન્મભૂમિ વીરક્ષેત્રના નામે પ્રસિદ્ધ છે. અહીં જીવિતસ્વામી શ્રી મહાવીરસ્વામીની મનોહર પ્રતિમા છે. મંદિર બહુ જ મોટું અને વિશાળ છે બાજુમાં આચાર્યપ્રવર વિજયનેમિસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી નવીન દેવપ્રાસાદ બંધાવવામાં આવેલ છે

પ્રથમ શ્રી પાર્શ્વનાથના મંદિરમાં પાષાણમાં કોતરેલ ત્રણક તોરણ નજરે પડે છે. અહીંની કોરણી બહુ જ સુંદર છે. ભગવાન પાર્શ્વનાથ તથા શ્રી શાન્તિનાથજીની પ્રતિમાઓ મનોહર છે બીજા મંદિરમા શ્રી મલ્લિનાથજી ભગવાનની સાથે નીકળેલા શ્રી શાંતિનાથજી પ્રભુ બિરાજમાન છે.

ભોંયરાના શ્રી નેમનાથ પ્રભુના અલૌકિક પ્રતિમાજી સૌને આકર્ષે છે. બાજુમા આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજીનું પાષાણમા કોતરેલ બાવલું જોવાલાયક છે. અહીં કસોટીના પત્થરમાંથી કોરી કાઢેલ ભગવાનશ્રી આદીશ્વર પ્રભુની ૧૦૮ આગળ પ્રમાણુની ભવ્ય પ્રતિમા છે મહુવાના કળાકારે કોરી કાઢેલ અદ્દભૂત ભવ્ય પ્રતિમાજી આપણને આશ્ચર્યમુગ્ધ કરે છે ઉપર ચૌમુખજીની દેરી છે અહીંથી શત્રુંજય ગિરિરાજના દર્શન થાય છે.

ભગવાન મહાવીરસ્વામીનો વિહાર સૌરાષ્ટ્રમાં થયો ત્યારે સિદ્ધાચળથી આગળ વધી સમુદ્રકિનારાના શહેર

મધુમતી (મહુવા)મા પધાર્યા હશે તેમ મહુવા દહેરાસરમાં હાલ પ્રતિષ્ઠિત શ્રી મહાવીરસ્વામીના બિંબ જે જીવિતસ્વામીના નામથી ઓળખાય છે અને જે ઘણા સમયથી વીરક્ષેત્ર કહેવાય છે તે ઉપરથી જણાય છે

આ ઉપરાત ભગવાન મહાવીરસ્વામીએ વઢવાણમા સ્થિરતા કરેલી હોવી જોઇએ વઢવાણને વર્ધમાનપુર કહેવામા આવ છે સમુદ્ર મહુવાની પાસે છે અહીં સ્ટીમર આવે ઠે અને વહાણો સફર કરે છે

સ્ટેશન ઉપર શેઠ કસળચંદ કમળશીની ધર્મશાળા છે શહેરમા પણ ધર્મશાળા તથા ભોજનશાળા છે શ્રી યશોવૃદ્ધિ જૈન બાલાશ્રમ જોવાલાયક છે

મહુવાના હાથીદાત, લાકડાના રમકડા બહુ જ પ્રખ્યાત છે ઉપરાત જમાદારી આબાની કેરી, નાળીયેર, સોપારી, વિલાયતી જાબુ તથા રામફળ અને સરઘવાના શાક માટે પણ પ્રસિદ્ધ છે

દાઠા—ઊંચી બાધણીનુ શ્રી શાતિનાથ ભગવાનનું મંદિર છે ધર્મશાળા પણ છે

તળાજા—ભાવનગરથી બત્રીસ માઈલ 'તળાજા' નામે સુદર ગામ છે મહુવાથી ભાવનગર સુધી રેલ્વેની સગવડ ઠે, તળાજામા ધર્મશાળા અને ભોજનાલયની સુદર સગવડ છે, અહીં શ્રી તાલધ્વજગિરિ યુવતી તોરણમાળ જેવો શોભે છે તાલધ્વજ એ શત્રુંજયની એક ટૂક ગણાય

છે આ નાનકડા રળીયામણા ડુંગર ઉપરથી સમુદ્રને ભેટતી શત્રુંજયી નદીનો વિશાળ પટ, ગોપનાથ મહાદેવનો દ્વીપકલ્પ, સમુદ્રના મોજાંનો ચળકાટ, શત્રુંજયગિરિની ઉજ્વળ શિખરમાળ આંખને આનંદ આપે છે.

અહીં ડુંગરનું ચઢાણ બહુ સુલભ છે નરસિંહ મહેતાનું જન્મસ્થાન તળાજા છે અને ડુંગર ઉપર નરસિંહ મહેતાની નિશાળનું સ્થાન છે એભલમંડપના નામથી પ્રસિદ્ધ ગુફા-બૌદ્ધ ગુફાના અવશેષનું સ્મરણ કરાવે છે

અહીં બૌદ્ધ ધર્મના ભિક્ષુઓના અભ્યાસ માટે પ્રાચીન વિહાર હતો અને ગુણમતિ-સ્થિરમતિ જેવા વિદ્વાનો તળાજા વિહારમાં રહ્યાનો ઉલ્લેખ મળે છે

ડુંગર ઉપર એક સુંદર મંદિર છે તેમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ મનોહર છે બીજી ટૂંકમાં શ્રી સુમતિનાથ દાદા-સાચા દેવની ચમત્કારી મૂર્તિ છે ત્રીજી ટૂંકમાં ચૌમુખજીનું મંદિર છે ત્યાં એક કીર્તિસ્તંભ છે.

ત્રાપજ-તણસા—આ બન્નેમાં શ્રી પાર્શ્વનાથના મંદિરો અને ઉતરવા માટે ધર્મશાળા છે.

ઘોઘા—થોડા વર્ષો પહેલા ઘોઘા મોટું બંદર હતું. આજે આખું તે ભાગી પડયું છે મોટું દહેરાસર નવખંડા પાર્શ્વનાથનું સુંદર છે મૂર્તિ પ્રાચીન અને અલૌકિક છે તેના ગઢમાં બીજા ચાર મંદિરો છે

ચંદ્રપ્રભુનું અને છરાવળા પાર્શ્વનાથનુ મંદિર છે ઉતરવાને શેઠ હઠીભાઈની ધર્મશાળા છે હઠીભાઈ શેઠના ધર્મપત્ની હરકુંવર શેઠાણી ઘોઘાના જ હતા

ભાવનગર—મોટું શહેર છે મોટા સ્ટેશન પાસે શેઠ હીરાલાલ અમૃતલાલની ધર્મશાળા છે પાસે જૈન ભોજનશાળા પણ છે ભાવનગરમા ચાર મોટા દહેરાસરો છે.

શહેરમા મોટું દહેરાસર શ્રી આદીશ્વર ભગવાનનુ છે, તેમા બીજા ચાર દહેરાસરો છે

ગોડીજીનું દહેરાસર વોરા બજારમા જતા આવે છે તેમા બીજા ત્રણ દહેરાસરો છે

વડવામા શ્રી ચંદ્રપ્રભુનું સુંદર મંદિર છે. દાદાસાહેબમા શ્રી મહાવીરસ્વામીનુ મોટું મંદિર જોવા લાયક શહેરની બહાર છે ત્યા ધર્મશાળા તથા જૈન બોર્ડીંગ છે દહેરાસરને ફરતો કોટ છે. પ્રસિદ્ધ મુનિશ્રી મૂળચંદજી મહારાજ તથા મુનિશ્રી વૃદ્ધિચંદજી મહારાજની આરસની સુંદર જાળીવાળી નકશીદાર દહેરીઓમા પગલા છે.

શહેરમા શ્રી જૈનધર્મ પ્રસારક સભા અને શ્રી જૈન આત્માનંદ સભા, જૈન વિદ્યાર્થીભુવન, યશોવિજયજી ગ્રંથમાળા, ત્રિ ભા જૈન કન્યાશાળા વગેરે સંસ્થાઓ છે પીલગાર્ડન, બોરતળાવ, ઝુલતો પુલ, તખ્તસિંહજી હોસ્પીટલ વગેરે જોવા લાયક છે.

શીહોર—પાલીતાણાનું શિહોર જંકશન છે, શિહોરમાં શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનું સુંદર મંદિર છે ધર્મશાળા પણ છે જૈન ભોજનશાળા પણ શરૂ થઈ છે

શિહોરના પેંડા, ત્રાંબા પિત્તળના વાસણો અને તમાકુ વખણાય છે.

શહેર યાત્રા.

મોટુ દહેરૂ—શહેરના મધ્ય ભાગમા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પાસે એક રમણીય મંદિર છે સં ૧૮૧૭ મા દીવ બંદરનિવાસી શેઠ રૂપચંદ ભીમશીએ બંધાવ્યું છે. શ્રી આદીશ્વર ભગવાનની પ્રતિમા અલૌકિક છે આ મંદિરને ફરતો કોટ છે. પૂજા ભણાવવાનો આરસમય સુંદર ચોક છે. દરવાજાના મોટા હાથીઓ સૌ કોઈને આકર્ષે છે

ગોડીજીનું દહેરૂ—સં. ૧૮૫૦ માં સુરતનિવાસી ભણશાળી હીરાચંદ ધર્મચંદના ધર્મપત્ની શ્રી હેમકુંવર શેઠાણીએ પોતાને રહેવાના મકાનમા ઘર દહેરાસર તરીકે બંધાવ્યું હતુ. તેમા ધાતુના પ્રતિમાજી મૂળનાયક તરીકે હતા. આ. ક ની પેઢી તરફથી આ દહેરાસર નવું ચણાવવામાં આવ્યું. સં ૧૯૯૦ ની સાલમા આચાર્યશ્રી વિજયલબ્ધિસૂરિજીના વરદ્ હસ્તે જેઠ શુદ ૧૧ ના રોજ પ્રતિષ્ઠા કરવામા આવી હતી મૂળનાયક તરીકે શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાજી છે.

अत्रेना संघना प्रयासथी आ अलौकिक प्रतिमा घोले-राथी लाववामा आव्यां हतां अने संघ तरफथी तेनी प्रतिष्ठा थइ हती बीजां बे श्री पार्श्वनाथजीनां प्रतिमाजी शत्रुंजय उपर नेमनाथनी चोरीवाळा मंदिरमां समारकाम करतां एक भींतमांथी नीकळ्यां हतां ते पण मनोहर छे.

श्री शांतिनाथनुं दहेरुं—कापड बजारमां दरबार-गढनी बाजुमां खरतगच्छना यतिवर्य श्री करमचंदजी हेमचंदजीए पोताना कब्जावाळा विशाळ डेलानी अंदर मेडी उपर सं. १९५० मां एक मंदिर बंधाव्युं छे तेनी व्यवस्था यतिवर्य श्री लक्ष्मीचंदजी महाराज करे छे. तेमां श्री शांतिनाथजी भगवान तथा बीजी प्रतिमाजीओ अने पगलां छे.

शहेर बहारना मंदिरो.

नरशी केशवजीनुं दहेरुं—शेठ नरशी केशवजीनी धर्मशाळामां चोमुखजीनु मंदिर छे सं. १९२१ मां एक दहेरासरनी प्रतिष्ठा थयेली छे. उपर पण चौमुखजीनो सुंदर प्रतिमाओ छे.

नरशी नाथानुं दहेरुं—शेठ नरशी नाथानी धर्म-शाळामां मोटा दरवाजा पासेनी मेडी उपर मंदिर छे. आ मंदिरनी प्रतिष्ठा सं. १९२८ मां करवामां आवी छे. मूळनायक श्री चंद्रप्रभुजी छे.

શ્રી મહાવીરસ્વામીનુ દહેરૂ—શ્રી વીરબાઇ પાઠશાળા અને લાઇબ્રેરી સાથે અંદરના ભાગમા શેઠ કેશવજી નાયકના ધર્મપત્ની વીરબાઇએ સં ૧૯૫૪ મા એક ભવ્ય મકાન બધાવી પ્રતિષ્ઠા કરાવી છે મૂળનાયક શ્રી મહાવીરસ્વામી છે.

મોતી સુખીયાનુ દેહરૂં—મોતી સુખીયાની ધર્મશાળામા એક શિખરબધ દહેરાસરજી છે સં. ૧૯૪૮ માં પ્રતિષ્ઠા થયેલી છે પ્રતિમા ૧૪ છે મૂળનાયક શ્રી આદીશ્વર પ્રભુ છે

કંકુબાઈનુ દહેરૂં—કલ્યાણ ભુવનની બાજુમા કંકુ બાઇની ધર્મશાળામા મેડી ઉપર એક મદિર છે. આદીશ્વર ભગવાનની મૂર્તિ છે. બીજા પણ પાર્શ્વનાથ વગેરે ભગવાનની પ્રતિમાજીઓ સુંદર છે.

જમકુવરનુ દહેરૂં—સુરતનિવાસી જમકુવરબહેને સ ૧૯૪૯ મા ધર્મશાળા બધાવીને જુદા કમ્પાઉન્ડમાં શિખરબધ દહેરૂ કરાવી પ્રતિષ્ઠા કરાવી છે કુલ પ્રતિમા ૧૩ છે મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન છે.

માધવલાલ બાબુનું દહેરૂ—કલકત્તાનિવાસી માધવલાલ દુગ્ગડ બાબુએ સ. ૧૯૫૮ મા એક ધર્મશાળા બાધી તેમા શિખરબધ દહેરૂં કરી પ્રતિષ્ઠા કરાવી છે કુલ પ્રતિમાજી ૩૧ છે મૂળનાયક શ્રી સાચા દેવ સુમતિનાથ છે.

દાદા સાહેબનાં પગલાં—કલ્યાણ ભુવન, ચાંદ ભુવન ધર્મશાળાની બાજુના બાગમાં ગોરજીની વાડીમાં ખરતર ગચ્છના આચાર્યશ્રી જિનદત્તસૂરીશ્વરજીના પગલા છે મોટા ખરચ નવુ મંદિર તૈયાર કરાવવામા આવ્યુ છે સુંદર પગલા જોડી છ છે.

જૈન ગુરુકુળનુ દહેરુ—સ્ટેશનની સામે જૈનગુરુકુળ જોવાલાયક સંસ્થા છે તેમા એક દહેરાસરજી છે મૂળ નાયક શ્રી સુમતિનાથ છે આ દહેરાસરમા પાટણની પ્રાચીન કારીગરીવાળુ નકશીદાર આબૂની કારીગરીની યાદ આપે તેવુ સુંદર સિંહાસન કળાનો નમૂનો છે ઉપરાંત ઉપા શ્રી યશોવિજયજી મહારાજ, ગુરુકુળના સંસ્થાપક શ્રી ચારિત્ર વિજયજી મહારાજ તથા હંસવાહિની સરસ્વતી દેવીની મૂર્તિઓ જોવાલાયક છે.

જૈન બાળાશ્રમનુ દહેરુ—તળાટી જતાં જૈન બાળાશ્રમ આવે છે તેમા એક દહેરાસરજી છે. મૂળનાયક શ્રી પાર્શ્વનાથ છે

પરિપાટી કરતાં સંઘ અહીં દર્શન કરવા આવે છે

આજ સુધી અહીં ખુલ્લી જગ્યા હોવાથી ઘણી આશાતના થતી હતી. આ. ક પેઢીના મુનિમ શ્રી ચુનીલાલભાઇએ પ્રયાસ કરી સુંદર કોટ કરી કબજો કરી લીધો છે.

લલિતાસર પાસેની દહેરી—કચ્છી રણસિંહ દેવરાજની ધર્મશાળા પાસે ગલીમા એક જૂની દહેરી આવેલી છે. દહેરી ફરતો કોટ કરેલો છે. ઋષભદેવના ચરણપાદુકા વગેરે પગલા જોડી ત્રણ છે. અહીં વસ્તુપાળ તેજપાળે બંધાવેલું વિશાળ લલિતાસર નામનુ સરોવર હતું.

ગોડીજીનાં પગલાં—ધાધરકા ઘાટ ઉપર સ્મશાનથી થોડે દૂર એક દહેરી આવેલી છે. આ પણ લલિતાસર તળાવનું સ્મરણ છે ઓળી પર્વમાં ઓળી કરતારાઓ દશમને દિને અહીં દર્શન કરવા આવી ધ્વજા ચડાવે છે

(૩) ત્રીજો ઉદ્ધાર સીમન્ધરસ્વામીનાં ઉપદેશથી ઈશાનેન્દ્રે કરાવ્યો

(૪) ચોથો ઉદ્ધાર માહેન્દ્ર નામના દેવેન્દ્રે કરાવ્યો.

(૫) પાચમો ઉદ્ધાર ઈન્દ્ર મહારાજે કરાવ્યો.

(૬) છઠ્ઠો ઉદ્ધાર ચમરેન્દ્રે કરાવ્યો.

(૭) સાતમો ઉદ્ધાર સગર ચક્રવર્તીએ કરાવ્યો

(૮) આઠમો ઉદ્ધાર વ્યંતરેન્દ્રે કરાવ્યો,

(૯) નવમો ઉદ્ધાર ચન્દ્રયશા રાજાએ કરાવ્યો.

(૧૦) દશમો ઉદ્ધાર શાન્તિનાથ તીર્થંકરના પુત્ર ચક્રાયુદ્ધે કરાવ્યો.

(૧૧) અગ્યારમો ઉદ્ધાર મુનિસુવ્રતસ્વામીના સમયમાં રામચન્દ્રજીએ કરાવ્યો.

(૧૨) બારમો ઉદ્ધાર નેમિનાથ તીર્થંકરની વિદ્યમાનતામાં પાન્ડવોએ કરાવ્યો.

અતિહાસિક યુગના ઉદ્ધારો

(૧૩) મહુવા–મધુમતીના જાવડશાહે સં. ૧૦૮માં તેરમો ઉદ્ધાર કરાવ્યો.

(૧૪) ચૌદમો ઉદ્ધાર કુમારપાળના સમયમાં સં. ૧૨૧૩ માં બાહડ મંત્રીએ કરાવ્યો.

(૧૫) પંદરમો ઉદ્ધાર સમરાશાહ ઓસવાળે, સં. ૧૩૭૧ માં કરાવ્યો.

(૧૬) સોળમો ઉદ્ધાર સં. ૧૫૮૭ માં શા કરમાશાહે કરાવ્યો.



સંસ્થાઓ

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી

આ સંસ્થા શ્રી શત્રુંજય તીર્થના વહીવટ, સંરક્ષણ, વ્યવસ્થા અને યાત્રાળુઓની અનેક પ્રકારની સગવડ માટે આખા હિન્દુસ્તાનના જુદા જુદા દેશના સંઘના આગેવાનો-પ્રતિનિધિઓની બનેલી છે, આ સંસ્થાની હેડ ઓફિસ મુખ્ય પેઢી અમદાવાદમાં છે આણંદ-કલ્યાણ સંઘના નામે આ પેઢીનું નામ આણંદજી કલ્યાણજીની પેઢી રાખવામાં આવ્યું છે.

આણંદજી કલ્યાણજીની પેઢીનું કામ પાલીતાણામાં વિવિધ પ્રકારનું છે

તીર્થ-સંરક્ષણ—ગિરિરાજ શત્રુંજય અને તેના ઉપરના એકડો મંદિરો, હજારો મૂર્તિઓ તથા પાદુકાઓ વગેરે બધાની વ્યવસ્થા તેમજ સંરક્ષણ

સાધુ-સાધ્વી—સાધુ-સાધ્વીને પાતરા ત્રાણા, વાટકા, તરપણી વગેરે ગોચરીને લગતા ઉપકરણો પૂરા પાડે છે ઉપરાંત અંબર, કસ્તુરી અને કાયાકુટી આદિ તેવ દવાના સારૂ અપાય છે વિહારના આવાગમન માટે મજૂર અમુક મજલ સુધી આપવામાં આવે છે. ચાતુર્માસમાં પાટ, પાટલા, કુંડી, ઘડા વગેરે જરૂરી ચીજો પણ પૂરી પાડવામાં આવે છે ઉપરાંત જરૂરી વૈયાવચ્ચ કરવા માટે પૂરી દેખરેખ રાખવામાં આવે છે

યાત્રિકો માટે—યાત્રિકો માટે અનેક જાતની કાળજી રાખવામાં આવે છે શિહોર સ્ટેશને એક કારકુન રાખવામાં આવે છે જે આવતા જતા યાત્રાળુઓને માટે અનેક જાતની સગવડ આપે છે પાલીતાણા સ્ટેશને બન્ને વખત એક કારકુન તથા એક પટાવાળો આવે છે અને પ્રત્યેક યાત્રાળુઓને ઉપયોગી થઈ પડે છે ઠામ-વાસણો કે ગાદલા-ગોદડા જરૂરીયાત પ્રમાણે અપાય છે બિમાર યાત્રાળુઓને માટે પેઢી તરફથી દેશી ઔષધાલય જમકુવરની ધર્મશાળા બહાર રાખવામાં આવેલ છે જરૂરીયાત પ્રમાણે વૈદ્ય ધર્મશાળાઓમાં પણ જાય

છે. આ ઉપરાત યાત્રાળુઓની નાની મોટી બધી જરૂરીયાતો પૂરી પાડવા માટે અનેક જાતની વ્યવસ્થા કરવામા આવે છે.

ઉપકરણો—પૂજા, આંગી વગેરે માટે કેસર, બરાસ, સુખડ, અગરબત્તી, દશાગધૂપ, બાદલું, વરખ આદિ પૂજાના ઉપકરણોની તમામ વસ્તુઓ શુદ્ધ અને ઊચી જાતની પુષ્કલ ભાવે આપવાની સારી સગવડ કરવામાં આવી છે.

મદદ—નિરાધાર જૈન કુટુંબો કે સાધન વિનાના શ્રાવકોને યોગ્ય મદદ પણ અપાય છે.

પાણીની વ્યવસ્થા—ડુંગર ઉપર વિસામે વિસામે, જગ્યાએ જગ્યાએ, ઠડા ઊના પાણીની, વ્યવસ્થા કરવામાં આવે છે

ભાતાની વ્યવસ્થા—યાત્રાળુઓની ભક્તિ નિમિત્તે તળાટી ભાતું આપવાની વ્યવસ્થા વર્ષોથી ચાલી આવે છે, જે કોઈ ભાઈ-બહેનને પોતાના તરફથી ભાતું વહેચવું હોય તે પેઢીમાં લખાવીને ઇચ્છિત વસ્તુની વ્યવસ્થા કરાવી શકે છે. વ્રતધારીઓ માટે આઠ મામ કાયમ ઉકાળેલુ પાણી તૈયાર રહે છે. દર ચૌદશે તેમજ ચૈત્રી ઓળીમાં આયંબીલ તપની જોગવાઈ રાખવામાં આવે છે

પાંજરાપોળ—ગિરિરાજનું સંરક્ષણ અને યાત્રાળુઓની વ્યવસ્થા તથા સેવા ઉપરાંત નાનાંમોટા સખ્યાબધ પશુઓનુ રક્ષણ પેઢી તરફથી કરવામાં આવે છે શ્રી ભાવનગર દરબારે પાંજરાપોળના રક્ષણાર્થે **છાપરીયાળી** નામનું ડુંગરી ગામ બક્ષીસ આપેલ છે.

આ પાજરાપોળની વ્યવસ્થા પેઢી તરફથી થાય છે હજારો જીવોને તેમાં પોષણ ને રક્ષણ મળે છે પાલીતાણામા પણ પાજરાપોળનુ વિશાળ મકાન છે

સચાલન—ગિરિરાજ ઉપર એક ઈન્સ્પેકટર ઉપરાત ગોઠીઓ, ચોકીદારો, મહેતા, કામવાળા સીપાઈ-ભૈયા આદિ પૂરતી સખ્યામા રાખવામા આવે છે ઉપરાત શહેરમા મોટા દહેરાસરજીની પાસે નાના દરબાર'ના નામથી પ્રસિદ્ધ પેઢી ચાલે છે, જેનુ સચાલન કાર્યદક્ષ, બાહોશ મુનીમ કરે છે અને અનેક મહેતા કારકુનોથી સસ્થાની વ્યવસ્થા સુદર રીતે ચલાવે છે.

- શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ

મુનિમહારાજશ્રી ચારિત્રવિજયજી(કચ્છી)એ બત્રીસ વર્ષ પહેલા આ સસ્થાની શરૂઆત સસ્કૃત-પ્રાકૃત પાઠશાળા તરીકે કરી હતી સ ૧૯૭૩ મા શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળના નામથી સસ્થા શરૂ થઈ આજે સસ્થા સુંદર પ્રગતિ સાધી રહી છે સ્ટેશન સામે ગુરૂકુળના ભવ્ય મકાનો યાત્રાળુઓને આવકારે છે સસ્થામા ૧૫૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે ત્રણ વર્ષ પહેલા સસ્થા તરફથી વ્યાપારી શિક્ષણ વધારવાની દૃષ્ટિએ એક વાણિજ્ય વિદ્યા મદિર (Commercial High School) શરૂ કરેલ છે કાઠીઆવાડમા આવી સસ્થા શરૂ કરવાનો યશ ગુરૂકુળને છે. ધાર્મિક સસ્કાર,ધાર્મિક શિક્ષણ,વ્યાયામની તાલીમ, સંગીતના વર્ગ તથા બેન્ડની તાલીમ વગેરે દ્વારા સસ્થા દિનપ્રતિદિન

સુંદર વિકાસ સાધી રહેલ છે વાણિજ્ય વિશ્રામ દિગ્ના ભવ્ય મકાનનું ખાતમુહૂર્ત થઈ ગયું છે પાંચેક વર્ષમા આ સંસ્થા કાઠિયાવાડમા પ્રગતિશીલ સંસ્થા બનવાના કોડ સેવે છે

શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ

૪૦ વર્ષ પહેલા શરૂ થએલી આ સંસ્થા તળેટીના રસ્તા ઉપર આવેલી છે ને જેટલા વિદ્યાર્થીઓને માટે સુંદર વ્યવસ્થા છે શ્રી ગાંધી ચત્રભુજ મોતીલાલ વિદ્યાલયની યોજના થઈ છે અને એકાદ વર્ષમા એક સ્વતંત્ર વિદ્યાલય શરૂ કરવામા આવનાર છે સંસ્થાએ આજસુધીમા ઘણા ઘણા વિદ્યાર્થીઓને તૈયાર કર્યા છે ગરીબ-નિરાધાર વિદ્યાર્થીઓને પ્રથમ જ્ઞાન આપવામા આવે છે ધાર્મિક અભ્યાસ માટે શેઠ જમનાભાઈ ભગુભાઈના નામની ધાર્મિક પાઠશાળા ચાલે છે તેમા હમેશા બધા વિદ્યાર્થીઓને એક કલાક ધાર્મિક શિક્ષણ આપવામા આવે છે

શ્રી સિદ્ધક્ષેત્ર જૈન શ્રાવિકાશ્રમ

સમાજમા વિધવા બહેનોની કરુણાજનક સ્થિતિ, સમાજમા સ્ત્રીઓનો અજ્ઞાન દશા તથા સ્ત્રી-શિક્ષણની જરૂરીઆતની દૃષ્ટિએ બાવીસ વર્ષ પહેલા શ્રી હરકોર બહેન તથા શ્રી સૂરજબહેને સિદ્ધાચળની પવિત્ર ભૂમિમા આ સંસ્થાની સ્થાપના કરી

આ આશ્રમમા જૈન કોમની સધવા, વિધવા, કુમારિકા બહેનોને દાખલ કરવામા આવે છે તેઓને રહેવા, જમવા,

કપડાં, પુસ્તકો આદિ તમામ સગવડ તથા શિક્ષણ આપવામાં આવે છે.

અભ્યાસમાં ગુજરાતી ભાષાજ્ઞાન ઉપરાંત ધાર્મિક, શિવણ, ભરત, ગુંથણ, સંગીત વગેરેનું શિક્ષણ આપવા ઉપરાંત સુસંસ્કારો આપવા પ્રયત્ન કરવામાં આવે છે.

શ્રી જિનદત્તસૂરિ બ્રહ્મચર્યાશ્રમ

આ સંસ્થાની સ્થાપના સં. ૧૯૮૨ માં બીકાનેર-નિવાસી શેઠ પ્રેમકરણ મરોટીના પ્રયાસથી થયેલ છે. આ સંસ્થાને પોતાનું સુંદર મકાન છે અને તેમાં થોડો ભાગ યાત્રાળુઓને ઉતરવા માટેનો પણ રાખવામાં આવ્યો છે. હાલ ૪૦ વિદ્યાર્થીઓ છે. વિદ્યાર્થીઓ હાઈસ્કુલમાં અભ્યાસ માટે જાય છે. ધાર્મિક અભ્યાસ નિયમિત ચાલે છે. સંગીતનું શિક્ષણ પણ આપવામાં આવે છે. વાર્ષિક આઠથી દસ હજારનું ખર્ચ છે.

શ્રી જૈન સેવા સમાજ

આજથી ૨૪ વર્ષ પહેલાં જૈનયુવકોમાં સંગઠનદ્વારા સેવાભાવના ખીલવવા અને સમાજસેવાનાં કાર્યો કરવાના ઉદ્દેશથી શ્રી જૈન સેવા સમાજની સં. ૧૯૭૮ માં સ્થાપના કરવામાં આવી.

આ અરસામાં તીર્થોદ્ધારક આચાર્ય શ્રી વિજયનીતિસૂરીશ્વરજી પાલીતાણા પધાર્યા અને તેઓશ્રીની પ્રેરણાથી

સમાજે સ્થાયી રૂપ લીધું અને સભ્યોમાં સેવાની ધગશ જાગી.

સેવા સમાજ તરફથી સં. ૧૯૯૫ થી એક સાર્વજનિક દવાખાનુ ચાલે છે. આ દવાખાનુ પાલીતાણાના આબાલવૃદ્ધ–ગમે તે કોમ અને ગમે તે ધર્મના લોકોને, દરેક પ્રકારની રાહત આપી સેવાનુ અનુપમ દૃષ્ટાંત આપી રહ્યું છે. સાધુ-સાધ્વી અને યાત્રિકોને પણ દરેક રીતે રાહત મળે છે.

આયંબિલ ભુવન

આ ભુવનની સ્થાપના સં. ૧૯૯૮ માં મુનિશ્રી સિદ્ધિવિજયજી દાદાના શિષ્ય શ્રી કલ્યાણવિજયજી મહારાજના ઉપદેશથી ધર્મપ્રેમી શ્રી વેણીચંદ સુરચંદના પ્રયાસથી થયેલ છે નવા મકાનમા યાત્રા કરી આવેલ ભાઈ–બહેનોની વિશ્રાંતિ માટે બે હોલ રાખવામા આવ્યા છે. ધાર્મિક ક્રિયા કરવા માટે જુદા હોલમા સગવડ છે આસો–ચૈત્ર માસની ઓળીમા મોટા પ્રમાણમા આયંબિલ કરનારાઓ માટે પણ આવી સગવડતા છે આયંબિલમાં ૨૦ થી ૨૫ ચીજો કરવામા આવે છે

ગૌરક્ષા.

આ સંસ્થા સં. ૧૯૫૫ મા શરૂ કરવામાં આવી છે. છેલ્લા '૪૭' વર્ષથી શત્રુંજયની પવિત્ર ભૂમિમાં લુલાં–લંગડા, અપંગ, અશક્ત અને વસુકી ગયેલાં, રખડતાં, ગામ–પર–

ગામનાં ગાયો, વાછરડાં વગેરે જાનવરોનું પાલન–પોષણ કરે છે.

આ ગૌરક્ષાના મૂંગા પ્રાણીઓના ચગણ માટે નામદાર મહારાજા સાહેબ બહાદુરસિંહજી સાહેબ તરફથી શત્રુંજય ડુંગરની બે બાગ ઢાળાને માટે ઘાસ ચરાણના માટે આપવા ઉદારતા દર્શાવેલ છે. હમણાં દુગ્ધાલય પણ શરૂ કરવામાં આવ્યું છે.

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ

ધર્મનિષ્ઠ શેઠ શ્રી વેણીચંદ સુરચંદ સંસ્થાપિત શ્રી જૈન શ્રેયસ્કર મંડળ મહેસાણાની શાખા પાલીતાણામાં પારમાર્થિક દૃષ્ટિએ સુંદર કાર્ય કરે છે.

શ્રી લબ્ધિસૂરિ જૈન સેવા સમાજ

સં. ૧૯૮૩ ના અષાડ વદ ૩ ના રોજ આચાર્યશ્રી વિજયલબ્ધિસૂરિની પ્રેરણાથી શરૂ કરવામા આવ્યો છે. આ સેવા સમાજમાં ઠીક સહ્યો છે. બધા યુવક ભાઇઓ સમાજના ઉદ્દેશ અનુસાર પ્રસંગે પ્રસંગે ઉત્સાહપૂર્વક સેવા કરે છે.

શ્રી સિદ્ધક્ષેત્ર મોટી ટોળી

આ સંસ્થાની સ્થાપના સં ૧૯૨૭ માં મુનિ મહારાજશ્રી મૂળચંદજી મહારાજના પ્રયાસથી મુનિશ્રી દર્શનવિજયજીએ કરી હતી. ૭૫ વર્ષથી ચાલતી આ જૂની સંસ્થા છે. પૂજા ભણાવવાની કળા તેમની પ્રસિદ્ધ છે. પાઠશાળા તથા

જ્ઞાનભંડાર છે. આ માટેનું સ્થળ મોતીકડીયાની ધર્મશાળા છે.

શ્રી સિદ્ધક્ષેત્ર નાની ટોળી—આચાર્ય શ્રી વિજય-નીતિસૂરીશ્વરની પ્રેરણાથી એ ચાલે છે. તેમાં ઉપાશ્રય તથા પાઠશાળા છે. શાસનશોભાના કામ કરવામાં સઘ્રયો આનંદ માને છે.

પુસ્તક ભંડાર અને લાઈબ્રેરીઓ

જૈન સાહિત્ય મંદિર—તળાટી જતાં હેરીસ હાઈ-સ્કુલની સામે શ્રી જૈન સાહિત્ય મંદિરનું ભવ્ય મકાન તથા તેનું મનોહર દર્શન પ્રત્યેક યાત્રાળુને આકર્ષે છે

આચાર્યશ્રી વિજયમોહનસૂરીશ્વરજીના ઉપદેશથી તથા તેઓશ્રીના વિદ્વાન શિષ્યોના અવિરત પરિશ્રમથી સાહિત્ય મંદિર અદ્વિતીય બન્યું છે.

હસ્તલિખિત તથા મુદ્રિત સંસ્કૃત પ્રાકૃતના ગ્રંથો બહુ જ સંભાળપૂર્વક રાખવામાં આવ્યાં છે. ઉપરાંત તમામ પુસ્તકોનો સંગ્રહ પદ્ધતિસર કરવામાં આવ્યો છે. અપ્રાપ્ય પુસ્તકો અને બહુમૂલ્ય પુસ્તકોનો પણ સંગ્રહ છે. આ સાહિત્ય મંદિરનો લાભ વિદ્વાનો અને લેખકો લ્યે તો સાહિત્ય મંદિરના પ્રેરક અને સંસ્થાપકનો ઉદ્દેશ સફળ થયો ગણાય

શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાક્ષમણ જૈન લાઈબ્રેરી

શ્રી જમકુંવરની ધર્મશાળામાં શેઠ આણંદજી કલ્યા-

બુજીની દેખરેખ નીચે એક જ્ઞાનમંદિર ચાલે છે. સંસ્કૃત-પ્રાકૃત-ગુજરાતી પુસ્તકોનો સારો સંગ્રહ છે.

શ્રી વીરબાઇ જૈન લાઇબ્રેરી—શેઠ કેશવજી નાયકના ધર્મપત્ની શ્રી વીરબાઈના સ્મરણાર્થે આ સંસ્થા શરૂ કરવામાં આવી છે આ પુસ્તકાલય સં. ૧૯૫૫ માં સ્થાપવામાં આવેલ છે અહીં બહુ જ ઉપયોગી અને કીંમતી પુસ્તકોનો સારો એવો સંગ્રહ છે. પાઠશાળા તથા જિનાલય છે.

શેઠ તલકચંદ માણેકચંદ લાઇબ્રેરી—શત્રુંજય દરવાજા બહાર એક લાઇબ્રેરી છે વાંચનાલયનો લાભ યાત્રાળુઓ સારી રીતે લ્યે છે.

મહિલા પુસ્તકાલય-ભાઇઓ તથા બધાં બહેનો પણ લાભ લઇ શકે તે દૃષ્ટિએ એક મહિલા પુસ્તકાલય શરૂ થયું છે.

આ ઉપરાંત બાબુની ધર્મશાળામાં પન્નાલાલ લાઈબ્રેરી, ઉજમબાઈની મેડીમાં શ્રી મોહનલાલજી લાઇબ્રેરી, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં 'અંબાલાલ જ્ઞાનભંડાર' તથા તળેટી ઉપરના મંદિરમાં બાબુ ધનપતસિંહ જ્ઞાનભંડાર, અને મોટી ટોળી પાસે એક જ્ઞાનભંડાર છે

પાઠશાળાઓ

શ્રી હેમચંદ્રાચાર્ય પાઠશાળા—શેઠ આ. ક. ની

પેઢી તરફથી.

શ્રી સૂક્ષ્મતત્ત્વબોધપ્રકરણાદિ પાઠશાળા—જૈન શ્રેયસ્કર મંડળ તરફથી.

શ્રી હરિભાઇ સંસ્કૃત પ્રાકૃત પાઠશાળા—શેઠ હરગોવિંદદાસ રામજીભાઇ તરફથી.

શ્રી વીરબાઇ પાઠશાળા—ટ્રસ્ટીઓ તરફથી.

શ્રી નીતિસૂરીશ્વરજી જૈન પાઠશાળા—જીવન-નિવાસના સંચાલકો તરફથી.

શ્રી બાબુ બુદ્ધિસિંહજી જૈન પાઠશાળા—મોટી ટોળી તરફથી.

શ્રી નીતિસૂરીશ્વરજી જૈન પાઠશાળા—નાની ટોળી તરફથી.

ધર્મશાળાઓ

૧ દિગમ્બર ધર્મશાળા	૧૯ ચંપા નિવાસ
૨ સાતઓરડાની ધર્મશાળા	૨૦ કંકુબાઇની ધર્મશાળા
૩ મગાલીઆની ધર્મશાળા	૨૧ પુરબાઇની ધર્મશાળા
૪ વોરા અમરચંદ જસરાજ ભાવનગરવાળાની	૨૨ ખુશાલ ભુવન

૫ શેઠ હેમાભાઈની હવેલી	૨૩ મહાજનનો વંડો
૬ ,, , ધર્મશાળા	૨૪ શાંતિ ભુવન
૭ શેઠ મોતીશાની ધર્મશાળા	૨૫ શેઠ નરશી નાથા
૮ હઠીસીંગ કેશરીસંગની	૨૬ શેઠ દેવશી પુનશી
૯ લલ્લુભાઈની ધર્મશાળા	૨૭ શેઠ મગન મોદી
૧૦ સૂરજમલની ધર્મશાળા	૨૮ બ્રહ્મચર્યાશ્રમ ધર્મશાળા
૧૧ ગણુશી દેવરાજની ધર્મશાળા	૨૯ જીવન નિવાસ
૧૨ નગીનદાસ કપૂરચંદ સુરત	૩૦ જસકુંવરની ધર્મશાળા
૧૩ શેઠ નરશી કેશવજી	૩૧ કોટાવાળાની ધર્મશાળા
૧૪ ઘોઘાવાળાની ધર્મશાળા	૩૨ પનાલાલ બાબુની ,,
૧૫ જામનગરવાળાની ધર્મશાળા	૩૩ માધવલાલ બાબુની,,
૧૬ મોતીસુખીયાની ધર્મશાળા	૩૪ પાટણવાળા રતનચંદની
૧૭ ચાંદ ભુવન	૩૫ નહાર-બીલ્ડીંગ
૧૮ કલ્યાણ ભુવન	૩૬ ભાવસારની ધર્મશાળા
	૩૭ આરસી ભુવન
	૩૮ આત્માનંદ ભુવન (પંજાબી)

યાત્રાના મુખ્ય દિવસો

કાર્તિક શુદિ ૧૫—શ્રી ઋષભદેવજીના પાત્ર દ્રાવિડ, વારિખિલ્ય, અઈમુત્તા અને નારદજી દશ ક્રોડ મુનિ સાથે

કાર્તિક શુદિ પુનમના દિવસે સિદ્ધિપદને પામ્યા છે. આ ચારે મહા તપસ્વીઓની મૂર્તિઓ શત્રુંજય ઉપર જતાં હીરબાઈના કુંડ પાસે એક દહેરીમાં છે. કાર્તિક પુનમના ઉત્સવનો મહિમા આ દહેરીને આભારી છે.

ફાગણ શુદિ ૧૩—શ્રી કૃષ્ણ વાસુદેવના પુત્ર સામ્બ ને પ્રદ્યુમ્ન સાડી આઠ ક્રોડ મુનિ સાથે આ તીર્થના ભાડવા ડુંગરવાળા વિભાગ ઉપર સિદ્ધિપદને પામ્યા તેથી ફાગણ શુદિ તેરશે છ ગાઉની પ્રદક્ષિણાએ જવાનો દિવસ છે પણ એ છ ગાઉની પ્રદક્ષિણાએ જવું એ પણ એક તપશ્ચર્યા છે. રસ્તો જરા વિકટ છે. સશક્ત માણસોની પણ કસોટી થઈ જાય છે. પાણીની મુશ્કેલી રહે છે.

ચૈત્ર શુદિ ૧૫—શ્રી પુંડરીક ગણધર પાંચ ક્રોડ મુનિ સાથે સિદ્ધિપદને પામ્યા છે.

વૈશાખ શુદિ ૩—શ્રી ઋષભદેવ ભગવંતે આ અક્ષય તૃતીયાને દિવસે વર્ષીતપનું પારણું શ્રેયાંસકુમારના હાથે ઇક્ષુરસાત્રે કરેલું હોવાથી વર્શીતપના પારણાનો દિવસ.

અષાઢ શુદિ ૧૪—પર્વત પરની ભૂમિનો માર્ગ વર્ષાઋતુને લીધે જીવાકુળ થઈ જાય તેથી ચાર માસ પર્યંત યાત્રાનો લાભ. ન લઈ શકાય તે હેતુએ લાંબા વખત સુધી દર્શનનો વિરહ થવાથી યાત્રાનો છેલ્લો દિવસ નક્કી થયેલો છે.

આ ઉપરાંત પોશ વદિ ૧૩ શ્રી ઋષભદેવના નિર્વાણનો દિવસ, ફાલ્ગુન શુદિ ૮ શ્રી ઋષભદેવજી સિદ્ધાચળજી પર સમવસર્યા, ફાલ્ગુન શુદિ ૧૦ નમિવિનમિ બે ક્રોડ મુનિ સાથે સિદ્ધિપદને પામ્યા તથા ફાલ્ગુન શુદિ ૧૫ પુંડરીક ગણધર તથા પાચ ક્રોડ મુનિઓનો અણસણનો દિવસ તથા ફાલ્ગુન વદિ ૮ ઋષભદેવજીના જન્મકલ્યાણક તથા દીક્ષા-કલ્યાણકની તિથિ અને વૈશાખ વદિ ૬ ઋષભદેવના બિંબની પ્રતિષ્ઠાનો દિન અને આસો શુદિ ૧૫ પાંચ પાંડવો વીશ ક્રોડ મુનિ સાથે સિદ્ધિપદને પામ્યા, તેથી આ દિવસો પણ યાત્રાના મોટા દિવસો ગણી શકાય.

ધાર્મિક કાર્યોના લાગા-નકરો.

શત્રુંજયની યાત્રા કરવા આવનાર યાત્રાળુઓને વિધવિધ ધર્મકાર્યોમાં નીચે પ્રમાણે લાગા આપવાના હોય છે. તેની વ્યવસ્થા શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી કરે છે.

નવકારસી જમણ	રૂ. ૩૫-૦-૦
સ્વામીવત્સલ કે મોટો સંઘ	રૂ ૨૧-૪-૦
નવાણું ટોળીનું જમણ	રૂ ૧૧-૪-૦
ચોમાસી ટોળીનું જમણ	રૂ ૫-૪-૦
સામૈયું-ઇંદ્રધ્વજ	રૂ. ૫-૪-૦
ઢોલવાળા ઘોડા દરેક દીઠ	રૂ ૨-૦-૦
દરેક સાદા ઘોડા દીઠ	રૂ. ૧-૦-૦

લાકડાના હાથીનો	રૂ. ૧-૪-૦
કારખાનાના મીસ્ત્રીઓને	રૂ ૧ ૧૨ ૦

ઉપરાંત ઢોલ, નગારા શરણાઇનુ ઠરાવ્યા પ્રમાણે

તીર્થમાળ	રૂ ૫૧-૦-૦
રથયાત્રા-ગિરિરાજ ઉપર	રૂ. ૨૫-૪-૦

ઉપરાંત ઘીના રૂપીઆની બોલી બોલાય છે.

સમવસરણ પૂજા ૭-૦-૦

ગામના દહેરે પૂજા ભણાવવાના ૫-૦-૦

નદિસમવસરણ—વિધવિધ વ્રત ઉચ્ચારતા નાદ માંડવામાં આવે છે. તેમા રૂપાની નાદના રૂા ૧૧-૪-૦ લાકડાની કમળી જરી પડદાવાળી નાદના રૂા ૫-૪-૦ આગી મટે જેવા પ્રકારની આગી કરાવવી હોય તે પ્રમાણે પેઢીમા લખાવવાથી નકશે નક્કી કરવામા આવે છે.

પ્રતિમા સ્થાપન માટે નક્કી કર્યા પ્રમાણે લેવાય છે.

વાસણ ગોદડા માટે હમેશના ગાદલા દીઠ ૦-૦-૬ ગોદડા દીઠ ૦-૦-૩ ખ ધી મુદતના ગાદલા દીઠ ૦-૧૦-૦ ગોદડા દીઠ ૦-૫-૦ છુટક નાના વાસણો દિવસ ૧૫ ના ૦-૦-૩ મોટા વાસણોનો ,૦-૧-૦

ટેલીયો—કોઈપણ પ્રકારના જમણવારો, વ્યાખ્યાન, આંગી આદિનો સાદ પડાવવા માટે ટેલીઆને ૦-૪-૦ આપવાનો રિવાજ છે.

પાલીતાણા સુધીનું રેલભાડું

	વઢવાણ રસ્તે		ધંધુકા રસ્તે	
	મેઇલ	લોકલ	મેઇલ	લોકલ
દિલ્હી	૧૪-૧-૯	૧૨-૨-૯	૧૩-૧૩-૦	૧૧-૧૪-૦
મ્હેસાણા	૪-૩-૯	૩-૧૩ ૯	૪-૧૧-૦	૪-૦-૦
ઓમ્બેસેન્ટ્રલ	૧૦-૮-૦	૮-૧૩ ૦	૧૦-૨-૦	૮-૭-૦
અમદાવાદ	૪-૫-૦	૩-૧૨-૦	૩-૧૩-૦	૩-૫-૦
જામનગર	૫-૩-૦	૪-૯-૦		
વેરાવળ	૬-૭-૦	૫-૧૪-૦		
વીરમગામ	૩-૬-૦	૩-૦-૦		
મહુવા	૨-૨-૬	૨-૨-૬		
સાવરકુંડલા	૧-૧૫ ૦	૧-૧૫-૦		
હાવરા-કલકત્તા	૨૪-૧૦-૦	૨૨-૧૧-૬	૨૪-૫-૯	૨૨-૬-૯
મદ્રાસ	૨૫-૧૪-૦	૨૨-૭-૦	૨૫-૮-૦	૨૨-૧-૦

તા ૧-૩-૪૭ થી રૂપીએ એક આનો વધારે

પગલે પગલે પવિત્ર ભાવના

કાંકરે કાંકરે અનંતા સિધ્યા, આ સિદ્ધભૂમિને વંદન
સિદ્ધ થવા નમું સિદ્ધ અનંતા, શુદ્ધ થવા નમું સિદ્ધ અનંતા.
જગદીશ્વર ! દેવાધિદેવ ! જીવન જીવતાં શીખવો.
જગતગુરૂ ! રાગદ્વેષની જંજાળથી બચાવો.
જગઆલંબન ! વિભુ ! પરાવલંબનથી છોડાવો.

જગદાનંદ! પ્રભુ! આત્માનંદનો પ્રાપ્તિ કરાવો.
જીવિતેશ્વર! સમ્યગ્ જીવનની દૃષ્ટિ આપો.
જગન્નાથ! ભવભ્રમણથી ઉગારો, ઉગારો
જગજીવન! જીતેન્દ્રિય બનવા બળ આપો.
જગત આધાર! ભવો ભવ તમારૂ શરણુ હોજો
જગત્ દીપક! અમારા જીવનમા પ્રકાશ પૂરો.
જગત્‌વત્સલ! પ્રેમભક્તિના પાન કરાવો.
તારકદેવ! સંસારસાગરથી તારો, તારો.
ગુણસાગર! ગુણ દૃષ્ટિ ઉઘાડો, ઉઘાડો.
સર્વજ્ઞ દેવ! જ્ઞાનદૃષ્ટિ આપો, આપો.
વીતરાગ પ્રભુ! રાગ-દ્વેષનો નાશ કરો
કૃપાસાગર! મનશુદ્ધિની કૃપા કરો.
ભગવત! આપના દર્શન ભવોભવ આપો
દેવાધિદેવ! મુક્તિનુ દ્વાર બતાવો, બતાવો

હે તીર્થાધિરાજ! પગલે પગલે અમારી ભાવનાઓ ઉચ્ચ ને ઉચ્ચ બનો અમારૂ મન નિર્મળ બનો, અમારો આત્મા પવિત્ર-શુદ્ધ બનો. અમારા જીવનમા પ્રાણ પ્રગટાવો, સિદ્ધ સ્વભાવની સાધના કરવા સામર્થ્ય આપો

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ